રાજયોગ.

ओं तत् सत

૫૦ વર્ષ જુના કાળનો અનુભવ રાજયોગ

સ્વામી વિવેકાનંદ કૃત વ્યાખ્યાનમાળા.

રાજયોગ.

(અમેરિકાના ન્યુયાર્ક શહેરમાં સન ૧૮૯૫-૯૬ ના શિયાળામાં સ્વામી વિવેકાનંદે આપેલાં વ્યાખ્યાનો.)

ભાષાન્તર કરનાર.

ભગુભાઈ ફતેહચંદ કારભારી.

અધિપતિ- પ્રજાબંધુ.

છપાવી પ્રગટ કરનાર.
બુકસેલર માહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.
પુસ્તકાલય અમદાવાદ.
સસ્તી આવૃત્તિ

અમદાવાદ.
"ડાયમંડ જ્યુબિલી પ્રેસ"માં મુદ્રિત.
સન ૧૮૯૯ સંવત. ૧૯૫૫.
કીંમત દશ આના.

[illegible]E GOAL IS TO MANIFEST THIS DIVINITY WITHIN,
[illegible] CONTROL[illegible] [illegible]RE, EXTERNAL AND INTERNAL.
DO [illegible] BY WORK, OR WORSHIP, OR
[illegible] PHILOSOPHY, BY ONE, OR MORE
OF THESE—AND BE FREE.

THIS IS THE WHOLE OF RELIGION. DOCTRINES, OR DOGMAS, OR RITUALS, OR BOOKS, OR TEMPLES, OR FORMS, ARE BUT SECONDARY [illegible]

બે બોલ.

[illegible] દેશમાં [illegible] [illegible]
[illegible] માં રાજયોગ [illegible]
[illegible] ૧૮૯૬
[illegible] [illegible]
[illegible] આ [illegible]
[illegible] તે [illegible]

[illegible]
[illegible]
દાખલ કર્યું નથી; પણ [illegible]

[illegible]

અને [illegible]

'પ્રકાશક' ઑફીસ. } લી. ભાષાન્તર કરનાર.

છે. પંખીને ઊડવા માટે ત્રણ વસ્તુઓ આવશ્યક છે: બે પાંખ અને સુકાન તરીકે પૂંછડી; જ્ઞાન એક પાંખ છે, ભક્તિ બીજી પાંખ છે, અને યોગ એ સમતુલા જાળવનારી પૂંછડી અગર સુકાન છે. જેઓ આ ત્રણે પ્રકારની ઉપાસના એકીસાથે સુસંગત રીતે કરી શકતા નથી, અને એટલા માટે જેઓ પોતાના માર્ગ તરીકે માત્ર એટલી ભક્તિનો જ સ્વીકાર કરે છે, તેમણે હમેશાં એટલું સ્મરણમાં રાખવું આવશ્યક છે કે બાહ્ય અનુષ્ઠાન અને કર્મકાંડ, જોકે પ્રગતિ કરનાર આત્મા માટે સંપૂર્ણપણે આવશ્યક છે, પણ ઈશ્વર પ્રત્યે ગાઢ પ્રેમ અનુભવવાની અવસ્થા સુધી પહોંચાડવા સિવાય તે બંનેનું બીજું કોઈ મૂલ્ય નથી.

જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગના આચાર્યો ભક્તિના પ્રભાવને સ્વીકારે છે, જોકે તેમની વચ્ચે થોડાએક મતભેદો છે. જ્ઞાની ભક્તિને મોક્ષના એક સાધન તરીકે ગણે છે, જ્યારે ભક્તિની દૃષ્ટિમાં તે સાધન છે અને સાધ્ય પણ છે. મારે મન આ ભેદ કેવળ નામ પૂરતો જ છે. વાસ્તવમાં ભક્તિ જ્યારે સાધન તરીકે વપરાય છે, ત્યારે તેનો ખરો અર્થ ગૌણ પ્રકારની ઉપાસના એવો થાય છે. પણ પછીની વધુ ઉચ્ચ ભૂમિકામાં આ ગૌણ અને ઉચ્ચ પ્રકારો — સાધન અને સાધ્ય — એક બની જાય છે. દરેક સાધક પોતાની ઉપાસના પદ્ધતિ ઉપર ખૂબ ભાર મૂકતો દેખાય છે; પણ તે ભૂલી જાય છે કે સાધક ન માગે તોપણ, પરા-ભક્તિ સાથે પૂર્ણ જ્ઞાન આવવું જ જોઈએ; એટલે કે પૂર્ણ જ્ઞાન અને પરા ભક્તિ અભિન્ન છે.

આ હકીકત ખ્યાલમાં રાખીને વેદાંતના મહાન ભાષ્યકારોને આ વિષય ઉપર શું કહેવું છે તે સમજવાનો આપણે પ્રયત્ન કરીએ. आवृत्तिरसकृदुपदेशात् । — [પુનરાવૃત્તિ આવશ્યક છે, કારણ કે તેનો વારંવાર ઉપદેશ કરવામાં આવ્યો છે તેથી] — વાળા સૂત્રની વ્યાખ્યા કરતાં ભગવાન શંકરાચાર્ય કહે છે કે "લોકો કહે છે કે 'તે રાજા પ્રત્યે ભક્તિ ધરાવે છે, તે ગુરુ પ્રત્યે ભક્તિ ધરાવે છે.' જે પોતાના ગુરુને અનુસરે છે તેના વિશે તેઓ એમ કહે છે, અને તેની નજરમાં તે અનુસરણ જ એકમાત્ર ધ્યેય રહે છે. તે જ પ્રમાણે તેઓ કહે છે કે 'પ્રેમાળ પત્ની પોતાના પ્રેમાળ પતિનું ધ્યાન ધરે છે.' અહીં પણ એક પ્રકારનું ઉત્સુક અને અવિચ્છિન્ન સ્મરણ સમજાય છે.'' આચાર્ય શંકરના મત પ્રમાણે આ ભક્તિ છે.

"જેવી રીતે એક પાત્રમાંથી બીજા પાત્રમાં તેલની અવિચ્છિન્ન ધારા થાય છે, તે જ પ્રમાણે (ધ્યેયતત્ત્વના) નિરંતર સ્મરણને ધ્યાન કહેવાય છે. જ્યારે આ

પ્રકારનું સ્મરણ (ઈશ્વર વિશે) પ્રાપ્ત થાય છે, ત્યારે બધાં બંધનો તૂટી જાય છે. નિરંતર સ્મરણ તે મુક્તિનું એક સાધન છે તેમ શાસ્ત્રોમાં કહ્યું છે. વળી આ સ્મરણ દર્શનની સમાન જ છે, કારણ કે નીચેનાં વાક્યોનો અર્થ પણ તેવો જ છે. 'જ્યારે દૂર અને સમીપ રહેલા આત્મતત્ત્વનું દર્શન થાય છે ત્યારે હૃદયની ગાંઠો છૂટી જાય છે, બધાં સંશયો ટળી જાય છે અને બધાં કર્મોનો ક્ષય થાય છે.' भिद्यते हृदयग्रंथिश्छिद्यन्ते सर्वसंशयाः। क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे। જે નજીક હોય છે તેનું દર્શન કરી શકાય છે પરંતુ જે દૂર છે તેનું માત્ર સ્મરણ જ કરી શકાય છે. તેમ છતાં શાસ્ત્ર ઉપદેશે છે કે તે પરમ તત્ત્વ, કે જે નજીક છે તેમ જ દૂર પણ છે, તેનું દર્શન આપણે કરવાનું છે. તેથી આપણને સમજાય છે કે ઉપરોક્ત પ્રકારનું સ્મરણ એ દર્શન સમાન છે. આ સ્મરણ જ્યારે ઉચ્ચ ભૂમિકામાં જાય છે ત્યારે તે દર્શન જેવું બને છે. . . . શાસ્ત્રોનાં સારભૂત વાક્યોમાંથી જણાય છે તેમ ઉપાસના એટલે નિરંતર સ્મરણ. જ્ઞાન કે જે પુનરાવૃત્ત ઉપાસના સમાન છે, તેને નિરંતર સ્મરણ તરીકે વર્ણવવામાં આવ્યું છે. . . આમ સ્મૃતિ કે જે દર્શનની સમાન કક્ષાએ પહોંચેલી છે, તેને શ્રુતિમાં મોક્ષના સાધન તરીકે વર્ણવવામાં આવેલ છે. 'આ આત્મા વિવિધ વિદ્યાઓ દ્વારા પ્રાપ્ત થતો નથી, ન તો બુદ્ધિ દ્વારા, ન તો વેદોના કેવળ બહુ અભ્યાસ દ્વારા. આ આત્મા જે કોઈ વ્યક્તિનું વરણ કરે છે, તે જ આત્માની પ્રાપ્તિ કરી શકે છે, તેની જ સન્મુખ આત્મા પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે.' અહીં માત્ર શ્રવણ, મનન અને નિદિધ્યાસન આત્મપ્રાપ્તિનાં સાધન નથી એમ નિર્દેશ કર્યા પછી એમ કહ્યું છે કે 'આ આત્મા જેનું વરણ કરે છે, તેને જ આત્મપ્રાપ્તિ થાય છે.' જે અત્યંત પ્રિય હોય તેનું જ વરણ કરવામાં આવે છે; અને જેમને આ આત્મા પ્રત્યે અસીમ પ્રેમ છે, તે આત્માનો અત્યંત પ્રેમપાત્ર બને છે. આત્મપ્રાપ્તિ કરી શકે તે માટે આ પ્રેમપાત્રને સ્વયં ભગવાન સહાય કરે છે. કારણ કે ભગવાને કહ્યું છે કે જે મારામાં નિરંતર યુક્ત છે અને પ્રેમપૂર્વક મને ઉપાસે છે, તેની બુદ્ધિને હું એવી રીતે પ્રેરું છું કે જે વડે તેઓ મારી સમીપ આવે છે. એટલા માટે એમ કહ્યું છે કે, જે કોઈને આ સ્મરણ કે જે પ્રત્યક્ષ દર્શન સમાન છે, તે અત્યંત પ્રિય છે, તેનું પરમાત્મા વરણ કરે છે, તેને પરમાત્માની પ્રાપ્તિ થાય છે, કારણ કે દર્શનના વિષય સ્વરૂપ પરમાત્માને આવું સ્મરણ અત્યંત પ્રિય છે. આ નિરંતર સ્મરણને ભક્તિ કહે છે." આમ ભગવાન રામાનુજ જ

'अथातो ब्रह्मजिज्ञासा।' હવે બ્રહ્મ વિશે ચર્ચા (શરૂ થાયછે). એમ સૂત્ર ઉપરના ભાષ્યમાં કહે છે.

પતંજલિના 'ईश्वरप्रणिधानाद्वा' સૂત્રની વ્યાખ્યામાં ભોજ કહે છે, "પ્રણિધાન, પરમાત્માની ઉપાસના, તે એવી ભક્તિ છે, કે જેમાં ઇન્દ્રિયભોગાદિ ફલાકાંક્ષાઓનો ત્યાગ કરીને બધાં કર્મો તે પરમ ગુરુ પરમાત્માને સમર્પિત કરી દેવામાં આવે છે." ભગવાન વ્યાસ પણ તેની ઉપર ભાષ્ય કરતાં, પ્રણિધાનની વ્યાખ્યા કરતાં કહે છે: "પ્રણિધાન ભક્તિનો તે પ્રકાર છે કે જેની દ્વારા પરમેશ્વર તે યોગી ઉપર કૃપાદૃષ્ટિ કરે છે, તથા તેની ઇચ્છાઓની પૂર્તિ થાય તેવું વરદાન આપે છે." શાંડિલ્યના મત અનુસાર "ઈશ્વરમાં પરમ અનુરક્તિ તે ભક્તિ છે." પરંતુ ભકિતની સર્વશ્રેષ્ઠ વ્યાખ્યા તો ભક્તરાજ પ્રહ્‌લાદે કરી છે:

या प्रीतिरविवेकाना विषयेष्वनपायिनी।
त्वामनुस्मरतः सा मे हृदयान्माऽपसर्पतु ॥

"અવિવેકી પુરુષોને વિષયોમાં જેવી ગાઢ આસક્તિ હોય છે, તમારા સ્મરણમાં લાગેલી તેવી ગાઢ આસક્તિ, મારા હૃદયમાંથી ન નીકળો." આ પ્રીતિ, આ પ્રેમ! કોને માટે તે પરમ પિતા પરમેશ્વરને માટે. તે સિવાયનો બીજી કોઈ પણ વ્યક્તિ માટેનો પ્રેમ, તે વ્યક્તિ ગમે તેટલી મહાન હોય તોપણ, ભક્તિ કહી શકાય નહીં. આના સમર્થનમાં એક પ્રાચીન આચાર્યનું કથન ટાંકતાં શ્રીરામાનુજ પોતાના શ્રીભાષ્યમાં કહે છે:

आब्रह्मस्तम्बपर्यन्ता: जगदन्तर्व्यवस्थिता:।
प्राणिन: कर्मजनितसंसारवशवर्तिन: ॥
यतस्ततो न ते ध्याने ध्यानिनामुपकारका:।
अविद्यान्तर्गतास्सर्वे ते हि संसारगोचरा: ॥

"બ્રહ્માથી માંડીને તૃણ પર્યંત, સંસારમાં વસતાં તમામ પ્રાણીઓ કર્મજનિત જન્મ અને મૃત્યુને અધીન છે; એટલા માટે તેઓ સાધકને ધ્યાનના વિષયો તરીકે સહાયક થઈ શકે નહીં, કારણ કે તે બધાં અવિદ્યાયુક્ત અને જન્મમૃત્યુને અધીન છે." શાંડિલ્યે વાપરેલ અનુરક્તિ શબ્દ ઉપર ભાષ્ય કરતાં ભાષ્યકાર સ્વપ્નેશ્વર કહે છે કે, અનુ એટલે પશ્ચાત્ અને રક્તિ એટલે આસક્તિ; અર્થાત્ ઈશ્વરના

સ્વરૂપ અને મહિમાનું જ્ઞાન થયા પછી ઈશ્વરમાં જે આસક્તિ થાય છે. તે અનુરક્તિ છે; નહિતર તો કોઈ પણ પ્રત્યેની અંધ આસક્તિ,—દા.ત. સ્ત્રી અથવા પુત્રાદિ પ્રત્યેની—પણ ભક્તિ બની જાય. આ રીતે આપણે સ્પષ્ટ જોઈએ છીએ કે આધ્યાત્મિક અનુભૂતિ માટેના સાધારણ પૂજાપાઠથી આરંભ કરીને ઈશ્વર પ્રત્યેના ગાઢ પ્રેમમાં પરિણત થતી સતત માનસિક ચેષ્ટાઓને ભક્તિ કહે છે.

ઈશ્વરનું સ્વરૂપ

ઈશ્વર શું છે? जन्माद्यस्य यतः। "જેનાથી વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે."—તે ઈશ્વર છે—"આનંદ, શુદ્ધ, નિત્યમુક્ત, સર્વશક્તિમાન, સર્વજ્ઞ, દયામય, પરમ ગુરુ છે." અને બધાં ઉપરાંત स ईश्वरः अनिर्वचनीयप्रेम-स्वरूपः। "તે ઈશ્વર સ્વરૂપતઃ અનિર્વચનીય પ્રેમસ્વરૂપ છે." આ વ્યાખ્યાઓ અવશ્ય સગુણ ઈશ્વરની છે. તો પ્રશ્ન એ ઊઠે છે કે "તો પછી શું બે ઈશ્વર છે? એક તો જ્ઞાનીના "નેતિ નેતિ" સત ચિત્ત આનંદ, અને બીજા ભક્તિના પ્રેમસ્વરૂપ ભગવાન? ના, સત્ ચિત્ આનંદ તે જ પ્રેમમય ભગવાન છે, અને તે જ બંને, સગુણ તથા નિર્ગુણ છે. એ હમેશાં ખ્યાલમાં રાખવાનું છે કે ભક્તના ઉપાસ્ય સગુણ ઈશ્વર નિર્ગુણ બ્રહ્મથી ભિન્ન અથવા પૃથક નથી. સર્વ કંઈ તે જ एकमेवाद्वितीयम् (એક જ, બીજું કોઈ નહીં) બ્રહ્મ છે; માત્ર બ્રહ્મનું અદ્વૈત વા નિર્ગુણ સ્વરૂપ અત્યંત સૂક્ષ્મ હોવાને કારણે એ પ્રેમનું, પાત્ર—ઉપાસનાનું આધાર બની શકતું નથી; એટલા માટે ભક્ત બ્રહ્મના સગુણ ભાવને એટલે કે પરમનિયંતા ઈશ્વરને પસંદ કરે છે. એક ઉપમા લઈએ; બ્રહ્મ મૃત્તિકા (માટી) અથવા ઉપાદાન સદૃશ છે, કે જેમાંથી અનંત પ્રકારની વસ્તુઓ ઘડાય છે. મૃત્તિકા તરીકે તે બધી એક છે, પરંતુ તેમના આકારો તેમને ભિન્નત્વ આપે છે. તેમાંની પ્રત્યેક ચીજ બનાવવામાં આવી તે પહેલાં તે બધી અવ્યક્તરૂપે મૃત્તિકામાં હતી. અને અલબત્ત, તેઓ ઉપાદાન રૂપે બધી એક છે, પરંતુ જ્યારે તે (ભિન્ન ભિન્ન) આકાર ધરે છે, અને જ્યાં સુધી તે આકાર ચાલુ રહે છે, ત્યાં સુધી તેઓ ભિન્ન ભિન્ન છે; માટીનો ઉંદર કદી માટીનો હાથી બની શકે નહીં, કારણ કે ઘડાયા પછીની તેની આકૃતિ, તે છે જે તે જ બનાવે છે, જોકે આ આકૃતિહીન મૃત્તિકારૂપે તો તેઓ બધાં એક છે. ઈશ્વર એ જ આ નિરપેક્ષ સત્તાની સર્વોચ્ચ અભિવ્યક્તિ છે, અથવા બીજા શબ્દોમાં કહીએ તો ઈશ્વર એટલે પરમ તત્ત્વ વિશેની મનુષ્યબુદ્ધિની સર્વશ્રેષ્ઠ કલ્પના. સૃષ્ટિ અનાદિ છે, એ જ પ્રમાણે ઈશ્વર પણ અનાદિ છે.

વેદાંત સૂત્રના ચતુર્થ અધ્યાયના ચતુર્થ પાદમાં મોક્ષની પ્રાપ્તિ પછી મુક્તાત્માને જે અનંત શક્તિ અને જ્ઞાન પ્રાપ્ત થાય છે તેનું વર્ણન કરતાં વ્યાસ

પોતાના એક સૂત્રમાં કહે છે કે કોઈ નિત્ય મુક્ત આત્માને પણ સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય કરવાની શક્તિ પ્રાપ્ત થતી નથી, કેમ કે તે શક્તિ કેવળ પરમાત્માની જ છે. આ સૂત્રની વ્યાખ્યા કરતી વખતે દ્વૈતવાદી ભાષ્યકાર માટે એ દર્શાવવું સહેલું છે કે પરતંત્ર જીવ માટે ઈશ્વરની અનંત શક્તિ અને પૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરવી સંપૂર્ણ અસંભવિત છે. કટ્ટર દ્વૈતવાદી માધ્વાચાર્યે આ શ્લોકની વ્યાખ્યા વરાહપુરાણના એક શ્લોક દ્વારા પોતાની લાક્ષણિક શૈલીમાં કરી છે.

આ સૂત્રની વ્યાખ્યા કરતાં ભાષ્યકાર રામાનુજ કહે છે કે "એવો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે શું મુક્તાત્માની શક્તિઓમાં પરમેશ્વરની અસાધારણ શક્તિ, અર્થાત્ જગતસૃષ્ટિ અને સર્વનિયંતૃત્વ ઇત્યાદિનો પણ સમાવેશ થાય છે કે નહીં? અથવા શું મુક્તાત્મામાં આવી ઈશ્વરી શક્તિ આવતી નથી પણ તેને કેવળ પરમાત્માનું સાક્ષાત્ દર્શન થાય છે? એ પ્રશ્નનો ઉકેલ આપણને નીચે પ્રમાણે મળે છે. કહી શકાય કે મુકતાત્માને જગન્નિયંતૃત્વ પ્રાપ્ત થાય છે તે સંયુક્તિક છે, કારણ કે શાસ્ત્રો કહે છે: 'પરમાત્મા સાથે તેને પરમ એકત્વ મળે છે, અને તેની તમામ ઇચ્છાઓ પરિપૂર્ણ થાય છે.' હવે પરમ એકત્વ અને તમામ ઇચ્છાઓની પરિપૂર્ણતા પરમાત્માની અસાધારણ શક્તિ વિના એટલે કે જગન્નિયંતૃત્વ સિવાય પ્રાપ્ત થઈ શકતી નથી. એટલા માટે પરમાત્મા સાથે પરમ એકતા અને તમામ ઇચ્છાઓની સિદ્ધિ પ્રાપ્ત થાય ત્યારે આપણે સ્વીકારવું જોઈએ કે મુક્તાત્માને જગન્નિયંતાની શક્તિ પણ પ્રાપ્ત થાય છે.

આના જવાબમાં કહેવાનું કે મુક્તાત્માને જગન્નિયંતૃત્વ સિવાયની અન્ય સર્વ શક્તિઓ પ્રાપ્ત થાય છે. જગન્નિયંતૃત્વ એટલે જડ અને ચેતન સમગ્ર જગતની સર્વ આકૃતિ, જીવનશક્તિ અને ઇચ્છાઓનું નિયંતૃત્વ. જે આવરણથી પરમાત્માનું સત્ય સ્વરૂપ ઢંકાઈ જાય છે, તે આવરણ મુક્તાત્માઓ માટે દૂર થતાં, તેમને ફક્ત બ્રહ્મના અવિચ્છિન્ન દર્શનનો આનંદ મળે છે, પરંતુ જગન્નિયંતૃત્વની શક્તિનો અધિકાર મળતો નથી. શાસ્ત્ર વાક્ય છે કે: 'જેનાથી આ ભૂતમાત્રની ઉત્પત્તિ થાય છે, જેનાથી તેઓ અસ્તિત્વ ધરાવે છે, અને જેનામાં બધાં લય પામે છે, તેને જાણવાની તું ઇચ્છા કર. તે જ બ્રહ્મ છે.'—તેથી સિદ્ધ થાય છે કે આ જગન્નિયંતૃત્વ મુક્તાત્મામાં પણ હોય તો આ વાક્ય બ્રહ્મના લક્ષણને લાગુ પડે નહીં, કારણ કે જગન્નિયંતૃત્વ માત્ર બ્રહ્મના અર્થાત ઈશ્વરના જ

લક્ષણ તરીકે વર્ણવેલ છે. કેવળ અસાધારણ લક્ષણો દ્વારા જ કોઈ પણ વસ્તુને ઓળખવામાં આવે છે. એટલા માટે ઉપનિષદોમાં આવાં વાક્યો જેવાં કે 'વત્સ! જગત્સૃષ્ટિ પહેલાં કેવળ એક અદ્વિતીય સત્ માત્ર હતું.' તેણે જોયું અને વિચાર્યું, કે "एकोऽहं बहुस्याम्।" હું એક છું, બહુ થઈશ." તેણે તેજનું સર્જન કર્યું. 'આદિમાં કેવળ એક બ્રહ્મ જ હતું. તે એકની અભિવ્યક્તિ થઈ. તેણે એક સુંદર રૂપ પ્રકટ કર્યું, જે ક્ષત્ર હતું. આ બધા દેવો, વરુણ, સમ, રુદ્ર, પર્જન્ય, યમ, મૃત્યુ, ઈશાન ક્ષત્ર જ છે.'—'પહેલાં કેવળ એક આત્મા જ વિદ્યમાન હતો; બીજી કોઈ વસ્તુ ક્રિયાશીલ ન હતી; તે આત્માએ જગતની સૃષ્ટિ કરવાનું વિચાર્યું; તે પછી તેણે સૃષ્ટિનું સર્જન કર્યું.' —'એક માત્ર નારાયણ જ વિદ્યમાન હતા; ન હતા બ્રહ્મા, ન તો ઈશાન, ન હતાં સ્વર્ગ કે પૃથ્વી, ન તો નક્ષત્ર, ન તો જળ, ન તો અગ્નિ, ન તો સોમ, ન તા સૂર્ય. એકલાં એકલાં તેને આનંદ ન આવ્યો. તેના ધ્યાન (સૃષ્ટિ–કલ્પના) પણ તેને એક કન્યા થઈ, દશ ઈંદ્રિયો વગેરે'—આવાં બીજાં વાકયો પણ છે. 'જે પૃથ્વીમાં હોવા છતાં પૃથ્વીથી અલગ છે, જે આત્મામાં રહેતાં હતાં'—ઇત્યાદિ. આમ શ્રુતિઓ જગન્નિયંત્રણ કાર્યના કર્તા તરીકે પરમાત્માને ઓળખાવે છે. . . . જગન્નિયંતૃત્વની આ વ્યાખ્યાઓમાં મુક્તાત્માઓ માટે કોઈ સ્થાન નથી, કે જેથી તેના ઉપર પણ જગન્નિયંતૃત્વ આરોપી શકાય."

તે પછીના સૂત્રની વ્યાખ્યા કરતાં રામાનુજ કહે છે: "જો તમે એમ કહો કે તેમ નથી, કેમ કે શ્રુતિમાં તેના વિરુદ્ધ પુરાવાઓ આપનારાં સીધાં વાક્યો છે, તો આ શ્રુતિવાક્યો નિમ્ન-કોટિના દેવોના સંબંધમાં મુક્તાત્માઓના ઐશ્વર્યનું વર્ણન કરે છે." આ પણ મુશ્કેલીમાંથી સહેલો ઉકેલ છે. જોકે રામાનુજનો સિદ્ધાંત સમષ્ટિની એકતાનો સ્વીકાર કરે છે તોપણ તેના મત અનુસાર આ સમષ્ટિમાં અનંત ભેદો છે. એટલા માટે વસ્તુત: આ મત દ્વૈતવાદી હોવાથી, રામાનુજને માટે જીવાત્મા અને સગુણ ઈશ્વર વચ્ચે સ્પષ્ટ ભેદ દર્શાવવો સરળ હતો.

હવે આ મુદ્દા ઉપર અદ્વૈતવાદીના મહાન પ્રતિનિધિનું કહેવું શું છે તે સમજવાનો આપણે પ્રયત્ન કરીશું. અદ્વૈત મત કેવી રીતે દ્વૈત મતની બધી આશાઓ તથા આકાંક્ષાઓ યથાવત્ જાળવી રાખવા સાથે, બ્રહ્મસ્વરૂપ માનવ જાતિના ઉચ્ચ ભાવિ સાથે સુસંગત સમાધાન કરે છે તે આપણે જોઈશું. જેઓ

મુક્તિ-લાભ પછી પણ પોતાના વ્યક્તિત્વને જાળવી રાખવા અને (ભગવાનથી) સ્વતંત્ર રહેવા ઇચ્છે છે, તેમને પોતાની આકાંક્ષાઓ ચરિતાર્થ કરવાની અને સગુણ બ્રહ્મનો આનંદ માણવાની પૂરતી તક મળે છે. ભાગવત પુરાણમાં આવા મુક્તાત્માઓ માટે આ પ્રમાણે કહેવામાં આવ્યું છે, કે "હે રાજન! પરમાત્માનો મહિમા એવો છે કે ઋષિમુનિઓ કે જેઓ આત્મારામ અને સર્વ વાસનાઓથી મુક્ત છે, તેઓ પણ સર્વવ્યાપક પરમાત્માની અહેતુકી ભક્તિ કરે છે." આવા પુરુષોને સાંખ્યદર્શનમાં પ્રકૃતિલીન પુરુષ કહેવામાં આવ્યા છે, કે જેઓ આ કલ્પમાં પૂર્ણતા પ્રાપ્ત કર્યા પછી બીજા કલ્પમાં બ્રહ્માંડોના નિયંતા થઈ શકે છે. પરંતુ આમાંનો કોઈ પણ ઈશ્વર તુલ્ય બનતો નથી. જે અવસ્થામાં ન તો સર્જન, ન તો સૃષ્ટ, કે ન તો સ્રષ્ટા છે; જ્યાં નથી જ્ઞાતા, નથી જ્ઞેય, કે નથી જ્ઞાન; જ્યાં ન 'હું' છે, ન 'તું' છે કે ન 'તે' છે; 'જ્યાં ન વિષયી છે, ન વિષય છે, કે ન તો તેમની વચ્ચેનો સંબંધ છે, "ત્યાં, કોણ કોને જુએ?" આવી અવસ્થાએ જે પહોંચ્યા છે, તેઓ પ્રત્યેક વસ્તુથી પર થઈ ગયા છે: 'જ્યાં ન તો શબ્દ, કે મન પહોંચી શકે છે." તેઓ ત્યાં પહોંચ્યા છે, કે જ્યાં શ્રુતિઓ "નેતિ નેતિ" કહીને પોકારે છે.

પરંતુ જેઓ આ અવસ્થાએ પહોંચી શકતા નથી, અથવા પહોંચવા ઇચ્છતા નથી, તેમને માટે જીવ, જગત અને ઉભયના અંતર્યામી પરમેશ્વર, એમ અખંડ બ્રહ્મનું ત્રિપુટિરૂપમાં દર્શન અવશ્યંભાવિ છે. એટલા માટે જ્યારે પ્રહ્લાદને પોતાનું વિસ્મરણ થઈ ગયું ત્યારે તેણે જોયું કે ત્યાં સૃષ્ટિ ન હતી, કે ન હતું તેનું કારણ; પણ નામ-રૂપથી અવિભક્ત કેવળ એક અનંત સત્તા રહેલી હતી. પરંતું જેવું તેને સ્મરણ થયું કે તે પ્રહ્લાદ હતો, તેવી જ તેની સમક્ષ સૃષ્ટિ અને તેની સાથે સૃષ્ટિના પ્રભુ વિદ્યમાન હતા, "અનંત કલ્યાણ – ગુણસંપન્ન પરમેશ્વર" તેની સન્મુખ હતા. બડભાગી ગોપીઓની પણ આ અવસ્થા હતી. જ્યા સુધી તેમને પોતાની જાતનું અને અહંનું જ્ઞાન રહેલું ન હતું, ત્યાં સુધી તેઓ સ્વયં કૃષ્ણ સ્વરૂપ હતી; અને જેવી તેઓ એક ઉપાસ્ય દેવ તરીકે કૃષ્ણનો વિચાર કરવા લાગી તેવી જ તેઓ ફરી વાર ગોપીઓ બની. અને તત્ક્ષણે **तासामाविरभूच्छौरिः स्मयमानमुखाम्बुजः। पीताम्बरधरः स्रग्वी साक्षान्मन्मथ-मन्मथः॥** (ભાગવત) **"એમની સન્મુખ પીતાંબર ધારી, માળાથી વિભૂષિત સાક્ષાત્**

કામદેવના મનને પણ મંથન કરવાવાળા ભગવાન શ્રીકૃષ્ણ પોતાના કમળમુખ ઉપર હાસ્ય સાથે પ્રકટ થઈ ગયા."

આચાર્ય શંકરના ભાષ્ય ઉપર પાછા આવતાં તે પૂછે છે : "પોતાનું મન જુદું રાખીને સગુણ બ્રહ્મની ઉપાસના દ્વારા જેઓ પરમનિયંતા સાથે તાદાત્મ્ય સાધે છે, તેમનું ઐશ્વર્ય સીમિત હોય છે કે અસીમ? આ સંશય ઉપસ્થિત થતાં એક પ્રશ્ન ઊભો થાય છે. તેમનું ઐશ્વર્ય અસીમ હોવું જોઈએ કારણ કે શાસ્ત્રો કહે છે : 'તેઓને સ્વરાજ્ય પ્રાપ્ત થાય છે.' 'બધા દેવો તેમની ઉપાસના કરે છે.' 'બધા લોકોમાં તેની ઇચ્છાઓ પરિપૂર્ણ થાય છે.' આના જવાબમાં વ્યાસ લખે છે : 'અવશ્ય, કેવળ જગન્નિયંતૃત્વની શક્તિ વિના.' સૃષ્ટિસર્જનની શક્તિ સિવાયની બીજી શક્તિઓ જેવી કે અણિમા ઈત્યાદિ મુક્તાત્માઓને પ્રાપ્ત થાય છે; બાકી જગતનું નિયંતૃત્વ કેવળ નિત્યપરિપૂર્ણ ઈશ્વરના જ અધિકારમાં છે. શા માટે? કારણ એ છે કે, સર્જન વગેરે બધાં કાર્યો દર્શાવતાં બધાં શાસ્ત્રોનો વિષય પરમાત્મા છે, અને તેમાં કથાયના અનુસંધાનમાં મુક્તાત્માઓનો ઉલ્લેખ જરા પણ કરવામાં આવ્યો નથી. જગતનું નિયંતૃત્વ કરવામાં ઈશ્વર એકલો જ રોકાયેલ છે. સૃષ્ટિ સંબંધનાં શાસ્ત્રો તેને જ સૂચવે છે. ઉપરાંત તેને 'નિત્યપૂર્ણ'-નું વિશેષણ પણ આપવામાં આવ્યું છે. શાસ્ત્રો એમ પણ કહે છે કે, અન્ય જનોને અણિમા ઈત્યાદિ શક્તિઓ ઈશ્વરની ઉપાસના અને તેની શોધ દ્વારા પ્રાપ્ત થાય છે; એટલા માટે જગતનું નિયંત્રણ કરવામાં તેમનું કોઈ સ્થાન નથી. વળી તેમનાં મન સ્વતંત્ર હોવાથી, સંભવ છે કે તેમની ઇચ્છાઓ ભિન્નભિન્ન હોઈ શકે, અને જ્યારે એક સર્જનની ઇચ્છા ધરાવતો હોય ત્યારે બીજો સંહારની ઇચ્છા ધરાવતો હોઈ શકે. આ સંઘર્ષને નિવારવાનો એકમાત્ર માર્ગ, બધાની ઇચ્છાઓને કોઈ એક ઇચ્છાને અધીન બનાવવી એ છે. તેથી એમ ફલિત થાય છે કે મુક્તાત્માની ઇચ્છાઓ પરમ નિયંતાની ઇચ્છાને અધીન છે."

આમ બ્રહ્મના કેવળ સગુણ સ્વરૂપની જ ભક્તિ થઈ શકે. क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् "જેમનું મન અવ્યક્ત બ્રહ્મમાં આસક્ત છે તેમને માટે આ માર્ગ વધારે ક્લેશમય છે." આપણી પ્રકૃતિના પ્રવાહની સાથે ભક્તિનો પ્રવાહ સરળ રીતે ભળવો જોઈએ. એ સાચું છે કે માનવીય ભાવથી અતિરિક્ત બ્રહ્મની કોઈ કલ્પના આપણે કરી શકતા નથી; પરંતુ આપણે

જે વસ્તુ પ્રત્યક્ષ જાણીએ છીએ તેના સંબંધમાં પણ શું આ એટલું જ સાચું નથી? જગતના શ્રેષ્ઠ મનોવૈજ્ઞાનિક ભગવાન કપિલે યુગો પહેલાં દર્શાવ્યું હતું કે, અનુભવમાં આવતા બધા બાહ્ય તથા આંતર પદાર્થોની રચનામાં આપણી ચેતના પણ એક ભાગ ભજવે છે. આપણે જોઈશું કે આપણા શરીરથી માંડીને ઈશ્વર સુધી આપણને દેખાતી પ્રત્યેક વસ્તુ, આ જ્ઞાન વત્તા બીજી કંઈક વસ્તુ છે, પછી તે બીજી વસ્તુ ગમે તે હોય; અને આ અનિવાર્ય મિશ્રણને આપણે તત્ત્વ તરીકે સમજીએ છીએ. વાસ્તવમાં, વર્તમાનમાં તથા ભવિષ્યમાં મનુષ્યના મનને સત્યનું જ્ઞાન જેટલું થઈ શકે એટલું જ રહેશે. પણ એટલા માટે એમ કહેવું કે ઈશ્વર માનવ ભાવવાળો હોવાથી અસત્ય છે, તો તે નરી મૂર્ખતા છે. આ, ઘણુંખરું, પાશ્ચાત્ય આદર્શવાદ (Idealism) તથા સર્વાસ્તિત્વવાદ (Realism)ના વિવાદ સમાન છે. આ ઘોર વિવાદનો આધાર કેવળ 'તત્ત્વ' શબ્દની ગેરસમજણ છે. તત્ત્વ શબ્દ દ્વારા વ્યક્ત થતી અને સૂચિત થતી સમગ્ર ભૂમિકાને ઈશ્વરભાવ આવરી લે છે. ઈશ્વર, આ સંસારની અન્ય કોઈ પણ વસ્તુ જેટલો જ સત્ય છે; અને આખરે તો તત્ત્વ શબ્દનો અર્થ અત્યાર સુધીમાં નિર્દેશવામાં આવ્યો છે તે કરતાં વધુ કંઈ નથી. ઈશ્વર સંબંધી આપણી દાર્શનિક ધારણા આવી છે.

ભક્તિયોગનું ધ્યેય : પ્રત્યક્ષાનુભૂતિ

ભક્તને માટે આ સર્વ વિગતો તેની ઇચ્છાશક્તિને માત્ર સબળ કરવા માટે જરૂરી છે; તે સિવાય તેનું કોઈ પ્રયોજન નથી. કારણ કે, તે એક એવા માર્ગ ઉપર પગ માંડે છે, કે જે તેને તુરત જ તર્કવાદના ધૂંધળા અને ડહોળા પ્રદેશોથી પર લઈ જઈને પ્રત્યક્ષાનુભૂતિના સામ્રાજ્યમાં દોરી જાય છે. પરમેશ્વરની કૃપાથી તે તુરત એક એવી ભૂમિકાએ પહોંચે છે, કે જ્યાં આડંબરયુક્ત અને શક્તિહીન તર્ક ઘણો પાછળ રહી જાય છે, અને કેવળ સ્થૂળ બુદ્ધિ દ્વારા અંધારામાં ફાંફાં મારવાને બદલે પ્રત્યક્ષ અનુભૂતિનો ઉજ્જવલ પ્રકાશ આવી જાય છે. તે વધુ સમય તર્ક કરતો નથી કે માનવા ખાતર માનતો નથી, પરંતુ પ્રત્યક્ષ દર્શન કરે છે. તે વધુ સમય વાદવિવાદમાં પડતો નથી, તે અનુભવ કરે છે. અને શું આ ઈશ્વરદર્શન, ઈશ્વરની ઉપલબ્ધિ, ઈશ્વરનો ઉપભોગ, બીજી પ્રત્યેક વસ્તુ કરતાં વધુ શ્રેષ્ઠ નથી, અરે, મોક્ષ કરતાં પણ ભક્તિ શ્રેષ્ઠ છે, એવું માનનારા ભક્તોનો અભાવ નથી. અને વળી તે શું સૌથી વધુ ઉપયોગી પણ નથી? સંસારમાં એવા ઘણી મોટી સંખ્યામાં લોકો છે કે જેમની ખાતરી છે કે મનુષ્યોને જે કંઈ ઇન્દ્રિયસુખો લાવી આપે છે તેનું જ માત્ર પ્રયોજન અને ઉપયોગ છે. એટલે સુધી કે ધર્મ, ઈશ્વર, અનંતતા, આત્મા, વગેરેમાંથી એક પણ તેમને માટે કાંઈ ઉપયોગનું નથી, કેમ કે તે તેમને ધન અથવા શારીરિક સુખ આપતાં નથી. જે બધી વસ્તુઓ ઇન્દ્રિયોને તૃપ્ત કરતી નથી તથા વાસનાઓને ચરિતાર્થ કરતી નથી, તેમનું આવા લોકોને મન કોઈ પ્રયોજન નથી. દરેકના મનમાં, પ્રયોજન પણ તેની પોતાની વિશિષ્ટ જરૂરિયાતોને અનુલક્ષીને પ્રતીતિ થાય છે. તેથી જે મનુષ્યો ખાવું, પીવું, પ્રજનન અને મૃત્યુથી વધુ ઊંચે જતા નથી, તેમનો એક માત્ર લાભ ઇન્દ્રિયસુખો છે; આવા મનુષ્યોને કાંઈ વધુ ઉચ્ચ વસ્તુની થોડામાં થોડી પણ આવશ્યકતા સમજવા માટે ઘણા જન્મો અને પુનર્જન્મોમાંથી પસાર થવું પડશે. પરંતુ જેમને મન ઐહિક જીવનના ક્ષણિક સુખો કરતાં આત્માની શાશ્વત અનુભૂતિ અત્યંત વધારે કીમતી છે, જેમને મન ઇન્દ્રિયતૃપ્તિ બાળકની અવિચારી રમત જેવી પ્રતીત થાય છે, તેમને મન ઈશ્વર અને ઈશ્વરની ભક્તિ માનવજીવનનું સર્વોચ્ચ અને એકમાત્ર પ્રયોજન બને છે.

આ વાસનાપૂર્ણ જગતમાં હજુ પણ કેટલાક આવા મહાન આત્માઓ વિદ્યમાન છે, તે માટે આપણે ઈશ્વરનો પાડ માનવો જોઈએ.

પહેલાં આપણે જોઈ ગયા તેમ ભક્તિ, ગૌણી એટલે સાધનરૂપા અને પરા એટલે સાધ્યરૂપા, એમ બે વિભાગોમાં વહેંચાઈ ગયેલ છે. સાધક અવસ્થામાં આપણે આગળ વધી શકીએ તે માટે, આપણને અનેક સ્થૂળ સાધનોના આધારની કઈ રીતે અનિવાર્ય આવશ્યકતા છે તે આપણે આગળ જતાં જોઈશું. વળી વાસ્તવમાં બધા ધર્મોના પૌરાણિક અને રૂપક ભાગો સ્વાભાવિક રીતે જ વિકાસ પામેલા હોય છે; તેઓ સાધકની આસપાસ અનુકુળ વાતાવરણ સર્જે છે અને પ્રભુ પ્રત્યે અગ્રેસર થવામાં તેને સહાયભૂત થાય છે. વળી એક સૂચક હકીકત એ પણ છે કે જે ધર્મસંપ્રદાયોમાં પૌરાણિક ભાવો અને અનુષ્ઠાનોનો ઘણો ભાવ વિકાસ થયો છે, માત્ર તે સંપ્રદાયોમાં મહાન ધર્માત્માઓ પાકયા છે. ધર્મમાં જે કંઈ સુંદર અને મહાન તત્ત્વ છે, બાળમનને ઈશ્વર તરફ દોરી જવામાં જે અવલંબન સ્વરૂપ છે, જે ધર્મની ઈમારતના સ્તંભરૂપ છે, તે બધાને સંપ્રદાયના શુષ્ક અંધ રીતરિવાજો તોડી નાખવા મથે છે. આવા રીતરિવાજો સત્યની અજ્ઞાન અને કુસંસ્કારભરી કલ્પનાથી, ધર્મમાં જે કંઈ જીવનપ્રદ તત્ત્વ, મનુષ્ય જીવનમાં ધર્મના અંકુરને પોષક તત્ત્વ, પૂરું પાડે છે તે બધાને કાઢી નાખવા પ્રયત્ન કરે છે. એ બધા અંતમાં તો જુએ છે કે આ સાંપ્રદાયિકતા માત્ર એક અસાર, અર્થહીન શબ્દજાળમાં, કે જેમાં કદાચ સાથોસાથ થોડીક સમાજસુધારણા અથવા માત્ર કહેવાતી સુધારણાનો ભાવ હોય, તેમાં પરિણમે છે.

જે લોકોનો ધર્મ આ જાતનો છે તેમાંના ઘણા તો જાણેઅજાણ્યે જડવાદી હોય છે; આ લોકોનું ઐહિક તથા પારલૌકિક જીવનનું ધ્યેય, માત્ર ભોગ જ હોય છે, એ જ એમના જીવનનું આદિ અને અંત હોય છે. તેઓ ઇષ્ટાપૂર્ત — જેવાં કે રસ્તા-ગંદવાડની સફાઈ વગેરે કે જે માણસના ઐહિક સુખ માટે હોય છે-તેવાં કર્મોને જીવનના સર્વશ્રેષ્ઠ ધ્યેય તરીકે માને છે. આ અજ્ઞાન અને ધર્માંધતાના વિચિત્ર સંમિશ્રણના અનુયાયીઓ જેટલા જલદીથી ઉઘાડા પડી જાય છે અને તેમનું જ્યાં યોગ્ય સ્થાન છે ત્યાં, નાસ્તિકો અને જડવાદીઓના દળમાં ભળી જાય તેટલું સારું છે, અને દુનિયાને માટે હિતકર છે. સદાચરણ અને ધર્મની અનુભૂતિનો એક તોલો પણ, ખાંડી ભાર નિરર્થક પ્રલાપો અને મૂર્ખાઈભરી ઊર્મિઓ

કરતાં અનેકગણો વધી જાય છે. આ અજ્ઞાન અને ધર્માંધતાની શુષ્ક ધૂળમાંથી એક પણ મહાન ધર્મવીર પાક્યો હોય તો અમને બતાવો; જો તમે ન બતાવી શકો તો તમારાં મોં બંધ કરો, સત્યના ઉજ્જ્વળ પ્રકાશ સમક્ષ તમારા હૃદયના આગળિયાઓ ખોલી નાખો, અને પોતે જે વાત કરે છે તેનું પૂરેપૂરું જ્ઞાન ધરાવનારા ભારતવર્ષનાં મહાત્માઓના ચરણો પાસે બાળકોની જેમ બેસી જાઓ, તથા તેઓ શું કહે છે તે ધ્યાનપૂર્વક સાંભળો.

ગુરુની આવશ્યકતા

પ્રત્યેક જીવાત્મા પૂર્ણ બનવા સારુ નિર્માણ થયો છે, અને પ્રત્યેક જીવાત્મા આખરે પૂર્ણતાની અવસ્થા પ્રાપ્ત કરશે. આપણે આજે જે કંઈ છીએ તે આપણાં પૂર્વકર્મો તથા વિચારોનું પરિણામ છે; અને ભવિષ્યમાં આપણે જે કંઈ હોઈશું તે આપણે આજે જે કર્મો તથા વિચારો કરીએ છીએ તેનું પરિણામ હશે. પરંતુ આપણા પોતાના ભાવિનું આ નિર્માણ આપણને બહારની સહાયતા મેળવવામાંથી ગેકનું નથી; બલકે મોટા ભાગના અસંખ્ય કિસ્સાઓમાં આવી સહાયતાની સંપૂર્ણ આવશ્યકતા છે. જ્યારે આવી સહાયતા સાંપડે છે, ત્યારે આત્માની ઉચ્ચ શક્તિઓ અને શકયતાઓને ગતિ મળે છે, આધ્યાત્મિક જીવન જાગ્રત થાય છે, ઉન્નતિ સજીવ બને છે અને મનુષ્ય આખરે પવિત્ર અને પૂર્ણ બને છે.

આ વેગસંપડાવનારી (સંજીવની) શક્તિ પુસ્તકોમાંથી મળતી નથી. જીવાત્મા, આ શક્તિનો સંચાર કોઈ બીજા જીવાત્મા પાસેથી જ પ્રાપ્ત કરી શકે છે, બીજે ક્યાંયથી નહીં. જિંદગી આખી ભલે આપણે પુસ્તકોનું અધ્યયન કરીએ, ભલે અત્યંત બુદ્ધિશાળી બનીએ, પણ આખરે જોઈશું કે આપણે આધ્યાત્મિક રીતે જરા પણ વિકસિત થયા નથી. ઉચ્ચ બૌદ્ધિક વિકાસની સાથોસાથ માનવીમાં આધ્યાત્મિક વિકાસ પણ તેટલા પ્રમાણમાં થાય છે તે સાચું નથી. પુસ્તકોનું અધ્યયન કરતાં કરતાં કેટલીક વાર આપણે ભ્રમમાં પડીને માનીએ છીએ કે તેનાથી આપણને આધ્યાત્મિક સહાય મળે છે. પરંતુ પુસ્તકોના અધ્યયનની આપણા ઉપર થયેલી અસરનું જો આપણે પૃથક્કરણ કરીશું તો જણાશે કે બહુ બહુ તો આવા અધ્યયનથી કેવળ આપણી બુદ્ધિને લાભ મળે છે, આપણા અંતરાત્માને નહીં. આપણામાંથી લગભગ પ્રત્યેક જણ જોકે અત્યંત અદ્ભુત રીતે આધ્યાત્મિક વિષયો ઉપર બોલી શકે છે, પરંતુ જ્યારે તેને આચરણમાં ઉતારવાનું આવે છે ત્યારે આપણે જોઈએ છીએ કે આપણે અત્યંત અપૂર્ણ દેખાઈએ છીએ. તેનું કારણ એ છે કે આધ્યામિક વિકાસને ત્વરિત બનાવવાના કારણરૂપે પુસ્તકો અપૂર્ણ છે. આત્માની ઉન્નતિ કરવાની પ્રેરણા અન્ય આત્મામાંથી આવવી જોઈએ.

જે પુરુષના આત્મામાંથી આવી પ્રેરણા આવે છે તેને ગુરુ કહેવામાં આવે છે; અને જે વ્યક્તિના આત્મામાં પ્રેરણા સંચારિત થાય છે તેને શિષ્ય કહેવામાં આવે છે. પ્રથમ તો કોઈ પણ આત્મામાં આવું પ્રેરણાનું સંક્રમણ કરવા સારુ જે

આત્મામાંથી તે પ્રેરણા આવે છે, તે આત્મા પાસે તેમ કરવાની શક્તિ હોવી જોઈએ; અને બીજું, જે આત્મામાં તેનો સંચાર કરવામાં આવે છે, તે તેને ગ્રહણ કરવા માટે યોગ્ય હોવો જોઈએ. બીજ જીવંત હોવું જોઈએ તથા ક્ષેત્ર ખેડાઈને તૈયાર થયેલું હોવું જોઈએ; અને જ્યારે આ બંને બાબતો ચરિતાર્થ થાય છે ત્યારે સાચા ધર્મનો અપૂર્વ વિકાસ થાય છે. "સાચા ધર્મગુરુમાં અપૂર્વ યોગ્યતા હોવી જોઈએ અને તેનો શિષ્ય કુશળ ધારણા શક્તિસંપન્ન હોવો જોઈએ."— आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा । અને જ્યારે આ બંને ખરેખર અસાધારણ અને અપૂર્વ હશે ત્યારે જ અદ્‌ભુત આધ્યાત્મિક જાગૃતિ પરિણમશે, અન્યથા નહીં. આવો જ પુરુષ વાસ્તવમાં સાચો ગુરુ છે, અને એવી જ વ્યક્તિ આદર્શ શિષ્ય અને આદર્શ સાધક છે. બીજા બધા લોકો તો કેવળ આધ્યાત્મિકતા સાથે રમત કરે છે. એમનામાં કેવળ થોડુંક કુતૂહલ તથા થોડીક બૌદ્ધિક જિજ્ઞાસા જાગ્રત થાય છે, પરંતુ તેઓ માત્ર ધર્મની ક્ષિતિજની બાહ્ય કિનારી ઉપર જ ઊભાં રહે છે. હાં, તેનું પણ કંઈક મૂલ્ય છે એમાં સંદેહ જ નથી; કેમ કે યોગ્ય સમયે તે ધર્મ માટેની સાચી જિજ્ઞાસાના ઉદયમાં પરિણમે છે. વળી પ્રકૃતિનો એક એવો અલૌકિક નિયમ છે કે જેવું ક્ષેત્ર તૈયાર થયું કે તુરત જ બીજ આવવું જ જોઈએ; અને તે આવે જ છે. આત્માને ધર્મ માટે વ્યાકુળ ઉત્કંઠા જાગે કે તરત જ આધ્યાત્મિક શક્તિના સંચારકે હાજર થવું જ જોઈએ; અને આત્માને સહાય કરવા તે અવશ્ય પ્રગટ પણ થાય છે. જ્યારે ગ્રહણ કરનાર આત્મામાં ધર્મપ્રકાશ માટેની આકર્ષણશક્તિ પૂર્ણ તથા પ્રબળ હોય છે, ત્યારે આ આકર્ષણથી ખેંચાઈને પ્રકાશ આપનાર શક્તિ આપોઆપ પોતે જ હાજર થઈ જાય છે.

પરંતુ આ માર્ગમાં કેટલાંક મોટાં ભયસ્થાનો છે. જેમકે કદાચ શિષ્ય ક્ષણિક ભાવાવેશને વાસ્તવિક ધર્મપિપાસા સમજી બેસે. એ આપણે આપણામાં પણ જોઈ શકીશું. આપણા જીવનકાળમાં આપણે જેને ખૂબ ચાહતા હતા તેવી કોઈક વ્યક્તિ મૃત્યુ પામે છે. તુરત આપણે આઘાત અનુભવીએ છીએ. આપણને લાગે છે કે જગત આપણા હાથવેંતમાં આવીને સરકી જાય છે. આપણને કોઈ એક વધુ દૃઢ અને વધુ ઉચ્ચ આશ્રયની આવશ્યકતા ભાસે છે; તથા આપણે ધાર્મિક બની જવું જ જોઈએ એમ આપણને લાગે છે. થોડા દિવસોમાં જ તે ભાવતરંગ શમી જાય છે અને આપણે પહેલાં જ્યાં હતાં ત્યાંના ત્યાં જ રહીએ છીએ. આપણે

સૌ ઘણેભાગે આવા આવેશોને સાચી ધર્મપિપાસા માની લેવાની ભૂલ કરીએ છીએ; પરંતુ જ્યાં સુધી આવા ક્ષણિક આવેશોને આપણે વાસ્તવિક માનવાની ભૂલ કરીએ છીએ, ત્યાં સુધી આપણા આત્માને સત્ય ધર્મ માટેની સાચી ભૂખ જાગશે નહીં. તથા આપણામાં આધ્યાત્મિકતાનું સિંચન કરનાર સાચી વ્યક્તિ પણ મળશે નહીં. એટલા માટે જ્યારે જ્યારે, સત્યની શોધ કરતાં કરતાં આપણા વાંછિત સત્યની ખોજ વ્યર્થ ગઈ એવી ફરિયાદ કરવા આપણે પ્રેરાઈએ, ત્યારે એવી ફરિયાદ કરતાં પહેલાં આપણું પ્રથમ કર્તવ્ય, આપણા પોતાના અંતરમાં નિરીક્ષણ કરવાનું અને હૃદયની આ વ્યાકુળતા વાસ્તવિક છે કે નહીં તે તપાસવાનું રહે છે. તે વેળા ઘણા કિસ્સાઓમાં જોઈ શકાશે કે આપણે સત્યને ગ્રહણ કરવા માટે યોગ્ય ન હતા અગર આપણી આધ્યાત્મિક તૃષા સાચી ન હતી.

શક્તિ સંચારક ગુરુના સંબંધમાં તો વળી વધારે મોટાં ભયસ્થાનો રહેલાં છે. ઘણા લોકો અજ્ઞાનમાં ડૂબેલા હોવા છતાં તેમનાં અંતરના અહંકારમાં તેઓ પોતાને સર્વજ્ઞ માને છે; વળી તેઓ માત્ર ત્યાં જ અટકતા નથી પરંતુ બીજાઓનો બોજો પોતાના ખભે ઉપાડી લેવા તૈયાર થઈ જાય છે, અને આ રીતે અંધ અંધને દોરવા જતાં, બંને ખાડામાં પડે છે.

अविद्यायामन्तरे वर्तमाना स्वयधीरा पण्डितम्मन्यमाना ।
जधन्यमाना परियन्ति मूढा अन्धेनैव नीयमाना यथान्धा ।।

"અવિદ્યામાં વસતા આ અતિમૂઢ આત્માઓ આત્મવંચનામાં પોતાને બુદ્ધિમાન સમજે છે અને મિથ્યા જ્ઞાનથી ફુલાઈને તેઓ અહીંતહીં ઠોકર ખાતા, એક આંધળો બીજા આંધળાને દોરીને લઈ જતાં જેમ ગોળ ગોળ ફરે તેમ ફર્યા કરે છે" (મુંડક ઉપનિષદ, ૧ : ૨ : ૮) જગત આવા માણસોથી ભરેલું છે. પ્રત્યેક વ્યક્તિ ગુરુ બનવા માગે છે, પ્રત્યેક ભિખારી લાખ રૂપિયાનું દાન કરવા ચાહે છે! આ ભિખારીઓના જેવા જ આ ગુરુઓ પણ હાસ્યાસ્પદ છે.

ગુરુ તથા શિષ્યનાં લક્ષણો

તો પછી આપણે ગુરુને શી રીતે ઓળખવો? જેમ સૂર્યને જોવા માટે મશાલની આવશ્યકતા હોતી નથી, તેમ ગુરુને જોવા માટે દીવો પ્રકટાવવાની જરૂર નથી. જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે આપણને કુદરતી રીતે જ તેનું ભાન થાય છે, અને જ્યારે આપણને સહાય કરવા ગુરુ આવે છે ત્યારે આત્મા સ્વાભાવિક રીતે જ જાણી લે છે કે સત્ય પોતા ઉપર પ્રકાશવા લાગ્યું છે. સત્ય સ્વતઃસિદ્ધ છે; તેને સિદ્ધ કરવા અન્ય પ્રમાણની જરૂર નથી, તે સ્વયંપ્રકાશિત છે. એ આપણી પ્રકૃતિના અંતસ્તલ સુધી પ્રવેશે છે. તેના સાનિધ્યમાં સમસ્ત વિશ્વ ઊભું થઈને બોલી ઊઠે છે કે "આ જ સત્ય છે." જેમનું જ્ઞાન અને સત્ય સૂર્ય સમાન પ્રકાશે છે તેવા ગુરુઓ તો સંસારમાં સર્વશ્રેષ્ઠ છે અને માનવજાતિના મોટા ભાગ દ્વારા તેઓ ઈશ્વર તરીકે પૂજાય છે; પરંતુ તેમની અપેક્ષાએ આપણે નાના ગુરુઓ પાસેથી પણ સહાયતા પ્રાપ્ત કરી શકીએ પરંતુ જે માણસ પાસેથી આપણે ઉપદેશ અને માર્ગદર્શન ગ્રહણ કરવાનું છે તેને ઓળખવા માટે આપણી પાસે પૂરતી આંતરદૃષ્ટિ હોતી નથી તેથી શિષ્યની પેઠે ગુરુના સંબંધમાં પણ કેટલીક કસોટીઓ હોવી જોઈએ.

શિષ્ય માટેની આવશ્યક શરતો પવિત્રતા, જ્ઞાન માટેની સાચી પિપાસા અને અધ્યવસાય એટલે ખંત છે. કોઈ અપવિત્ર આત્મા યથાર્થ રીતે ધાર્મિક થઈ શકતો નથી; વિચાર, વાણી અને કર્મની પવિત્રતા કોઈ પણ વ્યક્તિના ધર્મજીવન માટે સર્વથા આવશ્યક છે. બાકીના જ્ઞાનપિપાસા માટે આ એક સનાતન નિયમ છે કે આપણે જે વસ્તુની ઇચ્છા કરીએ છીએ તે જ આપણને પ્રાપ્ત થાય જ છે. આપણું અંતઃકરણ જેની ઉપર કેન્દ્રિત કરીએ તે સિવાયની બીજી કોઈ વસ્તુ આપણને પ્રાપ્ત થતી નથી. ધર્મ માટેની સાચી આતુરતા એક અત્યંત દુર્લભ વસ્તુ છે; આપણે સામાન્યતઃ કલ્પીએ છીએ તેટલી સુગમ તે નથી. ધાર્મિક ચર્ચા સાંભળવી કે ધાર્મિક પુસ્તકો વાંચવા તે હૃદયમાં ધર્મ માટેની સાચી વ્યાકુળતા જાગ્રત થયાનું પ્રમાણ નથી. જ્યાં સુધી ધર્મ માટેની આ તીવ્ર ભૂખ ખરેખર અનુભવાતી નથી અને અંતિમ વિજય પ્રાપ્ત થતો નથી, ત્યાં સુધી સતત પ્રયાસ અને આપણા હલકા સ્વભાવ સાથે અવિરત સંગ્રામ અને અથાક સંઘર્ષ ચાલુ રહેવો જ જોઈએ. આ પ્રશ્ન એકાદ બે દિવસનો કે વર્ષોનો કે જન્મોનો નથી; આ સંગ્રામ સેંકડો જન્મો સુધી ચાલી શકે. સંભવ છે કે સિદ્ધિ કોઈક વાર તરત

જ પ્રાપ્ત થઈ જાય; છતાં અનંત કાળ સુધી પણ તેની પ્રતીક્ષા કરવી પડે તો પણ તે માટે ધૈર્યપૂર્વક રાહ જોવાની આપણી તૈયારી હોવી જોઈએ. જે સાધક આવા ખંત સાથે સાધનામાં પ્રવૃત્ત થાય છે, તેને અંતે સિદ્ધિ અને અનુભૂતિ અવશ્ય પ્રાપ્ત થાય છે.

ગુરુના સંબંધમાં આપણે એ જોવું જોઈએ કે તે શાસ્ત્રોના મર્મનો જાણકાર હોય. સમગ્ર જગત બાઈબલ વેદ કે કુરાનનાં થોથાં વાંચે છે, પરંતુ તે બધું કેવળ શબ્દો, વાક્યરચના, વ્યુત્પત્તિ, ભાષાશાસ્ત્ર કે ધર્મનાં શુષ્ક હાડપિંજરો છે. જે ગુરુ, શબ્દોનો વધુ પડતો વ્યવહાર કરે છે અને શબ્દોના વેગમાં મનને તણાઈ જવા દે છે, તે ધર્મના હાર્દને ખોઈ બેસે છે. કેવળ શાસ્ત્રોના મર્મનું જ્ઞાન જ સાચો ધર્મગુરુ બનવાની યોગ્યતા છે. શાસ્ત્રોની શબ્દજાળ એક મહાન અરણ્ય સમાન છે; મનુષ્યનું મન મોટે ભાગે તેમાં પોતાની જાતને અટવાવે છે અને બહાર નીકળવાનો કોઈ માર્ગ તેને જડતો નથી. शब्दजालं महारण्यं चित्तभ्रमणकारणं। "શબ્દજાળ એક મોટું જંગલ છે, અને એને કારણે ચિત્ત તેમાં અટવાયા કરે છે."

वाग्वैखरी शब्दझरी शास्त्रव्याख्यान कौशलं।
वैदुष्य विदुषां तद्वद् भुक्तये न तु मुक्तये॥

"શબ્દો જોડવાની, સુંદર ભાષામાં બોલવાની અને શાસ્ત્રોનાં વ્યાખ્યાન કરવાની વિવિધ પદ્ધતિઓ, તેમજ વિદ્વજ્જનોની વિદ્વત્તા કેવળ મનોરંજન અને વાગ્વિલાસ માટે છે." આધ્યાત્મિક અનુભૂતિના વિકાસમાં તે સહાયભૂત નીવડતાં નથી. જેઓ ધર્મપ્રચાર અર્થે આવી પદ્ધતિઓ અખત્યાર કરે છે, તેઓ કેવળ પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરવા આતુર હોય છે કે જેથી જગત મહાન પંડિતો તરીકે તેમની પ્રશંસા કરે. તમે જોશો કે શાસ્ત્રોની આવી વિવિધ વ્યાખ્યાઓમાં જગતના શ્રેષ્ઠ આચાર્યોમાંથી કોઈ પણ કદીયે પડયા નથી; તેમણે શાસ્ત્રોનાં લખાણો વિકૃત કરવા કદી પ્રયત્ન કર્યો નથી, તેમ જ શબ્દાર્થ અને તેમના ધાત્વર્થના ચક્કરમાં તેઓ કદી પડયા નથી. તેમ છતાં તેમણે ઉત્તમમાં ઉત્તમ ઉપદેશ આપ્યો છે, જેઓની પાસે કોઈ વસ્તુ શીખવવા જેવી હોતી જ નથી. તેઓ કેટલીક વાર એક શબ્દ પકડે છે અને તેની ઉત્પત્તિ ઉપર ત્રણ ગ્રંથો લખી નાખે છે. તેમાં તે શબ્દ પહેલાં કોણે વાપર્યો, તે મનુષ્ય શું ખાવાને ટેવાયેલો હતો અને કેટલો સમય તે સૂતો હતો ઇત્યાદિ વ્યર્થ વિષયોનું વર્ણન કર્યું હોય છે.

ભગવાન રામકૃષ્ણ એક ઉદાહરણ કાયમ આપતા. કેટલાક માણસો એક આંબાવાડીમાં ગયા; ત્યાં તેઓ વૃક્ષોનાં પાંદડાં તથા ડાળીઓ ગણવામાં, તેમનો રંગ તપાસવામાં, તેમની લંબાઈ જાણવામાં અને પ્રત્યેક વસ્તુની ખૂબ ચીવટ-પૂર્વક નોંધ કરવામાં મશગૂલ બની ગયા. તે પછી આ દરેક વિષય ઉપર પંડિતાઈ-ભરી ચર્ચા ચાલી કે જે નિઃસંશય તેમને મન તો અત્યંત રસપ્રદ હતી. પરંતુ તેમાંનો એક, કે જે બીજાઓ કરતાં વધુ સમજદાર હતો, તે આ બધી વસ્તુઓની પરવા ન કરતાં કેરીઓ જ ખાવા લાગ્યો. તે માણસ વધુ ડાહ્યો નહીં? માટે આ પાંદડાંઓ અને ડાળીઓ ગણવાનું બીજા ઉપર છોડી દો. આ જાતના કાર્યને તેનું યોગ્ય સ્થાન છે.ખરું; પરંતુ તે આધ્યાત્મિક ક્ષેત્રમાં નહીં. આ "પાંદડાં ગણનારા-ઓ"માં તમને કદી આધ્યાત્મિક મહાપુરુષ સાંપડશે નહીં. ધર્મ કે જે મનુષ્યનું સર્વોચ્ચ ધ્યેય છે, મનુષ્યનું જે સર્વોચ્ચ ગૌરવ છે, તેમાં આવા બધા શ્રમની આવશ્યકતા નથી. જો તમે ભક્ત થવા ઇચ્છતા હો તો તમારે માટે એ જાણવું જરાય જરૂરનું નથી કે કૃષ્ણ મથુરામાં જન્મ્યા હતા કે વ્રજમાં કે તેઓ શું કરતા હતા, અથવા તો ગીતાનો ઉપદેશ તેમણે ચોક્કસ કઈ તારીખે આપ્યો હતો. તમારે તો માત્ર ગીતામાં કર્મના અને ભક્તિના જે સુંદર ઉપદેશો છે તેની લગન લગાડવાની આવશ્યકતા છે. ગીતા અને તેના પ્રણેતા વિશેની અન્ય સર્વ વિસ્તૃત વિગતો કેવળ પંડિતોના મનોરંજન માટે છે. જેમને તેવી ઇચ્છા હોય તેઓ ભલે તે કરે. તેમના પાંડિત્યપૂર્ણ તર્કવિતર્ક ચાલતા હોય ત્યારે 'શાંતિઃ શાંતિઃ' બોલો અને આપણે તો "કેરીઓ ખાવા લાગી જાઓ."

ગુરુ માટે બીજું જરૂરી લક્ષણ છે અનઘતા એટલે પવિત્રતા. ઘણી વાર એવો પ્રશ્ન પૂછવામાં આવે છે કે "ગુરુના ચારિત્ર્ય અને વ્યક્તિત્વ તરફ આપણે શા માટે જોવું? આપણે તો તે જે કહે તેનો વિચાર કરીને તે ગ્રહણ કરવાનું છે." પણ એ યોગ્ય નથી. જો કોઈ માણસ મને ગતિશાસ્ત્ર અથવા રસાયણશાસ્ત્ર અથવા અન્ય કોઈ ભૌતિકશાસ્ત્ર શીખવવા ઇચ્છતો હોય તો તે ગમે તેવો હોય તો ચાલે, કારણ કે ભૌતિકશાસ્ત્રો માટે માત્ર બૌદ્ધિક લાયકાત જ જરૂરી છે; પરંતુ આધ્યાત્મિક વિદ્યાની બાબતમાં તો જે આત્મા અપવિત્ર હોય, તેનામાં જરા પણ આધ્યાત્મિક પ્રકાશ હોવાનું તદ્દન અસંભવિત છે. એક અપવિત્ર વ્યક્તિ ધર્મ શું શીખવી શકે? આધ્યાત્મિક સત્યની ઉપલબ્ધિ કરવાની અથવા અન્યમાં તેનો સંચાર

કરવાની એકમાત્ર લાયકાત હૃદય અને આત્માની પવિત્રતા છે. જ્યાં સુધી આત્મા પવિત્ર ન હોય ત્યાં સુધી ઈશ્વરદર્શન કે ઇન્દ્રિયાતીત તત્ત્વની ઝાંખી કદી થતી નથી. એટલા માટે આધ્યાત્મિક ગુરુની બાબતમાં આપણે સૌથી પ્રથમ તે કેવા છે તે, અને ત્યાર પછી તે શું કહે છે તે જોવું જોઈએ. તે સંપૂર્ણપણે પવિત્ર હોવા જોઈએ; કેવળ તો જ તેના શબ્દોની કિંમત ગણાય, કારણ કે કેવળ ત્યાર પછી જ તે "આધ્યાત્મિક શક્તિનો સાચો સંચારક" થાય છે. જો તેના પોતાનામાં જ આધ્યાત્મિક શક્તિ ન હોય તો તે શાનો સંચાર કરવાનો છે? ગુરુના મનમાં આધ્યાત્મિકતાનું યોગ્ય સ્પંદન હોવું જોઈએ કે જેથી શિષ્યના મનમાં તેનો સહૃદયતા-પૂર્વક સંચાર કરી શકાય. ગુરુનું કાર્ય માત્ર શિષ્યની વર્તમાન બૌદ્ધિક અથવા અન્ય શક્તિઓને ઉત્તેજિત કરવાનું નથી, પરંતુ ખરેખર કોઈ વસ્તુનો તેનામાં સંચાર કરવાનું છે. કોઈ એક સાચી અને અનુભવી શકાય એવી વસ્તુ એક પ્રભાવ રૂપે ગુરુમાંથી નીકળીને શિષ્યમાં પ્રવેશે છે. એટલા માટે ગુરુ પવિત્ર હોવો જોઈએ.

ગુરુનું ત્રીજું લક્ષણ છે તેનો હેતુ. ગુરુએ કંઈ છૂપા સ્વાર્થી હેતુ ખાતર, ધન, નામના અથવા યશની ખાતર ઉપદેશ આપવો જોઈએ નહીં; તેનું કાર્ય કેવળ પ્રેમ, સમગ્ર માનવ જાત પ્રત્યેના શુદ્ધ પ્રેમથી પ્રેરાયેલું હોવું જોઈએ. આધ્યાત્મિક શક્તિ કેવળ શુદ્ધ પ્રેમના માધ્યમ દ્વારા જ સંચારિત કરી શકાય. કોઈ પણ પ્રકારનો સ્વાર્થી ભાવ, જેવો કે લાભ અથવા યશની ઇચ્છા, તરત જ આ માધ્યમનો નાશ કરી નાખશે. ઈશ્વર પ્રેમસ્વરૂપ છે; અને ઈશ્વરનો પ્રેમસ્વરૂપ તરીકે જેણે અનુભવ કર્યો છે, કેવળ તે જ વ્યક્તિ મનુષ્યોને આધ્યાત્મિક તત્ત્વ અને ઈશ્વરનો ઉપદેશ આપી શકે.

તમારા ગુરુમાં આ સર્વ લક્ષણો જો તમે જુઓ તો તમે સલામત છો, જો તેમ ન હોય તો તેની પાસેથી ઉપદેશ ગ્રહણ કરવાનું સલામત નથી; કેમ કે એક મોટું ભયસ્થાન એ છે કે તે તમારા અંતરમાં સદ્ભાવનો સંચાર કરી ન શકે તોપણ અસદ્ભાવોનો તો સંચાર કરી શકે છે. આ ભય સામે સર્વપ્રકારે સાવચેત રહેવું જોઈએ. **श्रोत्रियोऽवृजिनोऽकामहतो यो ब्रह्मवित्तमः ।** "જે શાસ્ત્રજ્ઞ, નિષ્પાપ વાસનારહિત, સર્વોત્તમ બ્રહ્મવિદ" છે, તે જ સાચો ગુરુ છે.

ઉપર જે કંઈ કહેવામાં આવ્યું છે, તે પરથી સ્વાભાવિક રીતે એટલું સિદ્ધ થાય છે કે પ્રત્યેક સ્થળે, પ્રત્યેક મનુષ્ય, આપણને ધર્માનુરાગી, ધર્મજ્ઞ અને ધર્મમય બનાવી શકે નહીં. "પથ્થરોમાં ઉપદેશ, વહેતાં ઝરણાંઓમાં ગ્રન્થો અને

પ્રત્યેક વસ્તુમાં ભલાઈ સમાયેલી છે." એ બધું કાવ્યાલંકાર તરીકે બહુ સાચું હશે, પરંતુ જો કોઈ વ્યક્તિમાં ધર્મનું બીજ અવિકસિત રીતે પણ વિદ્યમાન ન હોય તો આપણને સત્યનો એક કણ સુધ્ધાં તે આપી શકશે નહીં. પથ્થરો અને ઝરણાંઓ ધર્મોપદેશ કોને આપે? જેનું પવિત્ર હૃદયમંદિરરૂપી કમળ વિકાસોન્મુખ બનેલું છે તેવા માનવ આત્માને. જે પ્રકાશ આ હૃદયકમળને સુંદર રીતે વિકસાવે છે તે હમેશાં સદ્‌ગુણી અને જ્ઞાનવાન ગુરુ પાસેથી જ આવે છે. જ્યારે હૃદયકમળ આ રીતે વિકસિત થાય છે, ત્યારે તે પથ્થરો, ઝરણાંઓ, તારાઓ, સૂર્ય ચન્દ્ર અથવા ઈશ્વરની સૃષ્ટિમાં વિદ્યમાન બીજી કોઈ પણ વસ્તુ પાસેથી ઉપદેશ મેળવવાને પાત્ર બને છે. પરંતુ અવિકસિત હૃદયને તેમાં કેવળ પથ્થરો અને પાણી સિવાય બીજું કશું દેખાશે નહીં. કોઈ અંધ મનુષ્ય સંગ્રહસ્થાનમાં ભલે જાય, પરંતુ તેમાંથી કોઈ રીતનો લાભ તેને મળશે નહીં. પ્રથમ તેની આંખો ખૂલવી જોઈએ, કેવળ ત્યાર પછી જ સંગ્રહસ્થાન જે કંઈ શીખવી શકે તે સમજવાને તે શક્તિમાન બનશે.

સાધકનાં અંતઃચક્ષુ ખોલનાર ગુરુ જ છે. એટલા માટે ગુરુ સાથેનો આપણો સંબંધ પૂર્વજ અને તેના વંશજ વચ્ચેના સંબંધ જેવો છે. આપણા હૃદયમાં ગુરુ પ્રત્યે શ્રદ્ધા, નમ્રતા, વિનય અને ભક્તિભાવ ન હોય તો આપણામાં ધર્મનો વિકાસ થઈ શકે નહીં. અને અગત્યની હકીકત એ છે કે જ્યાં ગુરુ અને શિષ્ય વચ્ચે આ પ્રકારનો સંબંધ પ્રવર્તે છે, કેવળ ત્યાં જ મહાન આધ્યાત્મિક પુરુષો પાકે છે. જે દેશોએ આ પ્રકારના સંબંધની અવગણના કરી છે, ત્યાં ગુરુમાત્ર એક વ્યાખ્યાતા બન્યો છે; ગુરુને તેના પાંચ રૂપિયાની ખેવના છે અને શિષ્યને તેનું મગજ ગુરુના શબ્દોથી ભરવાની ખેવના છે, અને તે પછી સૌ પોતપોતાને રસ્તે પડી જાય છે. આવા સંજોગોમાં આધ્યાત્મિકતા લગભગ અજ્ઞાત બાબત બની જાય છે. ત્યાં તેનો સંચાર કરનાર કોઈ હોતું નથી, અને તેને ગ્રહણ કરનાર પણ કોઈ હોતું નથી. આવા લોકોને માટે ધર્મ એક ધંધો બની જાય છે. તેઓ ધારે છે કે પોતાના ધન વડે તેઓ ધર્મને ખરીદ કરી શકશે. ધર્મ આટલો સુલભ રીતે પ્રાપ્ત કરી શકાતો હોત તો ઈશ્વરનો મોટો ઉપકાર ગણાત! પરંતુ કમનસીબે તેમ બની શકતું નથી.

ધર્મ એટલે તો સર્વોચ્ચ જ્ઞાન અને સર્વોત્તમ પ્રજ્ઞા. તે ખરીદી શકાય નહીં અગર પુસ્તકોમાંથી પ્રાપ્ત કરી શકાય નહીં. જગતના એકેએક ખૂણામાં ભલે

તમે ફાંફાં મારો, તમે ભલે હિમાલય કે આલ્પ્સ કે કોકેસસને ખૂંદી વળો, તમે સાગરના તળિયાને ભલે માપી કાઢો કે તિબેટ તથા ગોબીના રણના એકેએક ખૂણામાં ભલે જઈ વળો, પરંતુ જ્યાં સુધી તમારું અંતર ધર્મને ગ્રહણ કરવા માટે તૈયાર ન હોય, અને જ્યાં સુધી ગુરુ મળે નહીં, ત્યાં સુધી કોઈ પણ સ્થળે તમને ધર્મ સાંપડશે નહીં. જ્યારે વિધાતા દ્વારા નિર્દિષ્ટ ગુરુ આવી પહોંચે ત્યારે બાળક સમાન વિશ્વાસ અને સરળતાથી તેની સેવા કરજો, તેની સન્મુખ કોઈ પડદો રાખ્યા વિના તમારું હૃદય ખોલી નાખજો, એટલે તેનામાં સાક્ષાત્ ઈશ્વરનું સ્વરૂપ વ્યક્ત થયેલું તમે જોઈ શકશો. આવા પ્રેમ અને આવી ભક્તિથી જેઓ સત્યની શોધ કરવા આવે છે, તેમની સમક્ષ સત્ય સ્વરૂપ ઈશ્વર 'સત્યં શિવં સુંદરમ્' વિષેનું અદ્ભુત રહસ્ય પ્રગટ કરે છે.

આચાર્યો અને અવતાર

જ્યાં પ્રભુનું નામ ઉચ્ચારાય છે તે સ્થાન સુધ્ધાં પવિત્ર બની જાય છે. તો પછી જે મનુષ્યમાંથી આધ્યાત્મિક સત્ય આપણામાં પ્રવેશે, જે ઈશ્વરના નામનું ગુણગાન કરે, તે મનુષ્ય કેટલો વધારે પવિત્ર હશે? એવા મનુષ્યની સમીપ કેવી શ્રદ્ધા સાથે આપણે જવું જોઈએ? આ જગતમાં આધ્યાત્મિક સત્યનાં આવા મહાન આચાર્યો સંખ્યામાં અત્યંત જૂજ હોય છે; જોકે જગત કદી સદંતર તેમના વિહોણું હોતું નથી. તેઓ હમેશાં માનવસમાજનાં સુન્દરમાં સુન્દર પુષ્પો છે अहेतुकदयासिन्धुः। "કોઈ પણ હેતુ વિનાનો દયાનો સાગર"—आचार्यं मां विजानीयात्। "ગુરુને મારું સ્વરૂપ જ જાણ", આમ ભગવાન શ્રીકૃષ્ણ ભાગવતમાં કહે છે. જગત જે ક્ષણે સદંતર તેમના વિહોણું બને, તે જ ક્ષણે તે એક ભયંકર નરકકુંડ બની જાય અને જલદી વિનાશને પંથે પળે.

સામાન્ય કક્ષાના આચાર્યો કરતાં વધારે ઉચ્ચ અને શ્રેષ્ઠ એવા અન્ય શ્રેણીના ગુરુઓ હોય છે. તેઓ જગતમાં ઈશ્વરના અવતારો ગણાય છે. તેઓ કેવળ સ્પર્શમાત્રથી અથવા ઇચ્છામાત્રથી પણ આધ્યાત્મિકતાનો સંચાર કરી શકે છે. તેમની આજ્ઞાથી હલકામાં હલકાં અને અત્યંત દુરાચારી મનુષ્યો પણ એક ક્ષણમાં સાધુ બની જાય છે. તેઓ ગુરુઓના પણ ગુરુ છે, મનુષ્ય રૂપે ઈશ્વરની સર્વોચ્ચ અભિવ્યક્તિ છે. તેમના આધાર સિવાય આપણે ઈશ્વરનાં દર્શન કરી શકતા નથી. તેમની ઉપાસના કર્યા સિવાય આપણે રહી શકતા નથી. અને વાસ્તવમાં કેવળ તેઓ જ એવા છે કે જેમની ઉપાસના આપણે અવશ્ય કરવી જોઈએ.

આ માનવશરીરધારી ઈશ્વરાવતારના આધાર સિવાય કોઈ પણ મનુષ્ય ઈશ્વરનું દર્શન ખરેખર કરી શકે નહીં. જો આપણે કોઈ બીજી રીતે ઈશ્વરદર્શન કરવાનો પ્રયત્ન કરીએ તો આપણે ઈશ્વરની કોઈ એક અતિ વિકૃત કલ્પના કરી નાખીએ, અને તેના ખરા સ્વરૂપ કરતાં તે વિકૃત સ્વરૂપ ખરાબ નથી એમ માની બેસીએ. એક અનાડી મનુષ્યની વાત છે. ભગવાન શિવની મૂર્તિ બનાવવાનું તેને કહેવામાં આવ્યું હતું. અનેક દિવસોના સખત પરિશ્રમ પછી તેણે એક વાંદરાની મૂર્તિ બનાવી. આમ જ્યારે જ્યારે આપણે ઈશ્વરની તેના નિર્ગુણ પૂર્ણસ્વરૂપની કલ્પના કરવા મથીએ છીએ ત્યારે ત્યારે આપણને અનિવાર્ય રીતે ઘોર નિષ્ફળતા

સાંપડે છે. કારણ કે આપણે મનુષ્યો હોવાથી મનુષ્યના સ્વરૂપ કરતાં વધુ ઉચ્ચ સ્વરૂપમાં ઈશ્વરની કલ્પના કરી શકતા નથી. એવો સમય પણ આવે, કે જ્યારે આપણે આપણી મનુષ્યપ્રકૃતિથી પર જઈએ, અને ઈશ્વરને તેના સાચા સ્વરૂપમાં ઓળખીએ. પરંતુ આપણે મનુષ્ય છીએ ત્યાં સુધી આપણે તેની ઉપાસના મનુષ્યમાં અને મનુષ્ય તરીકે જ કરવી જોઈએ. તમે ભલે ગમે તેમ વાતો કરો, ગમે તેટલા પ્રયત્ન કરો, પરંતુ મનુષ્ય સિવાય બીજા કોઈ પણ સ્વરૂપમાં તમે ઈશ્વરને કલ્પી નહીં શકો. ઈશ્વર અને સંસારની બધીયે વસ્તુઓ ઉપર ભલે તમે મોટાં બૌદ્ધિક વ્યાખ્યાનો આપો, ગમે તેટલા મહાન તર્કવાદી બની જાઓ, અને તમને સંતોષ થાય તેવી રીતે સિદ્ધ કરો કે મનુષ્ય રૂપમાં ઈશ્વરના અવતારો વિશેની કથાઓ નરી મૂર્ખતા છે, પરંતુ એક ક્ષણને માટે વ્યાવહારિક બુદ્ધિથી આપણે વિચાર કરીએ. આ પ્રકારની પ્રખર બુદ્ધિની પાછળ છે શું? શૂન્ય. કંઈ જ નહીં, કેવળ શબ્દાડમ્બર! તો પછી જ્યારે તમે કોઈ મનુષ્યને ઈશ્વરના અવતારોની આ પૂજાની વિરુદ્ધ મોટું બૌદ્ધિક વ્યાખ્યાન આપતો સાંભળો ત્યારે તેને ઊભો રાખીને પૂછજો કે ઈશ્વર વિશેનો તારો ખ્યાલ શો છે? "સર્વશક્તિમાન", "સર્વવ્યાપી" અને આ પ્રકારની અન્ય પરિભાષાનાં અર્થ એ શબ્દોની જોડણી સિવાય તમે શું સમજો છો? વાસ્તવમાં તમનો કશો જ અર્થ તે સમજતો નથી હોતો; તે એનો કાંઈ પણ એવો અર્થ ઘટાવી શકતો નથી કે જે તેની પોતાની માનવપ્રકૃતિ વડે રંગાયેલ ન હોય. આ સંબંધમાં, જેણે એક પણ પુસ્તક વાંચ્યું નથી તેવા એક સાધારણ માણસ કરતાં તે કોઈ રીતે વધુ ચડિયાતો નથી. ઊલટું, પેલો સાધારણ માણસ મૂંગો રહે છે અને જગતની શાંતિનો ભંગ કરતો નથી, જ્યારે આ મોટો વાતોડિયો, માનવજાતમાં ભારે મોટી ગડબડ મચાવે છે, અને મહાન આપત્તિ ઊભી કરે છે. વાસ્તવમાં ધર્મ એ પ્રત્યક્ષાનુભૂતિ છે; અને કેવળ શબ્દો તથા આંતરિક અનુભૂતિ વચ્ચેનો તફાવત આપણે સ્પષ્ટપણે તારવવો જોઈએ. આપણા અંતરનાં ઊંડાણમાં આપણે જે અનુભવ કરીએ તે જ પ્રત્યક્ષાનુભૂતિ છે. આ બાબતમાં સામાન્ય બુદ્ધિ જેટલી અસામાન્ય વસ્તુ બીજી કોઈ નથી.

આપણી વર્તમાન માનવપ્રકૃતિ પ્રમાણે આપણે ઈશ્વરને કેવળ મનુષ્યરૂપે જ જોઈ શકીએ. જેમકે જો ભેંસો ઈશ્વરની ઉપાસના કરવા ઇચ્છે તો તેમની પ્રકૃતિ અનુસાર તેઓ ઈશ્વરને એક વિરાટ ભેંસના સ્વરૂપમાં જોશે; જો એક

માછલી ઈશ્વરની ઉપાસના કરવા ચાહે તો તેને ઈશ્વરની કલ્પના એક વિરાટ મત્સ્યરૂપે કરવી પડશે; અને માણસને ઈશ્વરની કલ્પના એક મહાન માનવીના રૂપમાં કરવી પડે છે. આ બધાને વિવિધ ધારણાઓ વિકૃત કલ્પનાનું પરિણામ નથી. મનુષ્ય, ભેંસ, માછલી, આ બધાંને વિવિધ પ્રકારનાં પાત્રો રૂપે કલ્પી શકાય. આ બધાં પાત્રોમાં તેમના આકાર અને શક્તિ અનુસાર ઈશ્વરરૂપી સાગરનું જળ ભરાય છે. એ જળ મનુષ્યમાં મનુષ્યનો, ભેંસમાં ભેંસનો અને માછલીમાં માછલીનો આકાર લે છે. આ દરેક પાત્રોમાં ઈશ્વરરૂપી સાગરનું એક જ જળ ભરેલું છે. માણસ જ્યારે ઈશ્વરને જુએ છે ત્યારે તે તેને માણસરૂપે જુએ છે; અને પશુઓને પણ ઈશ્વરની જો કંઈ કલ્પના હોય તો તેઓ તેને પશુ તરીકે જ જોશે. સૌ કોઈ ઈશ્વરને પોતાના આદર્શ અનુસાર કલ્પે છે. એટલા માટે આપણે ઈશ્વરને મનુષ્યરૂપ સિવાય બીજા રૂપમાં જોઈ શકીએ જ નહીં. અર્થાત આપણે મનુષ્યરૂપે જ તેની પૂજા કરવા બંધાયેલા છીએ; બીજો કોઈ રસ્તો નથી.

કેવળ બે પ્રકારના મનુષ્યો ઈશ્વરની મનુષ્ય તરીકે ઉપાસના કરતા નથી. એક તો નરપશુ કે જેને કોઈ ધર્મ નથી, અને બીજો પરમહંસ, કે જે માનવ જાતિની સર્વ દુર્બળતાઓથી પર ગયો છે, જે માનવપ્રકૃતિની સીમાઓને વટાવી ગયા છે, જેને માટે આખીયે પ્રકૃતિ તેનું પોતાનું સ્વરૂપ બની ચૂકી છે. કેવળ તે જ ઈશ્વરની તેના સાચા સ્વરૂપે ઉપાસના કરી શકે છે. અન્ય બાબતોની જેમ અહીં પણ બે છેડાઓ મળી જાય છે, એક અજ્ઞાનની પરાકાષ્ઠા અને બીજી જ્ઞાનની પરાકાષ્ઠા. બેમાંથી એકેય ઉપાસના કરતા નથી. નરપશુ અજ્ઞાનવશ ઉપાસના કરતો નથી અને જીવનમુક્ત પુરુષોએ પોતાનામાં જ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હોવાથી ઉપાસના કરતા નથી. જીવનના આ બે છેડાઓની વચ્ચેનો જો કોઈ પણ તમને કહે કે પોતે મનુષ્યરૂપમાં ઈશ્વરની ઉપાસના કરશે નહીં, તો કૃપા કરીને તેનાથી સાવધાન રહેજો; તેને માટે અન્ય કોઈ કઠોર ભાષાનો ઉપયોગ કર્યા સિવાય એટલું જ કહેવું બસ થશે કે તે એક બિનજવાબદાર વિતંડાવાદી છે; તેનો ધર્મ અસ્થિર મગજના અને બુદ્ધિહીન માણસો માટે જ છે.

ઈશ્વર મનુષ્યની દુર્બળતાઓ સમજે છે, અને મનુષ્યજાતિના કલ્યાણ માટે મનુષ્યરૂપે અવતાર લે છે:

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे।

"હે ભારત! જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ અને અધર્મનો ઉદય થાય છે ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરું છું. સત્પુરુષોની રક્ષા માટે, દુષ્ટોના વિનાશ માટે તથા ધર્મની સ્થાપના માટે હું યુગે યુગે અવતાર ધારણ કરું છું."

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम्॥

"જ્યારે હું મનુષ્યનું શરીર ધારણ કરું છું ત્યારે મારો ઈશ્વર ભાવ ન સમજી શકવાથી મૂઢ લોકો મારી અવગણના કરે છે." ગીતામાં અવતાર વિશે ભગવાન શ્રીકૃષ્ણની આ ઘોષણા છે. શ્રીરામકૃષ્ણ કહે છે: "જ્યારે સમુદ્રનું એક વિરાટ મોજું આવે છે ત્યારે નાળાં અને ખાબોચિયાંઓ પોતાના કોઈ પણ પ્રયાસ સિવાય આપોઆપ જ છલોછલ ભરાઈ જાય છે; એવી રીતે જ્યારે અવતાર જન્મ લે છે ત્યારે આધ્યાત્મિકતાનું એક વિરાટ મોજું સંસાર ઉપર ફેલાઈ જાય છે, અને જાણે કે આખું વાતાવરણ આધ્યાત્મિક ભાવથી ભરાઈ ગયું હોય એમ લોકોને લાગે છે."

મંત્ર : ૐ : શબ્દ અને જ્ઞાન

હવે આપણે આ મહાપુરુષો, એટલે મહાન અવતારો નહીં, પરંતુ કેવળ સિદ્ધ ગુરુઓ કે જેમણે ધ્યેય પ્રાપ્ત કર્યું છે, તેમને વિષે વિચાર કરીશું. તેમને હમેશાં, જેમના ઉપર મનને કેન્દ્રિત કરવું પડે છે, તે મંત્રોના માધ્યમ દ્વારા આધ્યાત્મિક જ્ઞાનનાં બીજોનો શિષ્યમાં સંચાર કરવો પડે છે. આ મંત્રો શું છે? ભારતીય દર્શન અનુસાર આ સમગ્ર વિશ્વની અભિવ્યક્તિના કારણરૂપે નામ અને રૂપ રહેલાં છે. મનુષ્યના વ્યષ્ટિ જીવનમાં ચિત્તવૃત્તિની એક પણ લહરી એવી ઊઠી શકતી નથી, કે જે નામરૂપથી મર્યાદિત ન હોય. જો આ સાચું હોય કે પ્રકૃતિ સર્વત્ર એક જ નિયમ પ્રમાણે નિર્મિત છે, તો આ પ્રકારની નામરૂપાત્મકતા એ આ સમસ્ત બ્રહ્માંડનો નિયમ હોવો જોઈએ. यथैकेन मृत्पिण्डेन सर्वं मृण्मयं विज्ञातं स्यात्। "જેવી રીતે માટીના એક પિંડ જાણવાથી માટીની બધી વસ્તુઓ જાણી શકાય છે," તેવી રીતે આ દેહપિંડને જાણી લેવાથી સમસ્ત વિશ્વબ્રહ્માંડનું જ્ઞાન થાય છે. હવે રૂપ બાહ્ય પડ છે, અને નામ અથવા ભાવ તેની અંદરનો ગર્ભ છે. શરીર એ રૂપ છે અને મન અથવા અંતઃકરણ એ નામ છે; અને વાક્શક્તિ ધરાવતાં બધાં પ્રાણીઓમાં આ નામની સાથે તેના વાચક શબ્દોનો હમેશાં સંબંધ રહે છે. વ્યષ્ટિ–મહત્ એટલે કે ચિત્તમાં ઊઠતા વિચારતરંગોએ પ્રથમ શબ્દો તરીકે, અને તે પછી વધુ સ્થૂળરૂપ તરીકે વ્યષ્ટિ-માનવમાં પોતાને અભિવ્યક્ત કરવા જોઈએ.

બ્રહ્માંડમાં બ્રહ્માએ અથવા હિરણ્યગર્ભે અથવા સમષ્ટિમહતે પોતાને સૌથી પ્રથમ નામ તરીકે અને પછી આ રૂપમાં એટલે કે આ વિશ્વ તરીકે અભિવ્યક્ત કર્યા. આ સઘળું વ્યક્ત ઇન્દ્રિયગ્રાહ્ય જગત એ રૂપ છે, કે જેની પાછળ અનાદિ અવ્યક્ત સ્ફોટ, અર્થાત સમસ્ત જગતની અભિવ્યક્તિનું કારણ શબ્દબ્રહ્મ છે. આ અનાદિ સ્ફોટ, કે જે સમસ્ત ભાવ અથવા નામનું મુખ્ય અનાદિ ઉપાદાન સ્વરૂપ છે, અને જેના દ્વારા ઈશ્વર આ વિશ્વને સર્જે છે તે મૂળ શક્તિ છે. એટલું જ નહીં, બલ્કે ઈશ્વર પહેલાં પોતાને સ્ફોટરૂપે પરિણત કરે છે અને તે પછી પોતાને વધારે સ્થૂળ ઇન્દ્રિયગ્રાહ્ય જગતરૂપે અભિવ્યક્ત કરે છે. આ સ્ફોટનો વાચક એકમાત્ર શબ્દ છે, અને તે આ ૐ છે. અને જે રીતે વિશ્લેષણના કોઈ પણ શક્ય સાધન દ્વારા આપણે શબ્દને તેના ભાવથી અલગ કરી શકીએ નહીં

તેમ આ ૐ અને આ અનાદિ સ્ફોટ અવિભાજ્ય છે. માટે બધા પવિત્ર શબ્દોમાં તે સૌથી વધુ પવિત્ર છે, બધાં નામ અને રૂપોનો તે જનક છે. આ અનાદિ ૐમાંથી જ સમસ્ત બ્રહ્માંડ પેદા થયું તેમ ધારી શકાય. પરંતુ એમ શંકા ઉઠાવી શકાય કે જોકે ભાવ અને શબ્દ અવિભાજ્ય છે, તોપણ એક જ ભાવ માટે ભિન્ન ભિન્ન વાચક શબ્દો હોય છે, એટલે જગતની ઉત્પત્તિ જે ભાવમાંથી થઈ તે ભાવનો વાચકશબ્દ માત્ર ૐકાર જ હોવો જોઈએ એમ ન કહી શકાય. આ શંકાનો અમારો જવાબ એ છે કે કેવળ ૐકાર જ સર્વભાવસૂચક પ્રતીક છે, અને તેના જેવો બીજો કોઈ પણ શબ્દ નથી. જોકે સ્ફોટ જ બધા શબ્દોનું ઉપાદાન છે, તોપણ તે પૂર્ણરૂપે વિકસિત થયેલો કોઈ એક અમુક શબ્દ નથી. અર્થાત્ એક શબ્દથી બીજા શબ્દને અલગ કરનાર ભિન્ન ભિન્ન વિશિષ્ટતાઓને તેમાંથી ખેંચી લેવામાં આવે તો જે પાછળ રહે છે તે જ સ્ફોટ; એટલા માટે આ સ્ફોટ નાદબ્રહ્મ કહેવાય છે.

હવે જો કોઈ શબ્દ સ્ફોટના પ્રતીક તરીકે વાપરવામાં આવે અને તે આ સ્ફોટમાં કંઈ પણ વિશિષ્ટતા ઉત્પન્ન કરે, તો તે સ્ફોટ સ્ફોટ રહે નહીં. એટલે જે શબ્દથી સ્ફોટમાં કોઈ પણ વિશિષ્ટતા ન આવે અને સાથોસાથ તેના સ્વરૂપને સૌથી વધુ વ્યક્ત કરે, તે શબ્દ જ સ્ફોટનું સૌથી સાચું પ્રતીક છે. અને એ શબ્દ માત્ર ૐકાર જ છે; કારણ કે अ उ म् આ ત્રણે અક્ષરો જ્યારે એક સાથે ઉચ્ચારાય છે ત્યારે "ૐ" બને છે. અને આ અક્ષર જ બીજા બધા શક્ય ઉચ્ચારોનું સર્વ સામાન્ય પ્રતીક થઈ શકે. આમ બધા ઉચ્ચારો કરતાં સૌથી ઓછી વિશિષ્ટતા છે, એટલા માટે શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે, કે अक्षराणामकारोऽस्मि । "અક્ષરોમાં હું 'અ' કાર છું." વળી બધા સ્પષ્ટ ઉચ્ચારિત શબ્દો મોઢાંની અંદરના ભાગમાં ઉત્પન્ન થાય છે. ઉચ્ચારણ–ક્રિયાઓ આરંભ જિહવામૂળથી થાય છે તથા અંત ઓષ્ઠથી થાય છે. આમાંથી अ જીભના મૂળ અર્થાત્ કંઠમાંથી ઉત્પન્ન થાય થાય છે અને म् અંતિમ ઓષ્ઠ્ય શબ્દ છે. उ તે શબ્દલહરી સૂચવે છે, કે જે જીભના મૂળથી શરૂ થઈ આળોટતી આળોટતી ઓષ્ઠોમાં સમાપ્ત થઈ જાય છે. જો યોગ્ય રીતે ઉચ્ચારાય તો "ૐ" શબ્દોચ્ચારની સમગ્ર પ્રક્રિયાનું પ્રતીક થાય. આ કાર્ય અન્ય કોઈ પણ શબ્દ સિદ્ધ કરી શકે નહીં; તેથી આ શબ્દ જ સ્ફોટનું સૌથી વધારે યોગ્ય પ્રતીક છે. એ જ ૐકારનો ખરો અર્થ છે. વળી પ્રતીક અને

જેનું તે સુચક છે તે વસ્તુ, એ બંને કદી અલગ કરી શકાય નહીં; તેથી "ૐ" અને સ્ફોટ બંને એક જ છે. વળી સ્ફોટ એ વ્યક્ત જગતનું સૂક્ષ્મ સ્વરૂપ હોવાથી ઈશ્વરની વધારે સમીપ છે, અને વાસ્તવમાં ઈશ્વરીય જ્ઞાનની પ્રથમ અભિવ્યક્તિ છે, એટલા માટે "ૐ" પણ ઈશ્વરનો સાચો સંજ્ઞાવાચક શબ્દ છે. વળી જેવી રીતે અપૂર્ણ માનવ અખંડ સચ્ચિદાનંદ બ્રહ્મનું ચિંતન કંઈક વિશેષ દૃષ્ટિબિન્દુથી અને સગુણ રૂપમાં કરી શકે છે, તેવી જ રીતે ઈશ્વરના શરીરરૂપી આ જગતનું ચિંતન પણ માનવ મનનાં દૃષ્ટિબિંદુ અનુસાર થાય છે.

ઉપાસકના મનમાં જ્યારે જે પ્રકારનું તત્ત્વ પ્રબળ થાય છે, ત્યારે તે પ્રકારના ભાવોની જાગૃતિ થાય છે. તેનું ફળ એ આવે છે કે એક જ ઈશ્વર ભિન્ન ભિન્ન ગુણવિશિષ્ટ હોવાથી ભિન્ન ભિન્નરૂપે અભિવ્યક્ત થયેલો જોવામાં આવે છે, અને એક જ વિશ્વ ભિન્ન ભિન્ન રૂપોવાળું દેખાય છે. જેવી રીતે ઓછામાં ઓછું વિભક્ત અને સૌથી વધારે વ્યાપક પ્રતીક કે જે ૐ, છે, તેમાં ભાવ અને તેનો વાચકશબ્દ એકબીજા સાથે અવિભાજ્ય રૂપે સંબંધ હોય છે, તેવી જ રીતે આ પ્રકારનો અવિભાજ્ય સંબંધ ઈશ્વરનાં જુદાં જુદાં સ્વરૂપો અને જગત વચ્ચે પણ હોય છે; તેથી આ બધા માટેના વાચક શબ્દો અલગ અલગ હોવા જરૂરી છે આ શબ્દપ્રતીકો, કે જે મહાપુરુષોની ગંભીર આધ્યાત્મિક અનુભૂતિ દ્વારા પ્રગટ થાય છે, તે ઈશ્વર તથા વિશ્વ વિશેના વિભિન્ન ભાવોને યથાસંભવ સ્પષ્ટ રૂપે પ્રકટ કરે છે. અને જે પ્રકારે "ૐ" એ અખંડ બ્રહ્મનો સૂચક છે, તે પ્રકારે બીજા મંત્રો પણ તે જ તત્ત્વ વિશેના વિભિન્ન ભાવોના વાચક છે; અને તે બધા ઈશ્વરના ધ્યાન અને સત્યની પ્રાપ્તિમાં સહાયક બને છે.

પ્રતીકો તથા પ્રતિમાઓની ઉપાસના

હવે પછી વિચારવાના મુદ્દાઓ પ્રતીકોની એટલે કે ઈશ્વરને બદલે ઓછે વધતે અંશે સંતોષકારક પ્રતિનિધિઓની તથા પ્રતિમાઓની એટલે મૂર્તિઓની ઉપાસના છે. પ્રતીક દ્વારા ઈશ્વરની ઉપાસના એટલે શું? તે अब्रह्मणि ब्रह्मदृष्ट्याऽनुसन्धानम् : "જે બ્રહ્મ નથી તેને બ્રહ્મ તરીકે સ્વીકારી, તેમાં ભક્તિભાવપૂર્વક મનને જોડવું તે" એમ ભગવાન શ્રી રામાનુજ કહે છે આચાર્ય શંકર કહે છે કે मनो ब्रह्मेत्युपासीतेत्यध्यात्मम् । अथाधिदैवतमाकाशो ब्रह्मेति । "મનની બ્રહ્મરૂપે ઉપાસના કરો, આ આધ્યાત્મિક ઉપાસના છે; અને આકાશની બ્રહ્મ તરીકેની ઉપાસના આધિદૈવિક છે" મન એક આંતર પ્રતીક છે, આકાશ બાહ્ય પ્રતીક છે, અને બંનેની ઉપાસના ઈશ્વરના પ્રતીક તરીકે કરવાની હોય છે. તેઓ આગળ કહે છે तथा आदित्यो ब्रह्मेत्यादेश. । "તે પ્રમાણે 'આદિત્ય જ બ્રહ્મ છે; આ આદેશ છે.' स यो नामब्रह्मेत्युपास्ते इत्येवमादिषु प्रतीकोपासनेषु संशयः । 'જે નામને બ્રહ્મ તરીકે ઉપાસે છે'-- આ બધાં વાક્યોથી શરૂમાં જ પ્રતીકોપાસના સંબંધે સંશય ઉપસ્થિત થાય છે." પ્રતીક શબ્દનો અર્થ પ્રતિ એટલે તરફ; અને ઈક એટલે જવું એવો થાય છે. કોઈ પણ પ્રતીકની ઉપાસનાનો અર્થ એમ છે કે, બ્રહ્મને સ્થાને કોઈ એવી વસ્તુની ઉપાસના કરવી, કે જે એક અથવા અધિક રીતે બ્રહ્મની સમાન છે પરંતુ બ્રહ્મ સ્વયં નથી. શ્રુતિઓમાં વર્ણવેલાં પ્રતીકોની સાથોસાથ પુરાણો અને તંત્રોમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં પ્રતીકોનો ઉલ્લેખ જોવામાં આવે છે. આ પ્રકારની ભિન્ન ભિન્ન પ્રકારની પ્રતીકોપાસનામાં પિતૃઉપાસના અને દેવોઉપાસનાનો પણ સમાવેશ કરી શકાય.

ખરું કહીએ તો ભક્તિ એટલે ઈશ્વરની કેવળ ઈશ્વરની જ ઉપાસના. દેવ, પિતૃ અથવા અન્ય કોઈ વસ્તુની ઉપાસના ભક્તિ હોઈ શકે નહીં. વિવિધ દેવોની ભિન્ન ભિન્ન પ્રકારની ઉપાસના કર્મકાંડમાં સમાઈ જાય છે. ઉપાસકને કોઈક સ્વર્ગીય સુખના રૂપમાં કોઈક ચોક્કસ ફળ આપે છે. પરંતુ તે તેને ન તો ભક્તિ કે ન તો મુક્તિ આપી શકે. એટલા માટે એક હકીકત ખાસ કરીને કાળજીપૂર્વક ધ્યાનમાં રાખવી પડશે. કેટલાએકની બાબતમાં બને છે તેમ જો પરબ્રહ્મના ઉચ્ચ દાર્શનિક આદર્શને પ્રતીક-ઉપાસના દ્વારા પ્રતીકની કક્ષાએ નીચે ખેંચી લાવવામાં આવે, અને પ્રતીકને ઉપાસકના આત્મા અથવા તો અંતર્યામી

તરીકે ગણવામાં આવે તો ઉપાસક પૂર્ણપણે લક્ષ્યભ્રષ્ટ થઈ જાય, કેમ કે પ્રતીક વાસ્તવિક રીતે ઉપાસકનો આત્મા હોઈ શકે નહીં. પરંતુ જ્યાં બ્રહ્મ સ્વયં ઉપાસ્ય છે અને પ્રતીક કેવળ પ્રતિનિધિ સ્વરૂપ અથવા તેનું સૂચક માત્ર હોય છે, અર્થાત્ જ્યાં સર્વવ્યાપી બ્રહ્મની પ્રતીક દ્વારા ઉપાસના થાય છે, અને પ્રતીકને પ્રતીકરૂપે માન્યા વિના તેને જગતકારણરૂપ બ્રહ્મ માનવામાં આવે છે, ત્યાં ઉપાસના નિશ્ચિત પણે ફળદાયક હોય છે; એટલું જ નહીં બલ્કે જ્યાં સુધી સમસ્ત માનવજાત ઉપાસના સંબંધી ચિત્તની પ્રાથમિક અથવા પૂર્વતૈયારીની અવસ્થાને પાર ન કરે, ત્યાં સુધી તે સૌને માટે અનિવાર્ય રીતે આવશ્યક છે. એટલા માટે જ્યારે અન્ય કોઈ દેવો અથવા અન્ય કોઈ વ્યક્તિઓની ઉપાસના સ્વયં તેમના માટે કરવામાં આવે છે, ત્યારે આવી ઉપાસના માત્ર કર્મકાંડ જ છે; અને એક વિદ્યા (વિજ્ઞાન તરીકે તે ઉપાસના આપણને કેવળ ને વિશિષ્ટ વિદ્યાનું ફળ આપે છે; પરંતુ જ્યારે દેવો અથવા અન્ય વ્યક્તિઓને બ્રહ્મસ્વરૂપ સમજીને તેમની ઉપાસના કરવામાં આવે છે ત્યારે તે ઉપાસનાનું ફળ ઈશ્વરોપાસના સમાન હોય છે. શ્રુતિઓ અને સ્મૃતિઓમાં કહેવા પ્રમાણે ઘણા કિસ્સાઓમાં કોઈ દેવતા અથવા કોઈ ઋષિમુનિ કોઈ અલૌકિક પુરુષને જાણે કે તેની પ્રકૃતિમાંથી ઊંચે ચડાવીને તેની બ્રહ્મસ્વરૂપે ઉપાસના કેવી રીતે કરવામાં આવે છે તેનો ખુલાસો આથી સ્પષ્ટ રીતે મળે છે. અદ્વૈતવાદી કહે છે કે "જ્યારે કોઈ વસ્તુમાંથી નામ અને રૂપ કાઢી નાખવામાં આવે છે, ત્યારે શું પ્રત્યેક વસ્તુ બ્રહ્મ નથી?" વિશિષ્ટાદ્વૈતવાદી કહે છે: "શું ઈશ્વર પ્રત્યેક માણસનો અંતર્યામી નથી?" फलम् आदित्याद्युपासनेषु ब्रह्मैव दास्यति सर्वाध्यक्षत्वात्। "આદિત્યો વગેરેની ઉપાસનાનું ફળ પણ સ્વયં બ્રહ્મ જ પ્રદાન કરે છે, કારણ કે બ્રહ્મ સર્વનું નિયંતા છે." શ્રી શંકર તેમનાં બ્રહ્મસૂત્રોના ભાષ્યમાં કહે છે: ईदृशं चात्र ब्रह्मण उपास्यत्वं यतः प्रतीकेषु तद्दृष्ट्याध्यारोपणं प्रतिमादिषु इव विष्ण्वादीनाम्। "આ પ્રકારે બ્રહ્મ ઉપાસ્ય બની જાય છે, કેમ કે જે પ્રમાણે પ્રતિમા ઉપર વિષ્ણુ વગેરેનું આરોપણ થાય છે, તે જ પ્રમાણે પ્રતીકો ઉપર બ્રહ્મનું આરોપણ થાય છે."

પ્રતીકોની ઉપાસનાની જેમ પ્રતિમાની ઉપાસનાને પણ તે જ ભાવો બંધબેસતા થાય છે; અર્થાત જો કોઈ પ્રતિમા દેવ અથવા મહાપુરુષને સ્થાને હોય તો તેની ઉપાસનાનું ફળ ભક્તિ હોતી નથી અને તેનાથી મોક્ષની પ્રાપ્તિ થતી

નથી. પરંતુ જો તે પ્રતિમા એકલા ઈશ્વરની જ સૂચક હોય તો તેની ઉપાસના ભક્તિ અને મુક્તિ બંને પ્રદાન કરશે. દુનિયાના મુખ્યધર્મો પૈકી વેદાંત, બૌદ્ધ ધર્મ અને ખ્રિસ્તી ધર્મના કેટલાક સંપ્રદાયોમાં પ્રતિમાપૂજા છૂટથી થતી જોવામાં આવે છે; માત્ર ઇસ્લામ અને ખ્રિસ્તીઓનો પ્રોટેસ્ટંટ સંપ્રદાય આવી સહાયનો અસ્વીકાર કરે છે. તોપણ મુસલમાનો પ્રતિમાઓને બદલે તેમના પીરો તથા ઓલિયાઓની કબરોનો ઉપયોગ કરે છે. પ્રોટેસ્ટન્ટ લોકો બધા પ્રકારના સ્થૂળ પ્રતીકોનો તિરસ્કાર કરી પ્રતિવર્ષ ધીરે ધીરે આધ્યાત્મિકતાથી વિમુખ થતા જાય છે, તે એટલે સુધી કે આજે પ્રગતિશીલ પ્રોટેસ્ટન્ટો અને કેવળ નીતિનો જ ઉપદેશ આપનારા અજ્ઞેયવાદી અથવા ઑગસ્ટ કોમ્ટેના અનુયાયીઓ વચ્ચે કશું અંતર રહ્યું નથી. તે ઉપરાંત ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મના પ્રતિકોપાસના જે કંઈ નામશેષ રૂપે પણ વિદ્યમાન છે, તે પ્રતીક અથવા પ્રતિમાની પોતાની જ ઉપાસનાની કક્ષામાં મુકાઈ ગયેલ છે, પરંતુ "ઈશ્વરદૃષ્ટિની સહાયક (દૃષ્ટિસૌલર્યમ્) તરીકે નહીં; એટલા માટે તે તેના શ્રેષ્ઠરૂપે પણ કેવળ વિધિઓવાળો કર્મકાંડ માત્ર છે, તે ભક્તિ અથવા મુક્તિ અપાવી શકે નહીં. આ પ્રકારની પ્રતિમાપૂજા આત્માર્પણ ઈશ્વર પ્રત્યે નહીં પરંતુ અન્ય વસ્તુઓ પ્રત્યે થાય છે. એટલા માટે પ્રતિમાઓ, કબરો, ચર્ચો કે દરગાહો વગેરેની આ પ્રકારની ઉપાસના વાસ્તવમાં મૂર્તિ પૂજા જ છે. તે પોતે ન તો પાપયુક્ત છે કે ન તો દોષયુક્ત છે. તે માત્ર એક પ્રકારનું અનુષ્ઠાન છે, કર્મ છે; ઉપાસકોને તેનું ફળ મળવું જ જોઈએ, અને મળે છે.

ઇષ્ટનિષ્ઠા

હવે વિચાર કરવાનો બીજો મુદ્દો, જેને આપણે ઇષ્ટનિષ્ઠા તરીકે જાણીએ છીએ, તે છે. જેને ભક્ત થવાની આકાંક્ષા છે તેને જાણવું જોઈએ કે "જેટલા મત તેટલા પંથ." તેણે જાણવું જોઈએ કે વિવિધ ધર્મોના ભિન્ન ભિન્ન સંપ્રદાયો એક જ પરમાત્માના મહિમાની ભિન્ન ભિન્ન અભિવ્યક્તિ છે.

नाम्नामकारि बहुधानिजसर्वशक्ति:
तत्रार्पिता नियमित: स्मरणे न काल:।
एतादृशी तव कृपा भगवन्ममापि।
दुर्दैवमीदृशमिहाजनि नानुराग:॥

—શ્રી કૃષ્ણ ચૈતન્ય

"તેઓ તને અસંખ્ય નામોથી સંબોધે છે, જાણે કે તને ભિન્ન ભિન્ન નામોથી વિભાજિત કરે છે, તેમ છતાં આમાંના પ્રત્યેકમાં તારી સર્વશક્તિમત્તા વિદ્યમાન છે. . . . આ બધાં નામો દ્વારા તું ઉપાસક પાસે પહોંચે છે; જ્યાં સુધી હૃદયમાં તારે માટે ગાઢ પ્રેમ છે ત્યાં સુધી (તારા નામના રટણ માટે) કોઈ નિશ્ચિત સમય નથી. તું આટલો બધો સહજગમ્ય છે; છતાં એ મારું દુર્ભાગ્ય છે કે હું તારા પ્રત્યે પ્રેમ રાખી શકતો નથી." એટલું જ નહીં પણ જેઓ ઈશ્વરી પ્રકાશના મહાતેજસ્વી પુત્રો છે, જેઓ પોતાનાથી ભિન્ન સંપ્રદાયના પ્રવર્તકો છે, તેમનો દ્વેષ ન કરવાની—તેમની નિંદા સુધ્ધાં ન કરવાની ભક્તે કાળજી રાખવી જોઈએ. બીજાઓ તેમની નિંદા કરે તોપણ તેણે તે સાંભળવી ન જોઈએ. વાસ્તવમાં એવા મનુષ્યો બહુ જ થોડા હોય છે કે જેઓ એકીસાથે ઉદાર, સહાનુભૂતિવાળા, કદરદાન, તેમ જ ઊંડો પ્રેમ ધરાવનારા હોય. બહુધા આપણે જોઈએ છીએ કે ઉદાર અને સહાનુભૂતિસંપન્ન સંપ્રદાયો ધર્મભાવનાના ઊંડાણને ખોઈ બેસે છે; તેમના હાથે ધર્મ એક પ્રકારના સામાજિક તથા રાજકીય મંડળમાં ઊતરી જાય, તેવો ભય છે. બીજી બાજુ અતિ સંકુચિત સંપ્રદાયો તેમના પોતાના આદર્શો માટે ખૂબ પ્રશંસાપાત્ર પ્રેમ પ્રદર્શિત કરે છે; પરંતુ એવું જણાય છે કે આ પ્રેમ અન્ય મતાવલંબીઓ પ્રત્યેના દ્વેષભાવ દ્વારા જ મેળવેલ હોય છે. આપણે ઈશ્વર પાસે માગીએ કે આ સંસાર એવા મનુષ્યોથી ભરાઈ જાય કે જેમની સહાનુભૂતિ જેમ

વિશ્વવ્યાપી હોય, તેમ પ્રેમ પણ ઊંડો હોય! પરંતુ આવા મહાનુભાવો માત્ર અલ્પ સંખ્યામાં અને ઘણા કાળને અંતરે આવતાં હોય છે. તેમ છતાં આપણે જાણીએ છીએ કે પ્રેમનું ઊંડાણ અને વિસ્તાર, એ બંનેના અદ્ભુત મિશ્રણયુક્ત આદર્શ પ્રત્યે વિશાળ સંખ્યાના મનુષ્યોને દોરવણી આપી શકાય છે. આ સિદ્ધ કરવાનો માર્ગ ઇષ્ટનિષ્ઠાનો એટલે પોતે કે પસંદ કરેલ આદર્શ પ્રત્યેની અવિચળ ભક્તિનો છે. પ્રત્યેક ધર્મનો એક એક સંપ્રદાય માનવજાત સમક્ષ પોતાનો એક જ આદર્શ રજૂ કરે છે, પરંતુ સનાતન વેદાન્તધર્મ, ભગવાનના નિજમંદિરમાં જતાનાં અસંખ્ય દ્વારો માનવજાત માટે ખુલ્લાં કરે છે, તથા તેની સમક્ષ આદર્શોની લગભગ અખૂટ પરંપરા ઉપસ્થિત કરે છે; આ પ્રત્યેક આદર્શમાં "અનંત સત્ય"ની એકેએક અભિવ્યક્તિ હોય છે. ભૂતકાળમાં તથા વર્તમાનકાળમાં ઈશ્વરના માનવ-અવતારોએ, ઈશ્વરના તેજસ્વી પુત્રોએ, માનવજીવનની કઠોર વાસ્તવિકતાઓ-માંથી અસંખ્ય માર્ગો કોરી કાઢયા છે; વેદાંત પરમ કરુણાયુક્ત થઈને મુમુક્ષુ નરનારીઓને અનેક માર્ગો બતાવે છે, અને સૌને—વર્તમાન તથા ભવિષ્યની માનવ જાતિને—આવકાર આપીને પેલા સત્ય ધામે, પેલા આનંદસાગરે લઈ જવા માગે છે, કે જ્યાં પહોંચીને માનવી માયાજાળથી મુક્ત થઈને પૂર્ણ સ્વાતંત્ર્ય અને શાશ્વત આનંદ પામી શકે છે.

એટલા માટે, મુક્તિને માર્ગે લઈ જતા ભિન્ન ભિન્ન પંથોમાંથી કોઈનો પણ અસ્વીકાર, કે ધિક્કાર ન કરવા માટે ભક્તિયોગ આપણને સ્પષ્ટ આદેશ આપે છે. તથાપિ ઊગતાં છોડ વધીને વૃક્ષ ન બને ત્યાં સુધી તેની આજુબાજુ વાડ કરીને તેનું સંરક્ષણ કરવું જોઈએ. આધ્યાત્મિકતાનો આ કોમળ રોપ શરૂઆતમાં જ ભાવો અને આદર્શોના સતત પરિવર્તનના દબાણ નીચે આવે તો તે મરી જાય. ધાર્મિક ઉદારતાના નામે ઓળખાતા ભિન્ન ભિન્ન આદર્શોના સતત પરિવર્તન વડે ઘણા લોકો પોતાની નકામી કુતૂહલવૃત્તિને પોષતાં જોવામાં આવે છે. નવી નવી વાતો સાંભળવાનો તેમનામાં એક પ્રકારનો રોગ પેદા થાય છે, એક પ્રકારનો ધાર્મિક નશો બની જાય છે. ક્ષણિક ઉત્તેજના માટે જ તેઓ નવી નવી વાતો સાંભળવા ઇચ્છે છે. અને જ્યારે આ પ્રકારની એક ઉત્તેજનાની અસર તેમના પરથી ચાલી જાય છે કે તુરત તેઓ બીજી ઉત્તેજન માટે તૈયાર રહે છે. આવા લોકોને માટે ધર્મ એ એક પ્રકારના બૌદ્ધિક નશા જેવો છે, અને ત્યાં જ પૂરો થાય છે. ભગવાન શ્રીરામકૃષ્ણ કહે છે, "એક બીજા પ્રકારનો માણસ પણ

છે કે જે વાર્તા માંહેની મોતી પકાવનારી માછલી કાલુ જેવો છે. જ્યારે સ્વાતિ નક્ષત્રનો આકાશમાં ઉદય થાય છે, ત્યારે આ માછલી સાગર-તળિયે આવેલું પોતાનું સ્થાન છોડીને વર્ષાબિંદુ ગ્રહણ કરવા સાગરની સપાટી ઉપર આવે છે. જ્યાં સુધી વર્ષાનું જલબિંદુ ગ્રહણ કરવામાં તે સફળ થતી નથી ત્યાં સુધી સમુદ્રની સપાટી ઉપર તે પોતાની છીપને ખુલ્લી રાખીને તરતી રહે છે. પછી વર્ષાનું જલબિંદુ પોતાની અંદર પડતાં જ સમુદ્રને તળિયે આવેલા પોતાના સ્થાને પહોંચવા ઊંડી ડૂબકી મારી જાય છે; અને પેલા વર્ષાના જલબિંદુનું સુંદર મોતી ન બને, ત્યાં સુધી તે ત્યાં જ રહે છે."

ઈષ્ટનિષ્ઠાના સિદ્ધાંતને વ્યક્ત કરતી આ વાત અત્યંત કાવ્યપૂર્ણ અને હૃદયસ્પર્શી છે; આ પહેલાં ભાગ્યે જ તે કદી આવી તલસ્પર્શી રીતે રજૂ કરવામાં આવી હશે. આ એકનિષ્ઠા એટલે કે આદર્શ પ્રત્યેની ભક્તિ, ધર્મસાધનાનો આરંભ કરનારા પ્રત્યેક સાધકને માટે અનિવાર્યપણે આવશ્યક છે. રામાયણમાં હનુમાન કહે છે તેમ તેણે કહેવું જોઈએ કે

श्रीनाथे जानकीनाथे अभेद परमात्मनि।
तथापि मम सर्वस्व: राम कमललोचन:॥

"જોકે હું જાણું છું કે શ્રીનાથ અને જાનકીનાથ બંને એક જ પરમ તત્ત્વની અભિવ્યક્તિ છે, તેમ છતાં મારું સર્વસ્વ તો કમળનયન શ્રીરામ જ છે." અથવા, સંત તુલસીદાસે કહ્યું છે તેમ તેણે કહેવું જોઈએ:

"સબસે બસિયે, સબસે રસિયે, સબકા લિજિયે નામ,
હાંજી હાંજી કરતે રહિયે, બૈઠિયે અપને ઠામ."

અર્થાત "બધાની સાથે બેસો, બધાની સાથે મીઠું બોલો, બધા દેવતાઓનાં નામ લો, અને બધાને હાંજી હાંજી કરતા રહો! પરંતુ રહો તમારી પોતાની જગ્યા ઉપર." અર્થાત તમારો ભાવ દૃઢ રાખો. ત્યાર પછી જો સાધક અંતરથી સાચો હશે તો ગુરુએ આપેલ આ નાનકડા બીજ-મંત્રમાંથી તેનામાં પરાભક્તિ તથા પરમજ્ઞાનરૂપી મહાન વડલાની ઉત્પત્તિ થશે, કે જેમાંથી બધી દિશાઓમાં શાખાપ્રશાખાઓ અને વડવાઈઓ ફૂટી ફૂટીને ધર્મના સમગ્ર ક્ષેત્રને આવરી લેશે. આમ સાચો સાધક અનુભવશે કે જીવનમાં તેનો પોતાનો જે આદર્શ હતો તે જ આદર્શની, બધાં નામો વડે, બધા આદર્શોરૂપે, બધા સંપ્રદાયો દ્વારા, અને સર્વ મૂર્તિઓ મારફત ઉપાસના થાય છે.

ભક્તિનો માર્ગ : અને તેનાં સાધનો

ભક્તિનો માર્ગ અને તેનાં સાધનો સંબંધે આચાર્ય રામાનુજે વેદાંત સૂત્રો ઉપર કરેલા ભાષ્યમાં આપણે વાંચીએ છીએ કે "વિવેક, ઇન્દ્રિયનિગ્રહ, અભ્યાસ, યજ્ઞ, પવિત્રતા, અનવસાદ અને અનુદ્ધર્ષથી ભક્તિ મળે છે." રામાનુજના મત મુજબ વિવેક એટલે બીજા પ્રકારના વિવેક ઉપરાંત શુદ્ધ ખોરાક અને ખાદ્યાખાદ્યનો વિચાર પણ આવે છે. તેમના કહેવા મુજબ, ખોરાકને અશુદ્ધ બનાવનારાં ત્રણ કારણો છે. (૧) જાતિદોષ અર્થાત્ ખોરાકનો પ્રકૃતિગત દોષ: જેમ કે ડુંગળી વગેરેની બાબતમાં; (૨) આશ્રયદોષ અર્થાત દુષ્ટ અથવા પાપી વ્યક્તિઓ પાસેથી પ્રાપ્ત થતું ખાદ્ય; અને (૩) નિમિત્તદોષ અર્થાત્ બીજી ગંદી વસ્તુઓના સંસ્પર્શથી, જેવી કે ધૂળ અથવા વાળ વગેરેથી થતી અશુદ્ધિ. શ્રુતિ કહે છે: आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः।

"આહાર શુદ્ધ હોય તો મનની શુદ્ધિ થાય, અને મનની શુદ્ધિથી (ભગવત્) સ્મરણ સ્થિર બને છે." રામાનુજ આ શ્રુતિ છાંદોગ્ય ઉપનિષદમાંથી ટાંકે છે.

ભક્તો માટે આહારનો પ્રશ્ન સદૈવ અત્યંત મહત્ત્વના પ્રશ્નોમાંનો એક રહ્યો છે. કેટલાક ભક્તિ-સંપ્રદાયો આ બાબતના અતિરેકમાં પડી ગયા છે, તે વાત બાજુએ રાખીએ તોપણ આહારના પ્રશ્નમાં એક મહાન સત્ય છૂપાયેલું છે. આપણે એ યાદ રાખવું જોઈએ કે સાંખ્યદર્શન અનુસાર સત્ત્વ, રજસ્, અને તમસની સામ્યાવસ્થાને પ્રકૃતિ કહે છે, અને તેની વૈષમ્ય અવસ્થામાંથી આ વિશ્વનું સર્જન થાય છે. આ તત્ત્વો પ્રકૃતિના ગુણ તથા ઉપાદાન બંને છે. તેથી આ ઉપાદાન દ્વારા જ પ્રત્યેક માનવદેહની ઉત્પત્તિ થઈ છે, અને સત્ત્વ અંશનું પ્રાધાન્ય આધ્યાત્મિક ઉન્નતિ માટે બિલકુલ આવશ્યક છે. જે પદાર્થ આહાર દ્વારા આપણે આપણા શરીરમાં લઈએ છીએ તે આપણી માનસિક વૃત્તિઓનું ઘડતર ઘડવામાં મોટા ભાગ ભજવે છે; એટલા માટે આપણે જે ખોરાક ખાઈએ તેની આપણે ખાસ સંભાળ લેવી ઘટે. તેમ છતાં બીજી બાબતોની જેમ આ બાબતમાં પણ શિષ્યો જે ધર્માંધતાનો ભોગ અચૂકપણે થઈ પડે છે તેનો દોષ આચાર્યો ઉપર મુકાય નહીં.

ખાદ્યાખાદ્યનો આ વિવેક આખરે ગૌણ વસ્તુ છે. ઉપનિષદો ઉપરના પોતાના ભાષ્યમાં આચાર્ય શંકરે એ જ વાક્યને જુદી રીતે સમજાવ્યું છે, અને

આહાર શબ્દનો અર્થ કે જે મોટેભાગે ભોજન ગણાય છે, તેનો સાવ ભિન્ન અર્થ આપ્યો છે. તેમના મત અનુસાર "જે કાંઈ આહૃત—અંદર ગ્રહણ—કરાય છે તે આહાર છે. શબ્દાદિ વિષયોનું જ્ઞાન ભોક્તા અર્થાત્ આત્માના ભોગ માટે અંદર આહૃત થાય છે; અને ઇન્દ્રિયોની આ અનુભૂતિમાં જે જ્ઞાન સંગૃહિત થાય છે તેની શુદ્ધિ તે આહારશુદ્ધિ છે. આસક્તિ, દ્વેષ અને મોહના દોષોથી અસ્પૃશ્ય ઇન્દ્રિયોના વિષયોની ઉપલબ્ધિ ખરી 'આહાર શુદ્ધિ' છે; આવો તેનો અર્થ છે. એટલે આવું જ્ઞાન અથવા આહારની શુદ્ધિ થવાથી તેના અધિકારીનો સત્ત્વ—અંશ એટલે કે અંતઃકરણ શુદ્ધ બનશે; અને સત્ત્વશુદ્ધ થવાથી શાસ્ત્રો દ્વારા જે અનંત પરમાત્મા તેના સત્ય સ્વરૂપમાં ઓળખાયો છે, તેનું અખંડ સ્મરણરૂપી પરિણામ આવશે."

આ બંને વ્યાખ્યાઓ દેખીતી રીતે પરસ્પર વિરોધી લાગે છે, તોપણ બંને સાચી અને આવશ્યક છે. સૂક્ષ્મ શરીર તરીકે જે ઓળખાય છે તે મનનું સંચાલન અને સંયમ, માંસમજ્જાના સ્થૂળ દેહના સંયમ કરતાં નિ:સંશય વધુ ઉચ્ચ કાર્ય છે. પરંતુ સ્થૂળનો સંયમ પણ સૂક્ષ્મના નિયમન માટે અનિવાર્યપણે આવશ્યક છે. એટલા માટે સાધનાનો આરંભ કરનારાએ પોતાના માન્ય ગુરુઓની પરંપરાથી ચાલી આવતી આહાર વિષેની આવી બધી નિયમાવલિ વિશેષ તરફ લક્ષ આપવું ઘટે. પરંતુ આપણા ઘણા સંપ્રદાયોમાં અર્થહીન ધર્માંધતાના અતિરેકે ધર્મને રસોડામાં જ પૂરી રાખ્યો છે. અને પરિણામે ધર્મના ઉદાર સત્યને આધ્યાત્મિકતાનાં સૂર્યપ્રકાશ જોવાની કશી જ આશા રહેતી નથી, એ તો કેવળ એક વિશિષ્ટ પ્રકારનો જડવાદ જ છે. તે નથી જ્ઞાન, નથી ભક્તિ કે નથી કર્મ; એ તો એક વિશિષ્ટ પ્રકારનું ગાંડપણ છે. અને જેઓ પોતાના આત્માને તેમાં ચોંટાડી રાખે છે તેઓ બ્રહ્મલોકને બદલે ગાંડાઓની ઇસ્પિતાલમાં જાય તે જ વધુ શક્ય છે. એટલા માટે આહારની પસંદગીની બાબતમાં જે વિવેક ઉચ્ચ માનસિક અવસ્થાની પ્રાપ્તિ માટે આવશ્યક છે તે સંયુક્તિક છે; તે અવસ્થા બીજી રીતે સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે નહીં.

જે બીજી વસ્તુ તરફ ધ્યાન આપવાનું છે તે ઇન્દ્રિયનિગ્રહ છે. વિષયો તરફ જતી ઇન્દ્રિયોને રોકવી, તેમને સંયમમાં રાખી પોતાની ઇચ્છાશક્તિના કાબૂમાં રાખવી, તે સાધનાનો મુખ્ય વિષય છે. ત્યાર પછી આત્મસંયમ અને આત્મત્યાગનો અભ્યાસ આવે છે. સાધકના આવા સંઘર્ષ અને અભ્યાસ વિના આત્મસાક્ષાત્કારની વિશાળ શક્યતાઓ સાર્થક થઈ શકે નહીં. "મનમાં સદૈવ ઈશ્વરનું સ્મરણ

થવું જોઈએ." શરૂઆતમાં મનને ઈશ્વરના ચિંતનમાં નિરંતર લગાડી રાખવાનું અત્યંત કઠિન છે, પરંતુ પ્રત્યેક નવા પ્રયત્નની સાથે આપણામાં એમ કરવાની શક્તિ બળવાન બનતી જાય છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે: अभ्यासेन तु कौन्तेय, वैराग्येण च गृह्यते । "હે કુંતિપુત્ર! અભ્યાસ અને વૈરાગ્ય વડે મનને વશ કરી શકાય છે."

ત્યાર પછીનું સાધન છે ક્રિયા એટલે યજ્ઞ. સમજવાનું એમ છે કે પંચ મહાયજ્ઞોનું નિયમપૂર્વક અનુષ્ઠાન કરવું. એ પંચયજ્ઞો આ છે: (૧) દેવયજ્ઞ; (૨) ઋષિયજ્ઞ, (૩) પિતૃયજ્ઞ, (૪) નૃયજ્ઞ અને (૫) ભૂતયજ્ઞ.

ભક્તિની સમગ્ર ઇમારત પવિત્રતાના ખડક ઉપર ઊભી છે. આ પવિત્રતા ભક્તિના અત્યાવશ્યક પાયો છે. શરીરને સ્વચ્છ રાખવું અને ખાદ્યાખાદ્યનો વિવેક રાખવો એ બંને સરળ છે, પરંતુ માનસિક સ્વચ્છતા અને પવિત્રતા વિના આ બાહ્ય આચારોની કશી જ કિંમત નથી. રામાનુજના મત પ્રમાણે પવિત્રતાના ઉપાય રૂપ જે ગુણો ગણાવ્યા છે તેની યાદીમાં સત્ય, આર્જવ એટલે સરલતા, દયા, અહિંસા એટલે વિચાર વાણી અને ક્રિયા દ્વારા બીજાઓને હાનિ ન કરવી તે, અને વિદ્યા એટલે કે બીજાના ધનનો લોભ ન રાખવો તે, નિરર્થક વિચારોનો ત્યાગ કરવો અને બીજાએ કરેલા અનિષ્ટના સતત ચિંતનનો ત્યાગ કરવો તે. આ યાદીમાં જે એક વિચાર ખાસ ધ્યાન દેવા જેવો છે તે અહિંસા એટલે કે બીજાઓને હાનિ ન પહોંચાડવી તે છે. બધાં પ્રાણીઓ પ્રત્યે અહિંસાનું પાલન આપણે માટે પરમ આવશ્યક છે. કેટલાએક માને છે તેમ તેનો અર્થ માત્ર મનુષ્યો પ્રત્યે દયા અને ઊતરતી કોટિના પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા, એવો નથી; અથવા તો બીજા કેટલાક માને છે તેમ તેનો અર્થ કેવળ કૂતરાં-બિલાડાંઓનું રક્ષણ તથા કીડીઓને ખાંડ ખવડાવવાનું અને બીજી બાજુ છૂટથી પોતાના માનવ બંધુઓનાં ગળાં કાપવાનું એવો પણ નથી! એ એક નોંધપાત્ર હકીકત છે કે આ જગતમાં લગભગ દરેક ઉમદા વિચારને એક ધૃણાજનક છેડા સુધી લઈ જઈ શકાય છે. એક શુભ કાર્યને પણ જો તેના અંત સુધી લઈ જઈને, કાનૂનના શબ્દાર્થ અનુસાર આચરવામાં આવે તો તે એક ચોખ્ખું અનિષ્ટ બને છે. કેટલાએક ધર્મ-સંપ્રદાયોના સાધુઓનાં શરીર દુર્ગંધયુક્ત હોય છે; જંતુઓ રખે મરી જાય એ બીકે તેઓ સ્નાન કરતા નથી. પરંતુ તેઓ તેમના શરીરમાંથી નીકળતી દુર્ગંધને લીધે

મનુષ્યોને કેટલા અગવડરૂપ અને રોગને નોતરનારા બને છે તેનો તેઓ ક્યારેય ખ્યાલ કરતા નથી. અલબત્ત, તેઓ વૈદિક ધર્મમાં માનનારાઓ નથી!

અહિંસાની કસોટી ઈર્ષ્યાના અભાવમાં છે. ક્ષણિક આવેશમાં આવી જઈને અથવા કેટલાક વહેમો અથવા પુરોહિતોના દબાણથી કોઈ મનુષ્ય સારું કાર્ય કરી નાખે અથવા એક કોઈ મોટું દાન આપી દે; પરંતુ સાચો માનવપ્રેમી તો તે છે કે જે કોઈની પણ ઈર્ષ્યા કરતો નથી. જગતના બધા કહેવાતા મહાપુરુષો એક નજીવા નામ ખાતર, એક અલ્પ કીર્તિ ખાતર અગર સોનાના ટુકડાઓ ખાતર એકબીજાની ઈર્ષ્યા કરતા જોવામાં આવે છે. જ્યાં સુધી મનુષ્યના અંતરમાં આ ઈર્ષ્યા વસતી હોય ત્યાં સુધી તે પૂર્ણ અહિંસાથી ઘણો દૂર છે. ગાય અગર ઘેટું માંસ ખાતાં નથી, એટલા માટે શું તેઓ મહાયોગીઓ અને મહાન અહિંસકો છે કે? કોઈ પણ મૂર્ખ મનુષ્ય આ અથવા પેલું ખાવાનું છોડી શકે; નિ:સંશય તે તેને ઘાસપાન ખાનારાં પ્રાણીઓ કરતાં વધુ શ્રેષ્ઠતા આપતું નથી. જે મનુષ્ય વિધવાઓ અને અનાથોને નિર્દયતાપૂર્વક છેતરે છે અને ધન ખાતર અધમમાં અધમ કૃત્યો કરે છે, તે કોઈ પણ પશુ કરતાં અધમ છે; પછી ભલે ને તે એકલું ઘાસ ખાઈને જ જીવતો હોય. જે મનુષ્યનું હૃદય કોઈને પણ નુકસાન કરવાનો વિચાર સુધ્ધાં સેવતું નથી, જે તેના મોટામાં મોટા દુશ્મનની સુખાકારી જોઈને આનંદ પામે છે, તે જ માણસ ખરો ભક્ત છે, તે જ યોગી છે, તે જ સૌનો ગુરુ છે; પછી ભલે તે ડુક્કરના માંસ ઉપર જ તેનો એકેએક દિવસ કાઢતો હોય. એટલા માટે આપણે હમેશાં યાદ રાખવું જોઈએ કે બાહ્ય આચરણ આંતરિક શુદ્ધિ વિકસાવવાનું સાધન હોય તો જ તેની કિંમત છે. જ્યારે બાહ્ય આચાર તરફ બહુ કાળજીપૂર્વક ધ્યાન આપવાનું વ્યવહારુ ન હોય ત્યારે એકલી આંતરિક શુદ્ધિ રાખવી તે વધુ શ્રેયસ્કર છે. પરંતુ જે માણસ અને જે રાષ્ટ્ર ધર્મના સાચા, આંતરિક, આધ્યાત્મિક મર્મને ભૂલી જાય છે, અને યંત્રવત બધા બાહ્ય આચારોને મડાગાંઠની પેઠે વળગી રહે છે તથા તેમને કદી છોડતા નથી, તે માણસને અને તે રાષ્ટ્રને ધિક્કાર છે. જ્યાં સુધી અનુષ્ઠાનો, અને આચારો આંતરિક જીવનના બાહ્ય આવિર્ભાવ રૂપ હોય, ત્યાં સુધી જ તેમની કિંમત છે. જો તેઓ જીવનને વ્યક્ત કરતા બંધ થઈ ગયા હોય તો તેમને નિર્દયતાપૂર્વક કચડી નાખવાં જોઈએ.

ભક્તિની પ્રાપ્તિ માટેનું ત્યાર પછીનું સાધન છે અનવસાદ, એટલે કે નિર્બળતાનો અભાવ. नायमात्मा बलहीनेन लभ्यः। "આ આત્માને નિર્બળ મનુષ્યો પ્રાપ્ત કરી શકે નહીં." અહીં નિર્બળતા શબ્દથી શારીરિક તથા માનસિક બંને પ્રકારની નિર્બળતા સમજવાની છે बलिष्ठो द्रढिष्ठः। "બલવાન, દૃઢ" મનુષ્યો જ યોગ્ય શિષ્યો ગણાય. દુર્બળ, કૃષ, ક્ષીણકાય, જરાજીર્ણ મુડદાલ માણસો શું કરી શકવાના? કોઈ પણ યોગની સાધનાથી જ્યારે શરીર અને મનની અલૌકિક શક્તિઓ જરાક જેટલી જાગતાં જ તેઓ છિન્નભિન્ન થઈ જશે." "કેવળ યુવાન, સ્વસ્થ બલિષ્ઠ" જ વિજય પ્રાપ્ત કરી શકે. એટલા માટે શારીરિક સામર્થ્ય અત્યંત આવશ્યક છે. ઇન્દ્રિયોને સંયમમાં રાખવાના પ્રયાસને લઈને પરિણમતા પ્રત્યાઘાતના આંચકા કેવળ સુદૃઢ શરીર જ જીરવી શકે છે. જે ભક્ત થવા ઇચ્છે છે તેણે દૃઢ બનવું જોઈએ, તંદુરસ્ત બનવું જોઈએ. જ્યારે કોઈ અતિ દુર્બળ માણસ કોઈ પણ યોગની સાધના કરે છે, ત્યારે તેને કોઈ અસાધ્ય બીમારી લાગુ પડવાનો અથવા તેનું મન નબળું પડી જવાનો ભય છે. સ્વેચ્છાએ શરીરને દુર્બળ કરી નાખવું તે આધ્યાત્મિક જ્ઞાન પ્રાત કરવા માટેનો સાચો ઉપાય નથી.

જેઓનું મન દુર્બળ છે તેઓ પણ આત્માની ઉપલબ્ધિ કરવામાં સફળ નીવડી શકે નહીં. જે ભક્ત થવા ઇચ્છે છે, તેણે પ્રસન્નચિત્ત થવું જોઈએ. પાશ્ચાત્ય દેશોમાં ધાર્મિક મનુષ્યોની કલ્પના એવી છે કે તે કદી હસતો નથી, તેના ચહેરા ઉપર એક પ્રકારની ગંભીરતાની કાળી છાયા પથરાયેલી રહેવી જોઈએ, અને તેનો ચહેરો ભારેખમ અને બેસી ગયેલાં ડાચાંવાળો હોવો જોઈએ. કૃષ શરીરવાળા અને ભારેખમ ચહેરાવાળા લોકો ડૉક્ટરોની સારવારને યોગ્ય છે; તેઓ યોગીઓ નથી. પ્રસન્નચિત્ત માનવી જ ઉદ્યમશીલ હોય છે; દૃઢ મન જ હજારો મુશ્કેલીઓ-માંથી પોતાનો રસ્તો કરી લે છે; અને આ માયાજાળ કાપીને બહાર નીકળવાનો રસ્તો, કે જે સૌથી કઠણમાં કઠણ કાર્ય છે, તે કેવળ પ્રચંડ ઇચ્છાશક્તિવાળા માટે જ નિયત કરાયેલું છે.

સાથોસાથ હર્ષના અતિરેકનો પણ ત્યાગ કરવો જોઈએ. આનું નામ છે અનુદ્ધર્ષ. હર્ષનો અતિરેક આપણને ગંભીર ચિંતન માટે અયોગ્ય બનાવે છે; મનની

શક્તિઓને તે નિરર્થક વેડફી નાખે છે. ઇચ્છાશક્તિ જેટલી વધુ બળવાન તેટલી મનની ઊર્મીઓને તે ઓછી વશ થાય છે. વધુપડતા ગાંભીર્યની પેઠે વધુપડતો હર્ષ પણ હાનિકારક છે; સર્વ પ્રકારની આધ્યાત્મિક અનુભૂતિ તો મન જ્યારે સ્થિર, શાંત, સમતોલ સ્થિતિમાં હોય ત્યારે જ સંભવે છે. ઈશ્વરની ભક્તિ કઈ રીતે કરવી તે શીખવાનો સાધક આ રીતે આરંભ કરી શકે છે.

ભક્તિયોગ

પરાભક્તિ

પૂર્વતૈયારી – ત્યાગ

ગૌણી ભક્તિ તરીકે જે ઓળખાય છે, તેનો વિચાર આપણે હવે પૂરો કર્યો છે અને પરાભક્તિ અથવા પરમ પ્રેમના અભ્યાસમાં આપણે પ્રવેશ કરીએ છીએ. આ પરાભક્તિની સાધનાની પૂર્વતૈયારી વિશે આપણે હવે ચર્ચા કરવાની છે. આવી બધી પૂર્વતૈયારીઓ માત્ર આત્માની શુદ્ધિ માટે જ છે. નામજપ, બાહ્ય અનુષ્ઠાનો, પ્રતિમાઓ અને પ્રતીકો, આ બધી જુદી જુદી વસ્તુઓ આત્માની શુદ્ધિ માટે છે. આ બધાં સાધનોમાં સૌથી શ્રેષ્ઠ શુદ્ધિ કરનાર સાધન – જેના વિના આ પરાભક્તિના ક્ષેત્રમાં કોઈ પ્રવેશ કરી શકતું નથી તે – ત્યાગ છે. આ વાત ઘણાંને ભડકાવે છે. પરંતુ તેના વિના કોઈથી પણ આધ્યાત્મિક વિકાસ સાધી શકાતો નથી. આપણા બધા યોગોમાં આ ત્યાગ આવશ્યક છે. આ ત્યાગ જ સર્વ આધ્યાત્મિક સંસ્કારિતાનું સોપાન, મધ્યબિંદુ અને ખરું હાર્દ છે. ત્યાગ જ ધર્મ છે.

જ્યારે માનવઆત્મા સાંસારિક બાબતોમાંથી પાછો વળે છે અને વધુ ઊંડી આધ્યાત્મિક બાબતોમાં ઊતરવાનો પ્રયાસ કરે છે, જ્યારે મનુષ્ય સમજે છે કે ગમે તેમ, પણ પોતાનો આત્મા સ્થૂળ અને ભૌતિક બની ગયો હોવાથી તે કેવળ જડ બની જશે, તેનો વિનાશ થશે ત્યારે તે જડ વસ્તુની વિમુખ બને છે. પછી તેના ત્યાગનો આરંભ થાય છે, અને ત્યારે જ તેનો વાસ્તવિક આધ્યાત્મિક વિકાસ શરૂ થાય છે. કર્મયોગીનો ત્યાગ તેનાં કર્મફળનો ત્યાગ કરવામાં છે; તે તેનાં કર્મનાં ફળમાં આસક્ત હોતો નથી; તે આ જન્મે અથવા તો જન્માન્તરે પણ કોઈ ફળની પરવા કરતો નથી. રાજયોગી જાણે છે કે સમગ્ર પ્રકૃતિ આત્માને ભિન્ન ભિન્ન પ્રકારનો અનુભવ આપવા માટે છે. અને આત્માના બધા અનુભવોનું પરિણામ પોતે પ્રકૃતિથી નિત્ય ભિન્ન છે એમ જાણવું તે છે. માનવઆત્માએ એટલું સમજવાનું અને અનુભવવાનું છે કે પોતે સનાતન કાળથી ચૈતન્ય સ્વરૂપ

છે; જડ પદાર્થ નથી, જડ પદાર્થ સાથેનો પોતાનો સંયોગ માત્ર થોડાક સમય માટેનો છે અને તેવો જ હોઈ શકે. રાજયોગી પોતે પોતાના પ્રકૃતિના અનુભવોમાંથી વૈરાગ્યનો પાઠ શીખે છે. જ્ઞાનયોગીને સૌથી વધુ આકરા વૈરાગ્યમાંથી પસાર થવું પડે છે, કેમ કે શરૂઆતથી જ આ જડ પદાર્થ જેવી દેખાતી સમસ્ત પ્રકૃતિ એક ભ્રમ છે એવી ધારણા તેણે કરી લેવાની હોય છે. તેણે સમજી લેવાનું હોય છે કે પ્રકૃતિમાં શક્તિની જે કાંઈ અભિવ્યક્તિ થાય છે તે પ્રકૃતિની નહીં પરંતુ આત્માની છે. તેણે શરૂઆતથી સમજવાનું હોય છે કે સમગ્ર જ્ઞાન અને સમસ્ત અનુભવ આત્મામાં વિદ્યમાન છે, નહીં કે પ્રકૃતિમાં; એટલા માટે તેને કેવળ તર્કપૂર્વકના નિશ્ચયના બળે સમસ્ત પ્રકૃતિનાં બંધનોમાંથી પોતાની જાતને છોડાવી નાખવાની હોય છે. તે પ્રકૃતિને તથા સઘળા પ્રાકૃતિક પદાર્થોને છોડી દે છે, તે તેમને લુપ્ત થવા દે છે અને પોતે એકાકી ખડો રહેવાનો પુરુષાર્થ કરે છે!

તમામ પ્રકારના ત્યાગોમાં ભક્તિયોગીનો ત્યાગ સૌથી વધારે સ્વાભાવિક છે એમ કહી શકાય. એમાં કોઈ પણ જાતની બળજબરી નથી. પોતાની પાસેની કોઈ વસ્તુ છોડી દેવાની નથી, કોઈ વસ્તુને ફેંકી દેવાની નથી, પોતાની જાતને કઠોરતાપૂર્વક કોઈ પણ વસ્તુથી જુદી પાડવાની નથી. ભક્તનો ત્યાગ સહજ, સરળ અને પોતાની આસપાસની વસ્તુઓ જેટલો જ સ્વાભાવિક છે. આ પ્રકારના વૈરાગ્યના આવિર્ભાવને હમેશાં આપણી આસપાસ બેશક વધતેઓછે અંશે વિકૃત સ્વરૂપમાં, વ્યક્ત થયેલો આપણે જોઈએ છીએ. કોઈ પુરુષ એક સ્ત્રીને ચાહવા લાગે છે; કેટલાક સમય પછી તે બીજીને ચાહે છે અને પહેલી સ્ત્રીને ભૂલી જાય છે; તેના મનમાંથી પહેલી સ્ત્રી ધીમે ધીમે સહેલાઈથી નીકળી જાય છે અને તેનો અભાવ તેને જરાય જણાતો નથી. એક સ્ત્રી કોઈ પુરુષને ચાહે છે; પછી તે કોઈ બીજાને ચાહવા માંડે છે, અને તેના મનમાંથી પ્રથમ પુરુષ તદ્દન સ્વાભાવિક રીતે નીકળી જાય છે. માણસ પોતાના વતનને ચાહે છે, પછી તે પોતાના દેશને ચાહવા માંડે છે, અને તેના નાનકડા વતન માટેનો ગાઢ પ્રેમ સ્વાભાવિક રીતે અને સહેલાઈથી નીકળી જાય છે. વળી મનુષ્ય સમગ્ર જગતને ચાહવા લાગે છે કે તરત જ તેનો દેશ માટેનો પ્રેમ—તેની ગાઢ અને ઉન્મત્ત દેશદાઝ તેને સ્પર્શ્યા વિના, બળજબરીની કોઈ પણ પ્રકારની નિશાની વિના ખરી પડે છે. એક અસંસ્કારી માણસ ઇન્દ્રિયસુખોમાં રાચે છે; જેમ જેમ તે સંસ્કારી બને છે તેમ

તેમ તે બૌદ્ધિક આનંદમાં રાચે છે, અને તેના વિષયભોગો ક્રમશઃ ઓછા ને ઓછા થતા જાય છે. એક કૂતરો અથવા એક વરુ જેટલા સ્વાદ અને આનંદથી પોતાનું ખાવાનું ખાય છે તેટલા સ્વાદ અને આનંદથી કોઈ પણ મનુષ્ય પોતાનું ભોજન ખાઈ શકતો નથી; પરંતુ મનુષ્ય બૌદ્ધિક અનુભવ અને ઉપલબ્ધિઓમાંથી જે આનંદ મેળવે છે તે કૂતરા કદી મેળવી શકતો નથી. સૌ પ્રથમ નીચામાં નીચી ઇંદ્રિયોના વિષયો સાથેના સંબંધથી આનંદ મળે છે; પરંતુ જેમ જેમ પ્રાણી જીવનની વધુમાં વધુ ઊંચી ભૂમિકા પર પહોંચે છે તેમ તેમ હલકા પ્રકારના આનંદોની તીવ્રતા ઓછી થતી જાય છે. માનવસમાજમાં માણસ પશુની જેટલો વધુ નજીક હોય છે તેટલો તેનો આનંદ ઇંદ્રિયસુખોમાં વધુ પ્રબળ હોય છે; અને મનુષ્ય જેટલો વધુ ઉચ્ચ અને વધુ સંસ્કારી હોય છે તેટલો તેનો આનંદ બૌદ્ધિક અને એવા પ્રકારની અન્ય વધુ સૂક્ષ્મ બાબતોનો હોય છે. એટલે જ્યારે મનુષ્ય બુદ્ધિની ભૂમિકા કરતાં વધુ ઊંચે જાય છે, કેવળ વિચારની ભૂમિકા કરતાં વધુ ઊંચે જાય છે, અને જ્યારે દિવ્ય પ્રેરણા અને આધ્યાત્મિકતાની ભૂમિકાએ પહોંચે છે, ત્યારે તે એક પરમ આનંદમય સ્થિતિ પ્રાપ્ત કરે છે; તેની સરખામણીમાં સાંસારિક સુખો નહિવત્ જણાય છે. જ્યારે ચન્દ્રનો ઉજ્જ્વળ પ્રકાશ દેખાય છે, ત્યારે બધા તારાઓ ઝાંખા પડી જાય છે; અને જ્યારે સૂર્ય પ્રકાશે છે ત્યારે ખુદ ચન્દ્ર પણ પ્રભાહીન બની જાય છે. ભક્તિ માટેના આવશ્યક ત્યાગની પ્રાપ્તિ કોઈ પણ વસ્તુના નાશ કરીને થતી નથી, પરંતુ વધતા જતા પ્રબળ પ્રકાશના સાનિધ્યમાં મંદ પ્રકાશવાળા પદાર્થો જેમ વધુ અને વધુ ઝાંખા થતા થતા સંપૂર્ણપણે વિલીન થઈ જાય છે, તેમ આ ત્યાગ પણ તેવો જ સ્વાભાવિકતાથી આવે છે. એ જ પ્રમાણે ઇન્દ્રિયોના અને બુદ્ધિના ઉપભોગો પ્રત્યેની આ આસક્તિ પણ સ્વયં ઈશ્વર પ્રત્યેના પ્રેમ વડે નિષ્પ્રભ બની જાય છે અને દૂર ફેંકાઈ જાય છે

ઈશ્વરનો પ્રેમ વૃદ્ધિ પામીને પરાભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે. જેને આ ઈશ્વરપ્રેમનો અનુભવ થાય છે તેને માટે પછી પ્રતીકો અદૃશ્ય થાય છે, અનુષ્ઠાનો દૂર નાસી જાય છે, ગ્રન્થોને રજા મળે છે; મૂર્તિઓ, મંદિરો, દેવળો, ધર્મો અને સંપ્રદાયો, દેશ અને જાતીયતા; આવા બધા નાના નાના વાડાઓ અને બંધનો સ્વાભાવિક રીતે ખરી પડે છે. તેને બંધન કરે એવું અથવા તેની સ્વતંત્રતાને તોડી નાખે તેવું કશું જ પછી રહેતું નથી. અચાનક કોઈ વહાણ લોહચુંબકના

ખડકની સમીપ આવતા તેના લોઢાના તમામ ખીલાઓ ખેંચાઈને બહાર નીકળી જાય છે, અને પાટિયાંઓ છૂટાં પડી જઈને પાણી ઉપર તરવા લાગે છે, તે જ પ્રમાણે ભગવદ્કૃપા, આત્માને બંધન કરનારા આવા ખીલાઓને કાઢી નાખે છે અને આત્મા મુક્ત બને છે. આમ, ભક્તિના સહાયક ત્યાગમાં કોઈ પ્રકારની કર્કશતા નથી, કોઈ શુષ્કતા નથી, કશો સંઘર્ષ નથી, કોઈ જાતનું દબાણ નથી, કોઈ જાતનો જુલમ નથી. ભક્ત પોતાની એકેય ઊર્મિને દબાવવાની નથી; તે માત્ર તેમને પ્રબળ બનાવી ઈશ્વરાભિમુખ કરવા મથે છે.

ભક્તનો વૈરાગ્ય પ્રેમમાંથી ઉદ્‌ભવે છે

પ્રકૃતિમાં આપણે સર્વત્ર પ્રેમ દેખીએ છીએ. સમાજમાં જે કાંઈ શુભ, ભવ્ય અને ઉચ્ચ છે તે આ પ્રેમનું પરિણામ છે; સમાજમાં જે અત્યંત અશુભ છે, બલ્કે પૈશાચિક છે તે પણ પ્રેમની જ ભાવનાનું, પરંતુ વિકૃત પરિણામ છે. પતિ અને પત્ની વચ્ચેના શુદ્ધ દાંપત્ય પ્રેમની, તેમ જ હલકામાં હલકા પાશવી વાસનાનાં સ્વરૂપોને જે પ્રકારનો પ્રેમ સંતોષે છે તેની જનક આ એક જ ઊર્મિ છે. ઊર્મિ એક જ છે, પરંતુ ભિન્ન ભિન્ન અવસ્થામાં તેની અભિવ્યક્તિ ભિન્ન ભિન્ન રીતે થાય છે. પ્રેમની આ એક જ ઊર્મિ શુભ સ્વરૂપે મનુષ્યને પોતાનું સર્વસ્વ ગરીબોને આપવા અને તેમનું ભલું કરવા પ્રેરે છે, જ્યારે અશુભ સ્વરૂપે અન્ય મનુષ્યોને પોતાનાં જ બંધુઓનાં ગળાં કાપવા અને તેમનું સર્વસ્વ લૂંટી લેવા પ્રેરે છે. પ્રથમ શ્રેણીનો મનુષ્ય જેટલો અન્યને ચાહે છે તેટલો જ બીજી શ્રેણીનો મનુષ્ય પોતાની જાતને ચાહે છે. બીજા મનુષ્યના કિસ્સામાં પ્રેમની દિશા અનિષ્ટકારી છે, પરંતુ પ્રથમ મનુષ્યના કિસ્સામાં તે ઇષ્ટ અને યોગ્ય છે. જે અગ્નિ આપણું ભોજન રાંધી આપે છે તે કદાચ કોઈ બાળકને દઝાડે પણ ખરો; અને જો તેમ બને તો એમાં અગ્નિનો કોઈ દોષ નથી; તેને વાપરવાની રીતમાં ફેર છે. તેથી પ્રેમ ભલેને ઉચ્ચ કોટિનો હોય કે અધમ કોટિનો હોય, પણ તેનું સ્વરૂપ સર્વત્ર મેળાપ માટેની તીવ્ર ઝંખના, બે વ્યક્તિઓની એકબીજા રૂપ બની જવાની ઉત્કટ ઇચ્છા, અને આખરે સૌનો એકત્વમાં લય કરવો એ ભાવનાની અભિવ્યક્તિમાં છે.

ભક્તિયોગ ઉચ્ચ કોટિના પ્રેમનું વિજ્ઞાન છે. પ્રેમને ધ્યેય તરફ કેવી રીતે વાળવો તે ભક્તિયોગ આપણને બતાવે છે; તેને કેવી રીતે કાબૂમાં રાખવો, તેનું કેવી રીતે નિયંત્રણ કરવું, તેનો કેવી રીતે સદુપયોગ કરવો, એક નવા ધ્યેય તરફ તેને કેવી રીતે વાળવો તથા તેમાંથી, જાણે કે સર્વોચ્ચ અને સૌથી ભવ્ય પરિણામ શી રીતે મેળવવાં, અર્થાત્ ઉચ્ચ આધ્યાત્મિક આનંદ તરફ આપણને લઈ જવામાં તેનો કેવી રીતે ઉપયોગ કરવો એ બધું ભક્તિયોગ શીખવે છે. ભક્તિયોગ એમ કહેતો નથી કે "છોડી દો"; તે કેવળ એટલું જ કહે છે કે "ચાહો; પણ ઊંચામાં ઊંચી વસ્તુને ચાહો." અને જેનું પ્રેમપાત્ર સર્વોચ્ચ હોય છે તેની નજરમાંથી સ્વાભાવિકપણે જ પ્રત્યેક હલકી વસ્તુ સરી પડે છે.

"હે પ્રભુ! તું મારું પ્રેમપાત્ર છો. એ સિવાય તારા વિષે હું કંઈ જ કહી શકતો નથી. તું સુંદર છો; અરે, તું અત્યંત સુંદર છો; તું સ્વયં સૌંદર્ય છો." આ યોગમાં ખરેખર આટલી જ જરૂર છે કે આપણી સૌંદર્ય માટેની પિપાસાને આપણે ઈશ્વર તરફ વાળવી. મનુષ્યના મુખની કાંતિ કે આકાશનું, તારાઓનું અને ચન્દ્રમાનું સૌંદર્ય એ શું છે? એ તો સર્વવ્યાપક દિવ્ય સૌંદર્યનો આંશિક આભાસ માત્ર છે, तस्य भासा सर्वमिदं विभाति। "તે પ્રકાશતાં સર્વ કાંઈ પ્રકાશે છે. તેના પ્રકાશ દ્વારા જ બધી વસ્તુઓ પ્રકાશિત થાય છે." તમારાં સમગ્ર ક્ષુદ્ર વ્યક્તિત્વનું તત્કાળ વિસ્મરણ કરાવે તેવી ભક્તિની આ ઉચ્ચ અવસ્થાને સ્વીકારો. સંસારનાં ક્ષુદ્ર, સ્વાર્થી વળગણોથી તમારી જાતને અળગી કરી નાખો. તમારાં બધાં માનવીય તેમ જ ઉચ્ચ ધ્યેયોના કેન્દ્ર તરીકે એકલી માનવ જાતને ન માની લો. એક સાક્ષી તરીકે, એક અભ્યાસી તરીકે અલગ ઊભા રહીને પ્રકૃતિની ઘટનાઓનું નિરીક્ષણ કરો. માણસ પ્રત્યેની વ્યક્તિગત આસક્તિની લાગણીનો ત્યાગ કરો અને જુઓ કે પ્રેમની આ મહાન ભાવના સંસારમાં કેવી રીતે કાર્યશીલ થાય છે. કોઈ વાર એકાદું નાનું ઘર્ષણ ઉત્પન્ન થાય છે, પરંતુ તે વધુ ઉચ્ચ અને સાચો પ્રેમ મેળવવાના પ્રયાસ દરમિયાન આવે છે. કેટલીક વાર એકાદ સંગ્રામ અથવા એકાદ પતન આવે છે, પરંતુ તે બધું કેવળ પ્રાસંગિક છે. અલગ થઈને ઊભા રહો, આ ઘર્ષણોને છૂટથી આવવા દો. જ્યારે તમે સંસારના પ્રવાહમાં તણાતા હો છો ત્યારે જ આ ઘર્ષણો અનુભવો છો; પરંતુ જ્યારે તમે કેવળ તેના સાક્ષી અને અભ્યાસી તરીકે અલગ રહો છો ત્યારે તમે જોઈ શકશો કે ઈશ્વર પ્રેમસ્વરૂપે પોતાની જાતને લાખો અને કરોડો પ્રકારે પ્રકટ કરે છે.

"જ્યાં જ્યાં જરાક જેટલોય આનંદ પ્રતીત થાય, -પછી ભલે તે ઘોર વિષયાનંદ હોય, ત્યાં ત્યાં સ્વયં પરમાત્માના શાશ્વત આનંદની એક ચિનગારી હોય છે." આસક્તિના હલકા પ્રકારોમાં પણ ઈશ્વરી પ્રેમનું બીજ રહેલું છે. સંસ્કૃતમાં ઈશ્વરનું એક નામ 'હરિ' છે; તેનો અર્થ, તે બધી વસ્તુઓને પોતાના તરફ આકર્ષે છે એવો થાય છે. વાસ્તવિક રીતે માત્ર તેનું જ આકર્ષણ મનુષ્યનાં હૃદયો માટે યોગ્ય છે. ખરી રીતે આત્માને કોણ આકર્ષી શકે? કેવળ પરમાત્મા જ. જડ પદાર્થ આત્માને સાચેસાચ આકર્ષી શકે તેમ તમે માનો છો? જડ પદાર્થથી કદી તેમ થયું નથી, અને થવાનું પણ નથી. એક માણસને તમે કોઈ સુંદર

ચહેરા તરફ આકર્ષાતો જુઓ છો, ત્યારે તેને ખરેખર જે આકર્ષે છે તે મુઠ્ઠીભર જડ પરમાણુઓ છે તેમ તમે ધારો છો? બિલકુલ નહીં. તે જડ પરમાણુઓની પાછળ ઈશ્વરી પ્રભાવ અને ઈશ્વરી પ્રેમની લીલા હોવી જોઈએ, અને હોય જ છે. અજ્ઞાની મનુષ્ય તે જાણતો નથી તેમ છતાં જાણ્યેઅજાણ્યે તે તેના અને કેવળ તેના જ વડે આકર્ષાય છે. એટલે આકર્ષણના સૌથી નીચામાં નીચા પ્રકારો પણ તેમની આકર્ષણ શક્તિ સ્વયં ઈશ્વરમાંથી પ્રાપ્ત કરે છે. न वा अरे पत्युः कामाय पतिः प्रियो भवत्यात्मनस्तु कामाय पतिः प्रियो भवति। "હે પ્રિયે! કોઈ સ્ત્રી પતિની ખાતર પતિને ચાહતી નથી; પતિની અંદર જે પરમાત્મા છે તેની ખાતર જ તે પતિને ચાહે છે." પ્રેમાળ પત્નીઓ આ જાણતી હોય અથવા ન પણ જાણતી હોય; તેમ છતાં તે સત્ય જ છે. न वा अरे जायायै कामाय जाया प्रिया भवति, आत्मनस्तु कामाय जाया प्रिया भवति। "હે પ્રિયે! કોઈ પણ મનુષ્ય પોતાની પત્ની ખાતર પત્નીને ચાહતો નથી, પરંતુ પત્નીમાં જે આત્મા છે તેની ખાતર તે તેને ચાહે છે." આ પ્રમાણે આ સંસારમાં કોઈ પણ વ્યક્તિ બાળકને અથવા બીજી કોઈ વસ્તુને ચાહતી નથી, સિવાય કે તેની અંદર રહેલા પરમાત્માને. ઈશ્વર એક વિરાટ લોહચુંબક સમાન છે અને આપણે સૌ લોઢાની કણિકાઓ જેવા છીએ; આપણે નિરંતર તેના વડે આકર્ષાઈએ છીએ, અને આપણામાંથી સૌ કોઈ તેને પહોંચવા પ્રયત્ન કરીએ છીએ. આ સંસારમાં આપણા તમામ પુરુષાર્થો બેશક સ્વાર્થી ઉદ્દેશોની ખાતર નથી. મૂઢ મનુષ્યો જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે. તેમના જીવનનું કર્તવ્ય આખરે તો તે મહાન લોહચુંબકે પહોંચવાનું છે. જીવનના બધા પ્રચંડ પુરુષાર્થો અને દ્વંદ્વો અંતે આપણને તેની સમીપ લઈ જવા અને તેની સાથે એકરૂપ બની જવા માટે જ છે.

તેમ છતાં ભક્તિયોગી જીવનસંગ્રામનો અર્થ બરાબર જાણે છે; તેને તે બરાબર સમજે છે. તે આ સંગ્રામોની લાંબી પરંપરામાંથી પસાર થયેલો હોય છે અને તેમનો અર્થ તે બરાબર જાણે છે, અને અંતઃકરણપૂર્વક આ સંઘર્ષમાંથી મુક્તિ મેળવવા ઇચ્છે છે; તે સર્વ ઘર્ષણોથી દૂર રહીને સમસ્ત આકર્ષણોના કેન્દ્ર સ્વરૂપ હરિ પાસે સીધો જવા ઇચ્છે છે. આ જ ભક્તનો ત્યાગ છે. તેનું ઈશ્વર પ્રત્યેનું આ પ્રબળ આકર્ષણ અન્ય તમામ આકર્ષણોનો લોપ કરી દે છે. ઈશ્વર પ્રત્યેનો

આ પ્રબળ અને અસીમ પ્રેમ તેના હૃદયમાં પ્રવેશે છે અને અન્ય કોઈ પણ પ્રેમને ત્યાં રહેવા માટે જરાક જેટલી પણ જગ્યા રાખતો નથી. અને તે સિવાય બીજું હોઈ શું શકે? ભક્તિ સ્વયં, ઈશ્વરરૂપી પ્રેમસમુદ્રથી તેનું હૃદય ભરી દે છે; ત્યાં ક્ષુદ્ર અનુરાગો માટે કોઈ સ્થાન નથી. અર્થાત્ ઈશ્વર સિવાયની તમામ વસ્તુઓ પ્રત્યેનો ભક્તનો વૈરાગ્ય ઈશ્વર પ્રત્યેના તેના પ્રબળ અનુરાગમાંથી જન્મે છે.

પરાભક્તિની પ્રાપ્તિ માટે આ આદર્શ તૈયારી છે. જ્યારે આ વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, ત્યારે જીવને માટે પરા-ભક્તિની ઉચ્ચ ભૂમિકાએ પહોંચવાનું દ્વાર ખૂલી જાય છે. ત્યાર પછી જ પરાભક્તિ શું છે તે સમજાવવાની શરૂઆત થાય છે. અને જે મનુષ્યે પરાભક્તિના આ ગર્ભમંદિરમાં પ્રવેશ કર્યો છે, તેને એકલાને જ કહેવાનો અધિકાર છે કે આધ્યાત્મિક અનુભૂતિ માટે બધી મૂર્તિઓ અને પ્રતીકો સહાય તરીકે મારે માટે બિન ઉપયોગી છે. સામાન્યત: વિશ્વબાન્ધુત્વ તરીકે ઓળખાતી પ્રેમની પરમોચ્ચ અવસ્થા તેણે એકલાએ જ પ્રાપ્ત કરી છે; બાકીનું બધું તો માત્ર વાતો છે. તે કોઈ ભેદભાવ જોતો નથી; પ્રેમના મહાસાગરે તેનામાં પ્રવેશ કર્યો છે; તે માણસમાં માણસ જોતો નથી પરંતુ સર્વત્ર પોતાના પ્રિયતમને જ નિહાળે છે. પ્રત્યેક ચહેરામાં તેને તેનો હરિ દેખાય છે. સૂર્ય અથવા ચન્દ્રનું તેજ તેને મન માત્ર હરિનો જ પ્રકાશ છે; જ્યાં જ્યાં સૌંદર્ય અથવા ભવ્યતા છે તે બધું તેને મન પરમાત્માનું જ છે.

આવા ભક્તો હજીયે વિદ્યમાન છે; સંસાર તેમના વિનાનો કદી રહ્યો નથી. સર્પદંશ થયો હોય ત્યારે પણ આવા ભક્તો માત્ર એટલું જ કહે છે કે એ તો તેમના પ્રિયતમ તરફથી તેમના પાસે એક સંદેશવાહક આવ્યો હતો. એકલા આવા માણસોને જ વિશ્વબાન્ધુત્વની વાતો કરવાનો અધિકાર છે. તેઓ કદી કોઈ પ્રત્યે દ્વેષભાવ અનુભવતા નથી; ધિક્કાર અથવા ઈર્ષ્યાની વૃત્તિ તેમના મનમાં કદી ઊગતી નથી. બાહ્ય ઈન્દ્રિયગ્રાહ્ય જગત તેમની પાસેથી સદાકાળ માટે અદૃશ્ય થઈ ગયું હોય છે. પોતાના પ્રેમ દ્વારા તેઓ સર્વ દૃશ્યોની પાછળ પરમ સત્યને જ સદા નિહાળતા હોય; ત્યાં તેઓ ક્રોધ કેવી રીતે કરી શકે?

ભક્તિયોગની સ્વાભાવિકતા તથા તેનું રહસ્ય

અર્જુને શ્રીકૃષ્ણને પૂછ્યું : "હે પ્રભુ! જે ભક્તો સતત ધ્યાનપૂર્વક હમેશાં તમને ભજે છે, અને જેઓ અવ્યક્ત અને અક્ષર બ્રહ્મને ભજે છે, તે બંનેમાંથી વધુ મહાન યોગી કોણ છે?" શ્રી ભગવાને જવાબ આપ્યો : "જેઓ મારામાં મન જોડીને, નિત્યયુક્ત થઈને મને ભજે છે, અને જેઓ પરમ શ્રદ્ધાવાન છે, તેઓ મારા ઉત્તમ ઉપાસકો છે. વળી જેઓ પોતાની બધી ઈન્દ્રિયોને સંયત કરીને, સર્વ પ્રાણીઓ પ્રત્યે સમભાવ રાખીને અને સર્વ પ્રાણીઓના હિતમાં લાગી રહીને મને ભજે છે તેઓ પરમ યોગી છે. મારા અક્ષર, અનિર્દેશ્ય, અવ્યક્ત, સર્વવ્યાપક, અગમ્ય, અચિન્ત્ય, કૂટસ્થ, અચલ અને અનંત સ્વરૂપને ભજે છે તેઓ પણ મને જ પ્રાપ્ત કરે છે. પરન્તુ જેમનાં ચિત્ત અવ્યક્ત, નિર્ગુણ સ્વરૂપમાં યુક્ત હોય છે, તેમને માટે તે પંથ ઉપર ચાલવું વધુ કષ્ટદાયક છે; કારણ કે ખરેખર દેહધારી પ્રાણીથી અવ્યક્ત નિર્ગુણ શરીરનો પંથ ઓળંગવો અત્યંત દુર્ગમ છે. જેઓ પોતાનાં સર્વ કામો મારામાં સમર્પણ કરીને મત્પરાયણ થઈને, અનન્ય ભાવપૂર્વક મને ઉપાસે છે તેમનો, વારંવાર આવતા જન્મ અને મૃત્યુરૂપ સંસારસાગરમાંથી હું શીઘ્ર ઉદ્ધાર કરું છું. કારણ કે તેઓનાં મન મારામાં સંપૂર્ણપણે યુક્ત છે."*

અહીં જ્ઞાનયોગ તથા ભક્તિયોગ એ બંનેનો ઉલ્લેખ છે. ગીતાના ઉપરોક્ત કથનમાં બંનેની વ્યાખ્યા કરવામાં આવી છે તેમ કહી શકાય. જ્ઞાનયોગ ભવ્ય છે, અતિ ઉચ્ચ ફિલસૂફી છે; પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે લગભગ દરેક મનુષ્ય ધારે છે કે જ્ઞાનયોગના આદર્શ માટે આવશ્યક એવું બધું પોતે કરી શકે છે; જ્યારે વાસ્તવમાં જ્ઞાનયોગની સાધનાને જીવનમાં ઉતારવી અત્યંત કઠિન છે. તત્ત્વજ્ઞાન વડે આપણા જીવનને દોરવાનો પ્રયત્ન કરવામાં ઘણી વાર મોટાં ભયસ્થાનો રહેલાં છે. આ સંસાર આસુરી પ્રકૃતિવાળા એટલે કે જેઓ શરીરની સંભાળને જ પોતાનું જીવન-સર્વસ્વ સમજે છે તેઓ, અને દૈવી પ્રકૃતિવાળા મનુષ્યો એટલે કે જેઓ શરીરને કેવળ ધ્યેયપ્રાપ્તિના એક સાધન તરીકે ગણે છે, આત્માની કલ્યાણપ્રાપ્તિના એક સાધન જેવું ધારે છે તેઓ, એવા બે વિભાગોમાં દુનિયાના બધા મનુષ્યોને વહેંચી શકાય. શેતાન પણ પોતાનો હેતુ સિદ્ધ કરવા સારુ

*શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય ૧૨મો, શ્લોક ૧થી ૭.

ખરેખર શાસ્ત્રો ટકી શકે અને ટકે છે જ; અને જ્ઞાનનો માર્ગ સદાચારી માણસને જેમ સત્કર્મ કરવામાં પ્રોત્સાહન આપે છે તેમ દુરાચારી માણસનાં કાર્યોને પણ સમર્થન આપતો દેખાય છે. જ્ઞાનયોગમાં આ મોટો ભય છે. પરંતુ ભક્તિયોગ સ્વાભાવિક, મધુર અને નમ્ર છે; ભક્ત જ્ઞાનયોગીની જેમ ઊંચો ઊડતો નથી, અને તેથી તેને માટે એવાં મોટાં પતનનો પણ ભય નથી. ધાર્મિક માણસ ગમે તે માર્ગને અનુસરતો હોય, પરંતુ તેનાં આત્માનાં બંધનો જ્યાં સુધી દૂર થતાં નથી ત્યાં સુધી અલબત્ત, તે મુક્ત થઈ શકતો નથી.

એક ભાગ્યવંત ગોપીના સંબંધમાં, આત્માને બંધનમાં નાખનારી પુણ્ય તથા પાપની શૃંખલાઓ કેવી રીતે તૂટી ગઈ તેનું વર્ણન આ શ્લોકમાં છે:

तच्चिन्ताविपुलाह्लादक्षीणपुण्यचया तथा ।
तदप्राप्तिमहादुःख विलीनाशेषपातका ।।
निरुच्छ्वासतया मुक्ति गतान्या गोपकन्यका ।।

(વિષ્ણુપુરાણ)

"ઈશ્વરનું ધ્યાન ધરતાં તેને થયેલ વિપુલ આહ્લાદે તેનાં પુણ્યકર્મોની બંધનકારક અસરોનો ક્ષય કર્યો. અને પ્રભુની અપ્રાપ્તિને લઈને તેના આત્માને થયેલ મહદ દુઃખે તેનાં તમામ પાતકોને ધોઈ નાખ્યાં. . . . અને પછી તે ગોપકન્યકા સમાધિ દ્વારા મુક્તિ પામી." એટલા માટે ભક્તિયોગનું મુખ્ય રહસ્ય એ છે કે મનુષ્યહૃદયમાં ઉદ્ભવતી જુદી જુદી વાસનાઓ અને લાગણીઓ પોતે હાનિકારક નથી, કેવળ જ્યાં સુધી તેઓ પરમોચ્ચ અવસ્થા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેમને ઉચ્ચ અને વધુ ઉચ્ચ ધ્યેય તરફ સાવધાનીપૂર્વક વાળવાની છે. આપણને જે ઈશ્વર સમીપ લઈ જાય છે તે જ દિશા સર્વોચ્ચ છે; તે સિવાયની બીજી દરેક દિશા અધમ છે. આપણે જોઈએ છીએ કે સુખ અને દુઃખ સાવ સામાન્ય છે, અને આપણી જિંદગીમાં વારંવાર અનુભવાતી લાગણીઓ છે. જ્યારે ધન અથવા એવી કોઈ સાંસારિક વસ્તુ પોતાની પાસે ન હોય, અને તે માટે તેને દુઃખ થાય ત્યારે મનુષ્ય પોતાની લાગણીને ખોટી દિશાએ વાળે છે. તેમ છતાં, દુઃખનો પણ ઉપયોગ હોય છે. મનુષ્ય પરમોચ્ચ ધ્યેયે પહોંચ્યો નથી, ઈશ્વરને તે પ્રાપ્ત કરી શક્યો નથી, માટે તેને દુઃખ અનુભવવા દો; આ દુઃખ તેની મુક્તિનું કારણ બનશે. જ્યારે તમારી પાસે મુઠ્ઠી ભરીને રૂપિયા હોય, ત્યારે જો

તમે રાજી થાઓ તો તમારી આનંદની વૃત્તિ ખોટી દિશામાં વળે છે; તેને વધુ ઉચ્ચ દિશામાં વાળવી જોઈએ, તેને સર્વોચ્ચ ધ્યેયની પ્રાપ્તિ કરવામાં લગાડવી જોઈએ. આ ધ્યેયની પ્રાપ્તિના આદર્શમાં જે આનંદ છે, ખરેખર તે જ આપણો પરમોચ્ચ આનંદ હોવો જોઈએ. આ જ વાત આપણી બીજી બધી વૃત્તિઓના સંબંધમાં સાચી છે. ભક્ત કહે છે કે તે વૃત્તિઓમાંની એક પણ ખોટી નથી; તે તેમને બધીને સ્વીકારે છે, અને તેમને અચૂક રીતે ઈશ્વરાભિમુખ બનાવે છે.

પ્રેમની અભિવ્યક્તિના પ્રકારો

જે જે પ્રકારે પ્રેમ પ્રકટ થાય છે તેમાંના કેટલાક પ્રકારો આવા છે. પ્રથમ પૂજ્યભાવ. લોકો મંદિરો અને તીર્થસ્થાનો પ્રતિ શા માટે પૂજ્યભાવ દર્શાવે છે? કારણ કે ત્યાં ઈશ્વરની ઉપાસના કરવામાં આવે છે, અને આવાં સર્વ સ્થળોમાં તેનું સાંનિધ્ય હોય છે. દરેક દેશમાં લોકો શા માટે ધર્મગુરુઓ પ્રત્યે પૂજ્યભાવ બતાવે છે? માટે આમ કરવું તે માનવહૃદયને સ્વાભાવિક છે, કારણ કે આ બધા ધર્મગુરુઓ ઈશ્વરનો ઉપદેશ આપે છે. મૂળમાં પૂજ્યભાવ પ્રેમમાંથી ઉદ્ભવે છે; જેને આપણે ચાહતા નથી તેના પ્રત્યે, આપણામાંથી કોઈ પૂજ્યભાવ ધરાવશે નહીં. ત્યાર પછી આવે છે પ્રીતિ – ઈશ્વરપ્રાપ્તિમાં આનંદ. ઇન્દ્રિયોના વિષયોમાં મનુષ્યો કેટલું અનહદ સુખ માણે છે! તેઓ જે વસ્તુને ચાહે છે, જે વસ્તુ તેમની ઇન્દ્રિયોને પ્રિય છે, તેને વાસ્તે તેઓ ગમે ત્યાં જાય છે, કોઈ પણ જોખમ ખેડે છે. આ જ પ્રકારનો ઉત્કટ પ્રેમ ભક્તે ઈશ્વર તરફ વાળવાની જરૂર હોય છે. તે પછી આવે છે સૌથી મધુર દુઃખ, વિરહ, પ્રેમપાત્રની ગેરહાજરીને લઈને ઉદ્ભવતી તીવ્ર વેદના. જ્યારે મનુષ્ય પોતાને ઈશ્વરપ્રાપ્તિ ન થવાને કારણે ઉત્કટ વેદના અનુભવે છે, જ્યારે એક માત્ર જાણવા યોગ્ય વસ્તુ જાણી ન હોવાને પરિણામે અત્યંત અસંતુષ્ટ અને લગભગ પાગલ જેવો બની જાય છે, તે સ્થિતિ વિરહ છે; મનની આ અવસ્થામાં તે પોતાના પ્રિયતમ સિવાયની અન્ય કોઈ પણ વસ્તુના સાંનિધ્યમાં વ્યગ્રતા (एकरतिविचिकित्सा) અનુભવે છે. આ વિરહવ્યથા કેવી રીતે આવે છે તે દુન્યવી પ્રેમમાં આપણે ઘણી વાર જોઈએ છીએ. વળી જ્યારે પુરુષો સ્ત્રીઓ સાથે અથવા સ્ત્રીઓ પુરુષો સાથે પ્રગાઢ પ્રેમમાં હોય છે, ત્યારે જેમને તેઓ ચાહતાં નથી તે સર્વની હાજરીથી તે એક પ્રકારનો સ્વાભાવિક અણગમો અનુભવે છે. જ્યારે પરાભક્તિ મન ઉપર પોતાનો પ્રભાવ જમાવે છે ત્યારે, જે વસ્તુઓ પ્રત્યે ચાહના નથી હોતી તેના વિશે મન બરાબર તેવા જ પ્રકારની અસહિષ્ણુતા અનુભવે છે; ત્યારે ઈશ્વર સિવાય અન્ય વસ્તુની વાત પણ બેસ્વાદ લાગે છે. અન્યા વાચો વિમુંચથ "તેનું ચિંતન કરો, કેવળ તેનું જ ચિંતન કરો, અને અન્ય સર્વ વૃથા વાણીનો ત્યાગ કરો." જેઓ કેવળ ઈશ્વરની જ ચર્ચા કરે છે તેઓ જ ભક્તને પ્રિય લાગે છે; તે સિવાયની અન્ય ચર્ચા કરનારાઓ તેને અપ્રિય લાગે છે. જ્યારે ખુદ જીવન કેવળ પ્રેમના

એક એ આદર્શ ખાતર જ જીવવામાં આવે છે, જ્યારે જિંદગી તે પ્રેમને લઈને જ જીવવા યોગ્ય અને સુંદર લાગે છે, ત્યારે ભક્ત આ પ્રેમની એક વધુ ઉચ્ચ અવસ્થાએ પહોંચ્યો હોય છે. (तदर्थप्राणसंस्थानम्) આવું જીવન તેનાં વિના એક ક્ષણ પણ ટકી શકે નહીં. જીવન મધુર છે કેમ કે તેમાં પ્રિયતમનું ચિંતન થાય છે. જ્યારે મનુષ્ય ઈશ્વરને પ્રાપ્ત કરીને ધન્ય બને છે, જ્યારે તે જાણે કે ઈશ્વરના ચરણોને સ્પર્શે છે, ત્યારે ભક્તિના અર્થમાં મનુષ્ય પૂર્ણ બને છે; તે અવસ્થાને तदीयता (તેના પણું) કહેવામાં આવે છે. ત્યારે તેની સમગ્ર પ્રકૃતિ પવિત્ર બને છે અને સંપૂર્ણપણે પલટાઈ જાય છે. તેના જીવનના સર્વ ઉદ્દેશો ત્યારે ચરિતાર્થ થાય છે. તેમ છતાં આવા ઘણા ભક્તો કેવળ ઈશ્વરની ઉપાસના અર્થે જીવતાં હોય છે. (તેમને મન) તે પરમાનંદ છે, જીવનનો એક માત્ર આનંદ છે કે જેનો તેઓ ત્યાગ કરતા નથી.

आत्मारामाश्च मुनयो निर्ग्रन्थाप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः ।।

"હે રાજન! હરિના ગુણ એવા મનોહર છે કે જેઓ પ્રત્યેક રીતે સંતુષ્ટ થયા છે, જેમના હૃદયની સર્વ ગ્રંથિઓ છૂટી ગઈ છે, તેઓ સુધ્ધાં પ્રેમને ખાતર જ ઈશ્વર પર પ્રેમ કરે છે." यं सर्वे देवा नमन्ति मुमुक्षवो ब्रह्मवादिनश्चेति (નૃ. તા. ઉપ.) ઈશ્વર, કે "જેની સર્વ દેવો, સર્વ મુમુક્ષુઓ અને સર્વ બ્રહ્મવાદીઓ ઉપાસના કરે છે." આવો પ્રેમનો પ્રભાવ છે. જ્યારે મનુષ્ય પોતાની જાતને સદંતર ભૂલી જાય છે, અને કોઈ પણ વસ્તુ પોતાની છે તેવો ભાવ તેનામાં રહેતો નથી, ત્યારે તે तदीयताની અવસ્થાએ પહોંચે છે; તેને મન પ્રત્યેક વસ્તુ પવિત્ર છે, કારણ કે તે વસ્તુ તેના પ્રિયતમ ઈશ્વરની જ છે. દુન્યવી પ્રેમના સંબંધમાં પણ પ્રેમી એમ જ વિચારે છે કે પ્રેમિકાની પ્રત્યેક વસ્તુ તેને મન પવિત્ર અને અત્યંત પ્રિય છે; પ્રિયતમાની સાડીનો એક ટુકડો પણ તેને પ્રિય હોય છે. એ જ પ્રકારે જ્યારે એક વ્યક્તિ ઈશ્વર પ્રત્યે પ્રેમ કરે છે ત્યારે સમગ્ર વિશ્વ તેને પ્રિય લાગે છે કારણ કે તે સર્વ ઈશ્વરનું છે.

વિશ્વપ્રેમ અને આત્મસમર્પણ

સમષ્ટિ ઉપર પ્રથમ પ્રેમ કર્યા સિવાય આપણે વ્યષ્ટિ ઉપર કેવી રીતે પ્રેમ કરી શકીએ? ઈશ્વર એ સમષ્ટિ અર્થાત્ એક અવ્યક્ત વિશ્વવ્યાપી અખંડ સ્વરૂપ છે; અને જે વિશ્વ આપણે પૃથક પૃથક રીતે જોઈએ છીએ તે વ્યષ્ટિ છે. કેવળ સમષ્ટિને ચાહવાથી જ સમગ્ર વિશ્વને ચાહવાનું શક્ય છે — આ એક સમષ્ટિમાં જ કરોડોની સંખ્યામાં નાના નાના ઘટકોનો સમાવેશ થાય છે. ભારતના દાર્શનિકો વ્યષ્ટિ આગળ જ અટકતા નથી. તેઓ તે પ્રત્યે ઊડતી નજર ફેંકે છે અને તુરત જ સમષ્ટિ સ્વરૂપ, કે જે પોતાનામાં સર્વ વ્યષ્ટિઓને સમાવી દે છે તેને શોધવાનું શરૂ કરે છે. ભારતીય દર્શનશાસ્ત્ર અને ધર્મની એક માત્ર શોધનો વિષય સમષ્ટિ જ છે. જે એક વસ્તુને જાણવાથી સર્વ વસ્તુ જાણવામાં આવે છે તે સમગ્ર એકતા, એક નિરપેક્ષ સમષ્ટિ સત્તા જ જ્ઞાનીનું ધ્યેય છે. ભક્ત પણ તે સર્વવ્યાપી નિરપેક્ષ તત્ત્વને પ્રત્યક્ષ કરવા ઇચ્છે છે કે જેની સાથે પ્રેમ કરવાથી સમસ્ત વિશ્વને પ્રેમ થાય છે. યોગી પણ તે એક સમષ્ટિભૂત શક્તિ ઉપર અધિકાર પ્રાપ્ત કરવા ઇચ્છે છે, કે જેના નિયંત્રણથી આ સમગ્ર વિશ્વનું નિયંત્રણ થઈ શકે. ભારતના સમગ્ર ઇતિહાસમાં એવું જોવા મળે છે કે વિજ્ઞાન, માનસશાસ્ત્ર, પ્રેમ કે તત્ત્વજ્ઞાન, દરેક ક્ષેત્રમાં ભારતીય મન વ્યષ્ટિની અંદર સમષ્ટિની એકમાત્ર શોધ કરવા તરફ જ પ્રેરાય છે. તેથી ભક્ત એવા નિર્ણય ઉપર આવે છે કે જો તમે એક પછી એક જુદી જુદી વ્યક્તિને પ્રેમ કર્યા કરો, અને અનંત સમય સુધી તેમ કરવાનું ચાલુ રાખો, તોપણ સમગ્ર વિશ્વને ચાહવાને તમે જરા પણ સમર્થ થશો નહીં. આખરે, જ્યારે ભક્ત એવા નિર્ણયે પહોંચે છે કે પ્રેમનો સર્વ સમુચ્ચય તો પરમાત્મા છે, વિશ્વમાં સર્વ જીવોની આકાંક્ષાઓના સમુચ્ચય રૂપ તો પરમાત્મા છે, — પછી તેઓ ભલે મુક્ત હોય, બદ્ધ હોય કે મુમુક્ષુ હોય, ત્યારે જ વિશ્વપ્રેમ તેના માટે શક્ય બને છે. ઈશ્વર સમષ્ટિ છે, અને આ દૃશ્યમાન જગત ઈશ્વરનું પરિચ્છિન્ન તથા અભિવ્યક્ત સ્વરૂપ છે. જો આપણે આ સમષ્ટિ ઉપર પ્રેમ કરીએ, તો આપણે પ્રત્યેક વસ્તુ ઉપર પ્રેમ કરીએ છીએ. ત્યાર બાદ વિશ્વ પ્રેમ અને વિશ્વકલ્યાણ સ્વાભાવિક બનશે; સૌથી પ્રથમ ઈશ્વર પર પ્રેમ રાખીને જ માત્ર આપણે આ શક્તિ પ્રાપ્ત કરવાની છે; નહીં તો જગતનું કલ્યાણ સાધવું તે કોઈ મજાક નથી. ભક્ત કહે છે કે "પ્રત્યેક વસ્તુ ઈશ્વરની છે અને ઈશ્વર

મારો પ્રિયતમ છે; હું તેના પર પ્રેમ કરું છું." આમ ભક્તને મન પ્રત્યેક વસ્તુ પવિત્ર બને છે, કારણ કે બધી વસ્તુઓ ઈશ્વરની છે; બધાં ઈશ્વરનાં બાળકો છે, તેનું શરીર છે, તેની અભિવ્યક્તિ છે. પછી આપણે કેવી રીતે કોઈને હાનિ કરી શકીએ? પછી કેવી રીતે આપણે કોઈના પર પ્રેમ કર્યા વગર રહી શકીએ? ઈશ્વર પ્રેમની સાથોસાથ તેના અચૂક ફળરૂપે વિશ્વમાં પ્રત્યેક વ્યક્તિ પ્રત્યે પ્રેમ આવશે. જેમ જેમ આપણે જોઈ શકીએ છીએ કે ઈશ્વરમાં જ સર્વ વસ્તુઓ વિદ્યમાન છે. જ્યારે જીવાત્મા આ પરમ પ્રેમનો આનંદ અનુભવવામાં સફળ થાય છે, ત્યારે તે પણ પ્રત્યેક વસ્તુમાં ઈશ્વરદર્શન કરવા માંડે છે. આપણું હૃદય આમ પ્રેમનું શાશ્વત ઝરણ બને છે. અને જ્યારે આ પ્રેમની વધુ ઉચ્ચ અવસ્થામાં આપણે પહોંચીએ છીએ ત્યારે દુન્યવી વસ્તુઓ વચ્ચેના બધા જ ક્ષુદ્ર ભેદો સંપૂર્ણપણે વિસરાઈ જાય છે; મનુષ્ય હવે મનુષ્ય તરીકે નહીં પરંતુ કેવળ ઈશ્વર તરીકે પ્રતીત થાય છે; પશુ પશુ તરીકે નહીં પણ ઈશ્વર તરીકે દેખાય છે; વાઘ ત્યારે વાઘ નહીં પણ ઈશ્વરનું જ સ્વરૂપ બની જાય છે. આમ ભક્તિની આ પરાકાષ્ટામાં પ્રત્યેક મનુષ્ય, પ્રત્યેક પ્રાણી, પ્રત્યેક પદાર્થ ઉપાસ્ય બને છે.

एवं सर्वेषु भूतेषु भक्तिरव्यभिचारिणी ।
कर्तव्या पण्डितैर्ज्ञात्वा सर्वभूतमयं हरिम् ॥

''સર્વ ભૂતોમાં હરિ છે એમ જાણીને સર્વ ભૂતો પ્રત્યે અવ્યભિચારી, યાને એકનિષ્ઠ પ્રેમ વ્યક્ત કરવો તે જ્ઞાની પુરુષોનું કર્તવ્ય છે."

આ પ્રકારના ઉત્કટ સર્વગ્રાહી પ્રેમના ફળ સ્વરૂપે પૂર્ણ આત્મસમર્પણની જે ભાવના જન્મે છે, તેને અપ્રાતિકુલ્ય એટલે કે જે કંઈ ઘટના બને છે તેમાંની કોઈ આપણને પ્રતિકૂળ નથી એવી ભાવના કહેવાય છે. તે પછી તે પ્રેમી આત્મા, દુઃખ આવતાં કહી શકે છે કે "દુઃખ! તું ભલે આવ્યું! જો આપત્તિ આવે છે તો તે કહી શકે છે કે "આપત્તિ! હું તારું સ્વાગત કરું છું, કારણ તું પણ મારા પ્રિયતમ પાસેથી આવેલ છે. જો કોઈ સર્પ આવે છે તો તે કહે છે: "સર્પદેવ! તમે ભલે પધાર્યા. જો મૃત્યુ આવે તો આવો ભક્ત સસ્મિત તેનું સ્વાગત કરશે. "હું ધન્ય છું કે તે બધાં મારી પાસે આવે છે, તે બધાં ભલે પધાર્યાં. ઈશ્વર પ્રત્યેના અને ઈશ્વરના જે સર્વ કોઈ છે તેમની પ્રત્યેના ગાઢ પ્રેમમાંથી ઉદ્ભવતી આ સંપૂર્ણ આત્મસમર્પણની અવસ્થામાં ભક્ત પોતાને વાગેવળગે છે ત્યાં સુધી

સુખ અને દુઃખ વચ્ચેનો ભેદભાવ વીસરી જાય છે. દુઃખ અથવા આપત્તિ વિશે ફરિયાદ શી હોઈ શકે તે તે જાણતો નથી. ખરેખર, ભવ્ય અને પ્રખર દુન્યવી પરાક્રમોના ગૌરવ કરતાં પ્રેમમય પરમાત્માની ઇચ્છાને આ પ્રકારનું અવિરોધ આત્મસમર્પણ એ વધારે શ્રેષ્ઠ અને પ્રાપ્ત કરવા યોગ્ય સંપત્તિ છે.

માનવજાતિના મોટા ભાગના લોકોને મન આ શરીર જ સર્વસ્વ છે; તેમને મન શરીર જ આખો સંસાર છે; શારીરિક ભોગો જ તેમનું સર્વસ્વ છે. આ શરીરની અને શારીરિક બાબતોની પૂજાનો આ શયતાન આપણા સૌ કોઈમાં પ્રવેશ્યો છે. આપણે ભલે મોટી મોટી ગગનગામી વાતો કરીએ, છતાં આપણે સૌ ગીધ જેવા છીએ; આપણું મન નીચે જમીન પર પડેલા સડેલા માંસના ટુકડા તરફ જ રહે છે. કહો કે આપણે શા માટે આપણું શરીર વાઘથી બચાવવું જોઈએ? શા માટે, ભલા, આપણે તે વાઘને આપી દેતા નથી? વાઘ તેથી રાજી થશે! સ્વાર્થત્યાગ અને ઉપાસનાથી તે બહુ દૂર નથી. શું તમે એવા ભાવની અનુભૂતિ કરી શકો છો કે જેમાં અહંભાવ સમૂળગો નષ્ટ થઈ ગયો હોય? પ્રેમ-ધર્મનું આ એક અત્યંત ઉચ્ચ શિખર છે; અને આ સંસારમાં બહુ ઓછા લોકો ત્યાં સુધી પહોંચી શકયા છે. પરંતુ જ્યાં સુધી મનુષ્ય સ્વેચ્છાપૂર્વક સ્વાર્થત્યાગ માટે સતત તૈયારીની ઉચ્ચ કોટિએ પહોંચતો નથી, ત્યાં સુધી તે પૂર્ણભક્ત બની શકતો નથી. આપણે સહુ વધુ કે ઓછા સંતોષપૂર્વક તથા લાંબા અગર ટૂંકા સમયને માટે શરીરોને ભલે ટકાવી રાખીએ, તેમ છતાં શરીરો તો જવાનાં જ છે તે કાયમ ટકવાનાં નથી. તેથી જેમનાં શરીર બીજાઓની સેવામાં ખપી જાય છે તેઓ જ ધન્ય છે.

धनानि जीवितं चैव परार्थे प्राज्ञ उत्सृजेत्।
सन्निमित्ते वरं त्यागो विनाशे नियते सति॥

"ડાહ્યા માણસે સદૈવ પોતાનું ધન અને પોતાનું જીવન સુધ્ધાં બીજાઓની સેવા માટે અર્પણ કરવા તત્પર રહેવું જોઈએ. આ સંસારમાં એ વસ્તુ નિશ્ચિત છે, મૃત્યુ: એટલે આ શરીર કોઈ ખરાબ કરતાં સારે નિમિત્તે ખપી જાય તે ઘણું સારું છે. આપણે આપણું જીવન પચાસ કે સો વર્ષ સુધી લંબાવી શકીએ; પરંતુ તે પછી શું? મિશ્રણથી ઉત્પન્ન થતી પ્રત્યેક વસ્તુ માટે છૂટા પડવું અને મૃત્યુ નિશ્ચિત છે. એક સમય એવો અવશ્ય આવશે કે જ્યારે તે વિશ્લિષ્ટ થઈ

જશે. ઈશુ, બુદ્ધ અને મહમ્મદ પયગંબર બધા જ મૃત્યુ પામ્યા છે; સંસારના સર્વ મહાન પયગંબરો અને આચાર્યો પણ મૃત્યુ પામ્યા છે.

ભક્ત કહે છે: "જ્યાં પ્રત્યેક વસ્તુ ક્ષય પામે છે એવા આ ક્ષણભંગુર જગતમાં આપણે આપણી પાસે જે સમય છે તેનો સારામાં સારો ઉપયોગ કરી લેવાનો છે. અને ખરેખર જિંદગીનો સારામાં સારો ઉપયોગ બધા પ્રાણીઓની સેવામાં તેને લગાડવાનો છે. સંસારમાં આ અતિશય દેહાત્મભાવને લઈને જ તમામ સ્વાર્થની ઉત્પત્તિ થાય છે; એ એક ભ્રમ છે કે આપણું શરીર એ જ આપણે છીએ, અને યેનકેન પ્રકારેણ તેની સારામાં સારી રીતે સંભાળ રાખવા અને તેને રાજી રાખવા માટે આપણે પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઈએ. જો તમે જાણો કે તમે તમારા શરીરથી નિશ્ચિત રીતે જુદા છો તો પછી એવું કંઈ રહેતું નથી કે જેની સામે તમારે લડવાનું કે ઝઘડવાનું હોય; સ્વાર્થપરાયણ ભાવો તમને લેશ પણ અસર કરશે નહીં. માટે ભક્ત કહે છે કે, સંસારની બધી બાબતો અંગે આપણે જાણે કે સર્વથા મૃત છીએ તેવી રીતે જ રહેવાનું છે; અને ખરેખર તે આત્મસમર્પણ છે. જે કાંઈ બનનું હોય તે ભલે બનતું. "તારી ઇચ્છા મુજબ થાઓ"વાળા (બાઈબલના) વાકયનો આ અર્થ છે – નહીં કે લડયા કરવું, ઝઘડયા કરવું અને સદૈવ વિચાર્યા કરવું કે આપણી આ બધી ક્ષતિઓ અને દુન્યવી આકાંક્ષાઓ ઈશ્વરની ઇચ્છાથી જ થાય છે. બનવાજોગ છે કે આપણા સ્વાર્થમય પ્રયત્નોમાંથી પણ ભલું થતું હોય; પણ તે તો ઈશ્વરે જોવાનું છે. પૂર્ણતાએ પહોંચેલા ભક્તનો ભાવ તો કદી પણ પોતાની જાત માટે કંઈ ઇચ્છવા કે કાર્ય કરવાનો હોવો જોઈએ નહીં. "હે પ્રભો! તેઓ તારા નામે ઊંચાં મંદિરો બાંધે છે, તારા નામે ઘણાં મોટાં દાનો કરે છે. હું તો દીન છું, મારી પાસે કંઈ નથી, એટલા માટે હું મારું આ શરીર તારા ચરણોમાં ધરી દઉં છું. હે ભગવન! મને છોડી દેશો નહીં." ભક્તના હૃદયના ઊંડાણમાંથી આવી પ્રાર્થના નીકળે છે. જેણે તે અનુભવ્યું છે, તેને મન તમામ સમૃદ્ધિ અને સત્તા કરતાં, કીર્તિ અને વિષયાનંદના સર્વ ગગનગામી વિચારો કરતાં, પોતાના પરમ પ્રિય ઇષ્ટના ચરણોમાં ધરાતો આ અખંડ સ્વાર્થત્યાગ, અનેકગણો વધારે ઉચ્ચ છે. ભક્તની સ્વસ્થતાભરી આત્મસમર્પણની આ શાંતિ સમગ્ર બુદ્ધિથી પર અને અમૂલ્ય છે. તેના મનની સાનુકૂળતા એક એવી અવસ્થા છે કે જેમાં સ્વાર્થ નથી, અને સહજ ભાવે તેને મન કોઈ પણ વસ્તુ વિરોધી નથી. ભાવ

આત્મસમર્પણની આ સ્થિતિમાં દરેક પ્રકારની આસક્તિ સર્વાંશે વિલીન થઈ જાય છે; માત્ર જે ઈશ્વરમાં સર્વ વસ્તુઓ જીવે છે, જેમાં સંચરે છે અને જેમાં પોતાનું અસ્તિત્વ ધરાવે છે, તે ઈશ્વર પ્રત્યેનો સર્વગ્રાહી પ્રેમ જ બાકી રહે છે. ઈશ્વર ઉપરની આ આસક્તિ, વાસ્તવમાં આત્માને બંધનકર્તા નથી પરંતુ તેનાં તમામ બંધનો તદ્દન તોડી નાખે છે.

પરા વિદ્યા અને પરા ભક્તિ એક જ છે

ઉપનિષદો પરાવિદ્યા અને અપરાવિદ્યા એવા બે ભેદ બતાવે છે; ભક્તને મન પરાવિદ્યા અને પરા-ભક્તિ વચ્ચે ખરેખર કોઈ ભેદ નથી. મુણ્ડક ઉપનિષદ કહે છે :

> द्वे विद्ये वेदितव्ये इति ह स्म यद्ब्रह्मविदो वदन्ति। परा चैवापरा च ॥
> तत्रापरा ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्ववेदः शिक्षा कल्पो व्याकरणं
> निरुक्तं छन्दो ज्योतिषमिति। अथ परा यया तदक्षरमधिगम्यते॥

"બ્રહ્મવિદ્ કહે છે કે જાણવા યોગ્ય વિદ્યાઓ બે પ્રકારની છે: એક પરા અને બીજી અપરા. અપરા વિદ્યામાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા (અર્થાત્ ઉચ્ચાર અને સ્વરોને લગતું શાસ્ત્ર), કલ્પ (અર્થાત્ યજ્ઞપદ્ધતિ, વ્યાકરણ, નિરુક્ત (અર્થાત વૈદિક શબ્દસમૂહની વ્યુત્પત્તિ તથા તેનો અર્થ), છંદ અને જ્યોતિષ છે; પરાવિદ્યા તે છે કે જેના વડે અવિનાશી બ્રહ્મનું જ્ઞાન થાય છે."

આમ પરા વિદ્યા સ્પષ્ટ રીતે બ્રહ્મવિદ્યા છે. 'દેવી ભાગવત' પરાભક્તિની વ્યાખ્યા નીચે મુજબ આપે છે: चेतसो वर्तनं चैव तैलधारासमं सदा। "જેવી રીતે એક પાત્રમાંથી બીજા પાત્રમાં તેલની ધારા અવિચ્છિન્ન રીતે પડે છે, તેવી રીતે જ્યારે મન ભગવાનનું ચિંતન અખંડ ધારાની જેમ કરે છે ત્યારે તેને પરા-ભક્તિ કે પરમ-પ્રેમ કહેવાય છે." આ પ્રકારની અવિચ્છેદ આસક્તિ પૂર્વક ઈશ્વર તરફ મન અને હૃદયનું સતત એકાન્તિક વલણ એ જ ખરેખર માનવમાં ઈશ્વરપ્રેમની સર્વોચ્ચ અભિવ્યક્તિ છે. ભક્તિના અન્ય સર્વ પ્રકારો આ પરા-ભક્તિની પ્રાપ્તિ માટેની પૂર્વતૈયારી માત્ર છે; આ પરા-ભક્તિ રાગાનુગા ભક્તિ તરીકે પણ ઓળખાય છે. જ્યારે મનુષ્યના હૃદયમાં એક વખત પરા-ભક્તિનો ઉદય થાય છે, ત્યારે તેનું મન નિરંતર ઈશ્વરનું જ ચિંતન કરે છે; બીજી કોઈ બાબત તેના ધ્યાનમાં આવતી નથી. ઈશ્વરના વિચારો સિવાય અન્ય વિચારોને તે તેના મનમાં કોઈ સ્થાન આપશે નહીં; અચૂક રીતે તેનો આત્મા પવિત્ર બનશે, માનસિક તથા ભૌતિક બંધનોને એકલો તે જ તોડી નાખશે, અને પ્રશાંત તથા મુક્ત બનશે. એકલો તે જ તેના પોતાના અંતરમાં ઈશ્વરની ઉપાસના કરી શકશે. તેને માટે પ્રતિમાઓ, પ્રતીકો, ગ્રંથો તથા વાદો, એ બધાય બિનજરૂરી બને છે, અને તેને

કંઈ ઉપયોગમાં આવી શકતાં નથી. આ પ્રકારનો ઈશ્વરપ્રેમ સુલભ નથી. સામાન્યતઃ મનુષ્યના પ્રેમને જ્યાં સામેથી પ્રેમ મળે છે, ત્યાં જ તે વિકસે છે; જ્યાં પ્રેમના બદલામાં પ્રેમ મળતો નથી, ત્યાં કુદરતી રીતે લાગણીહીન ઉદાસીનતા આવી જાય છે. છતાં કેટલાક અપવાદરૂપ દૃષ્ટાંતોમાં આપણે જોઈ શકીએ કે જ્યાં પ્રેમનો બદલો મળતો નથી, ત્યાં પણ પ્રેમ પોતાને પ્રગટ કરે છે. દાખલા તરીકે આ પ્રેમ, પતંગિયાના દીપક પ્રત્યેના પ્રેમ સાથે આપણે સરખાવી શકીએ; પતંગિયું દીપકને ચાહે છે, તેમાં ઝંપલાવે છે અને મૃત્યુને ભેટે છે. વાસ્તવમાં આ રીતે પ્રેમ કરવો તે પતંગિયાનો સ્વભાવ છે. પ્રેમ ખાતર પ્રેમ તો નિઃસંદેહ આ સંસારમાં દૃષ્ટિગોચર થતું પરમોચ્ચ અત્યંત નિઃસ્વાર્થ પ્રેમનું નિદર્શન છે. આવો પ્રેમ જ્યારે અધ્યાત્મ ભૂમિકા ઉપર કાર્ય કરે છે ત્યારે અવશ્ય પરા-ભક્તિની પ્રાપ્તિ તરફ થઈ જાય છે.

પ્રેમનો ત્રિકોણ

આપણે પ્રેમને એક ત્રિકોણ તરીકે કલ્પી શકીએ; તેનો પ્રત્યેક કોણ તેના એક એક ખાસ લક્ષણનો સૂચક છે. જેમ ત્રણ ખૂણા સિવાય ત્રિકોણ સંભવી શકે નહીં; તેમ જ નીચે જણાવેલાં ત્રણ લક્ષણો સિવાય સાચો પ્રેમ સંભવી શકે નહીં, આપણા પ્રેમના ત્રિકોણનો પ્રથમ ખૂણો એ છે કે પ્રેમ બદલો માગવાનું જાણતો નથી. જ્યાં જ્યાં બદલામાં કોઈ પણ વસ્તુની આશા હોય છે ત્યાં ત્યાં શુદ્ધ પ્રેમ સંભવી શકતો નથી; તે કેવળ દુકાનદારી બની જાય છે. જ્યાં સુધી ઈશ્વર પ્રત્યે આપણા પૂજ્યભાવ અને નિષ્ઠાના બદલામાં તેની પાસેથી આ કે તે લાભ મેળવવાનો સહેજ પણ ભાવ આપણામાં હશે, ત્યાં સુધી આપણા હૃદયમાં સાચો પ્રેમ ઊગી શકશે નહીં. જેઓ ઈશ્વર પોતાને માગ્યું વરદાન આપે તે ખાતર તેને ભજે છે, તેમને જો તે નહીં મળે તો તેઓ નિ:સંદેહ તેને નહીં ભજે. ભક્ત ઈશ્વર પર પ્રેમ એટલા માટે કરે છે કે ઈશ્વર પ્રેમનું પાત્ર છે. સાચા ભક્તને માટે દિવ્ય પ્રેમ જગાડનાર, તેનો પ્રેરક, બીજો કોઈ ઉદ્દેશ હોતો નથી.

આપણે એક રાજાની વાર્તા સાંભળી છે. એક મહાન રાજા જંગલમાં ગયો; ત્યાં તેને એક ઋષિ મળ્યા. ઋષિ સાથેની વાતચીતમાં તેની પવિત્રતા અને જ્ઞાન જોઈને રાજા અત્યંત પ્રસન્ન થયો. એટલે રાજાને ઇચ્છા થઈ કે ઋષિ પોતાની પાસેથી કોઈ પણ ભેટનો સ્વીકાર કરીને પોતાને કૃતાર્થ કરે. ઋષિએ તેનો અસ્વીકાર કરતાં કહ્યું : "મારે માટે જંગલનાં ફળો પૂરતાં છે; પર્વતોમાંથી વહેતા શુદ્ધ જળના ઝરાઓ મને પીવાને પૂરતું પાણી આપે છે; ઝાડની છાલો મને પહેરવા માટે પૂરતું વસ્ત્ર આપે છે; અને પર્વતોની ગુફાઓ મારા નિવાસ માટે પૂરતી છે. તો પછી શા માટે મારે તમારી કે બીજા કોઈ પાસેથી કંઈ ભેટ સ્વીકારવી જોઈએ? રાજાએ કહ્યું : "ભગવન! કેવળ મને કૃતાર્થ કરવા સારુ કૃપા કરીને મારી સાથે શહેરમાં મારા મહેલમાં ચાલો." મારી પાસેથી કોઈ પણ વસ્તુ લો. અને અત્યંત આગ્રહ પછી ઋષિએ છેવટે રાજાની ઇચ્છા પ્રમાણે કરવા સંમતિ આપીને તેની સાથે તેના મહેલમાં ગયા. ઋષિને ભેટ આપતાં પહેલાં રાજા ઈશ્વરની પ્રાર્થના કરતાં બોલ્યો : "હે પ્રભુ! મને વધુ સંતાનો આપો, મને વધુ ધન આપો; હે પ્રભુ! મને વધુ રાજ્ય આપો; હે પ્રભુ! મારા શરીરને વધુ સ્વસ્થ રાખો," વગેરે વગેરે. પણ રાજા પોતાની પ્રાર્થના પૂરી કરે તે પહેલાં તો ઋષિ ઊભા થઈ ગયા

અને શાંતિપૂર્વક ઓરડામાંથી બહાર નીકળી ગયા! આથી રાજા મૂંઝાયો અને તેમની પાછળ પાછળ જતાં જતાં મોટેથી બૂમ પાડીને તેમણે કહ્યું : "મહારાજ! તમે ચાલ્યા જાઓ છો, પરંતુ મારી ભેટ તમે હજુ સ્વીકારી નથી." ઋષિ પાછા ફર્યા અને કહ્યું : "હું ભિખારીઓ પાસે માગતો નથી. તું પોતે એક ભિખારી સિવાય કંઈ જ નથી, તો તું મને કોઈ વસ્તુ કેવી રીતે આપી શકે? તારા જેવા એક ભિખારી પાસેથી કોઈ વસ્તુ લેવાનું વિચારું તેવો હું મૂર્ખ નથી. ચાલ્યો જા, મારી પાછળ આવીશ નહીં."

ઈશ્વરના સાચા પ્રેમીઓ તથા માત્ર સાધારણ ભિખારીઓ વચ્ચેનો તફાવત અહીં સ્પષ્ટ રીતે બતાવાયો છે. ભીખ માગવી એ પ્રેમની પરિભાષા નથી. મુક્તિને ખાતર અથવા અન્ય કોઈ બદલાને માટે પણ ઈશ્વરની ઉપાસના કરવી એ એટલું જ હલકું છે. પ્રેમ બદલો માગવાનું જાણતો નથી; પ્રેમ સદૈવ પ્રેમને ખાતર જ હોય છે. ભક્ત ભગવાનની સાથે પ્રેમ કરે છે, તેનું કારણ કે તે પ્રેમ કર્યા સિવાય રહી શકતો નથી. જ્યારે તમે કોઈ મનોરમ દૃશ્ય જોતાં જ તેની સાથે પ્રેમમાં પડો છો, ત્યારે તમે તેની પાસેથી બદલા તરીકે કાંઈ પણ વસ્તુ માગતા નથી, અથવા તો એ દૃશ્ય તમારી પાસેથી બદલામાં કંઈ માગતું નથી. તેમ છતાં તેનું દર્શન તમને આનંદિત કરે છે, તમારા આત્માનાં બધાય ક્લેશોને શમાવી દે છે, તમને શાંતચિત્ત બનાવે છે, તેટલા સમય પૂરતું તમને તમારી નશ્વર પ્રકૃતિથી ઉચ્ચ કક્ષાએ લઈ જાય છે અને શાંત સ્વર્ગીય પરમાનંદની અવસ્થાએ તમને પહોંચાડે છે. સાચા પ્રેમનો આ સ્વભાવ એ આપણા ત્રિકોણનો પ્રથમ ખૂણો છે. તમારા પ્રેમના બદલામાં કશાની યાચના કરો નહીં; તમારી સ્થિતિ હંમેશાં દાતાની રહેવા દો. ઈશ્વરને તમારો પ્રેમ સમર્પો પરંતુ બદલામાં તેની પાસેથી પણ કોઈ પણ વસ્તુની યાચના કરો નહીં.

પ્રેમના ત્રિકોણનો બીજો ખૂણો છે : પ્રેમ કાંઈ ભયને જાણતો નથી. ડરને કારણે જેઓ ઈશ્વર ઉપર પ્રેમ રાખે છે તેઓ તદ્દન અણઘડ અને અધમમાં અધમ મનુષ્યો છે. તેઓ દંડના ભયથી ઈશ્વરને ભજે છે; તેમની નજરમાં ઈશ્વર એક હાથમાં ચાબુક અને બીજા હાથમાં દંડો લઈને ઊભેલો એક વિરાટ પુરુષ છે. તેઓ જો તેની આજ્ઞા માને નહીં, તો તેમને ભય છે કે તેમને ચાબુકથી ફટકારવામાં આવશે. દંડના ભયને લઈ ઈશ્વરની ઉપાસના કરવી તે અધઃપતન છે;

જો આને સહેજ પણ ઉપાસના જેવું ગણવું હોય તો, આવી ઉપાસના પ્રેમની અણઘડમાં અણઘડ પ્રકારની ઉપાસના છે. જ્યાં સુધી હૃદયમાં જરા પણ ભય હોય, ત્યાં સુધી પ્રેમ કેવી રીતે હોઈ શકે? સ્વાભાવિક રીતે જ પ્રેમ સર્વ ભયને જીતી લે છે. કલ્પના કરો કે રસ્તા પર થઈને કોઈ યુવાન સ્ત્રી જતી હોય, અને તેની સામે કૂતરો ભસે છે, સ્ત્રી ડરી જાય છે અને નજીકના ઘરમાં પેસી જાય છે. પરંતુ ધારો કે બીજે દિવસે સડક પરથી તે પોતાના બાળક સાથે જતી હોય અને એક સિંહ એ બાળક પર તરાપ મારે તો તે વખતે માતાનું સ્થાન ક્યાં હશે? અલબત્ત, પોતાના બાળકને બચાવવા સારું સિંહના મોંઢામાં! પ્રેમ તમામ ભયને જીતી લે છે. વિશ્વથી પોતાની જાતને અલગ કરનારી સ્વાર્થની ભાવનામાંથી ભય જન્મે છે. મારી જાતને હું જેમ વધુ ક્ષુદ્ર અને વધુ સ્વાર્થી બનાવું તેમ મારો ભય વધે છે. જો મનુષ્ય પોતાની જાતને ક્ષુદ્ર બિનઅગત્યની વસ્તુ ગણે, તો ભય અવશ્ય તેને ઘેરી વળશે; તમે તમારી જાતને જેમ ઓછી તુચ્છ ગણશો તેમ તમારો ભય પણ ઓછો થતો જશે. તમારામાં ભયનો લેશ પણ અંશ હશે ત્યાં સુધી પ્રેમ ઉદ્‌ભવી નહીં શકે. પ્રેમ અને ભય પરસ્પર વિરોધી બાબતો છે. જેઓ ઈશ્વરના ભક્ત છે તેમને તેનો કશો ભય ન હોય. ઈશ્વરનો ખરો ભક્ત "ઈશ્વરનું નામ અમસ્તું ન લ્યો" વાળા આદેશ તરફ હસે છે. પ્રેમના ધર્મમાં કોઈ પણ પ્રકારની ભગવત્ નિંદા કેમ હોઈ શકે? ઈશ્વરનું નામ તમે જેટલી વધારે વાર લ્યો તેટલું તમારે માટે વધુ શ્રેયસ્કર છે; પછી તમે તે ગમે તે રીતે કેમ ન લેતા હો! તમે તેનું નામ જપ્યા કરો છો, કારણ કે તમે તેને ચાહો છો.

પ્રેમ-ત્રિકોણનો ત્રીજો ખૂણો એ છે કે પ્રેમમાં કોઈ હરીફ હોતા નથી, કારણ કે પ્રેમનો પરમોચ્ચ આદર્શ સદૈવ પ્રેમીમાં મૂર્તિમંત હોય છે. જ્યાં સુધી આપણા પ્રેમનું પાત્ર આપણો સર્વોચ્ચ આદર્શ બનતું નથી, ત્યાં સુધી સાચો પ્રેમ કદી ઉદ્‌ભવતો નથી. બનવાજોગ છે કે ઘણા કિસ્સાઓમાં મનુષ્યનો પ્રેમ ગેરમાર્ગે જ અને અયોગ્ય સ્થળે જાય છે; પરંતુ પ્રેમી જે વસ્તુને ચાહે છે તે તેને મન હમેશાં પોતાનો પરમોચ્ચ આદર્શ હોય છે. એકાદ માણસ પોતાનો આદર્શ અધમમાં અધમ વ્યક્તિમાં દેખે છે, અને બીજો પોતાનો આદર્શ ઉચ્ચમાં ઉચ્ચ વ્યક્તિમાં દેખે છે; તેમ છતાંય પ્રત્યેક કિસ્સામાં જેના પર સચ્ચાઈથી અને ઉત્કટતાથી પ્રેમ કરી શકાય તે કેવળ પોતાનો આદર્શ હોય છે. પ્રત્યેક મનુષ્યનો સર્વોત્તમ આદર્શ

ઈશ્વર ગણાય છે. જ્ઞાની અથવા અજ્ઞાની, સંત અથવ પાપી, પુરુષ અથવા સ્ત્રી, શિક્ષિત અથવા અશિક્ષિત, સંસ્કારી અથવા અસંસ્કારી, પ્રત્યેક માનવીને મન સર્વોત્તમ આદર્શ ઈશ્વર છે. સૌંદર્ય, ઔદાર્ય અને શક્તિના બધા સર્વોત્તમ આદર્શોનો સુમેળ જ આપણો પ્રેમમય અને પ્રેમાસ્પદ પરમાત્માનો પૂર્ણમાં પૂર્ણ ખ્યાલ છે.

એક યા બીજા સ્વરૂપે, સ્વાભાવિક રીતે જ પ્રત્યેક મનમાં આ આદર્શ વિદ્યમાન હોય છે; તે આદર્શ આપણા સૌના મનનો એક મુખ્ય અંશ હોય છે. મનુષ્ય પ્રકૃતિની બધી દૃશ્ય અભિવ્યક્તિઓ તે આદર્શોને રોજબરોજના જીવનમાં મૂર્તિમંત કરવા માટેના પ્રયત્નરૂપ છે. સમાજમાં આપણી આસપાસ જે બધાં વિવિધ કાર્યો થતાં દેખાય છે, તે ભિન્ન ભિન્ન આત્માઓનાં બહાર મૂર્તિમંત થવા મથતા ભિન્ન ભિન્ન આદર્શોને કારણે થાય છે. જે અંદર છે તે બહાર આવવા મથે છે. આદર્શનો આ કાયમી પ્રબળ પ્રભાવ એક એવું પરિબળ છે, એક એવી પ્રેરક શક્તિ છે કે જે માનવસમાજમાં નિરંતર કાર્ય કરતી જોવામાં આવે છે. કદાચ સેંકડો જન્મો પછી, હજારો વર્ષોના સંગ્રામ પછી પણ મનુષ્યને ખાતરી થાય છે કે અંતરના આદર્શોને પૂર્ણપણે પોતાને સાનુકૂળ તથા સુસંગત બનાવવાનો બાહ્ય પરિસ્થિતિનો પ્રયત્ન વ્યર્થ છે; આ અનુભવ થયા પછી તે પોતાના આદર્શને બાહ્ય સંસારમાં મૂર્તરૂપ આપવા સારુ વધારે પ્રયત્ન કરતો નથી, પરંતુ પ્રેમની શ્રેષ્ઠ ભૂમિકાથી સ્વયં આદર્શને જ તે આદર્શ તરીકે ઉપાસે છે. આ સર્વાંગ સંપૂર્ણ આદર્શ નીચલી કક્ષાના તમામ આદર્શોને પોતામાં સમાવી દે છે. પ્રત્યેક વ્યક્તિ પ્રચલિત કહેવતના આ સત્યને સ્વીકારે છે કે દરેક પ્રેમી પોતાની કુબજા સમી પ્રેમિકાને રતિસમી સુંદરી માને છે. એક પ્રેક્ષક તરીકે જે માણસ બાજુમાં ઊભો હોય છે તે અહીં પ્રેમને અયોગ્ય પાત્રે ઢળતો જુએ છે, પરંતુ પ્રેમી તો તેનામાં પોતાની આદર્શ રતિને જુએ છે, તેનામાં કશી પણ કુરૂપતા દેખતો નથી. સુરૂપ હોય કે કુરૂપ પરંતુ આપણા આદર્શો આપણાં એ પ્રેમપાત્રોને મધ્યબિંદુએ રાખીને તેમની આસપાસ મૂર્તિમંત બનતા હોય છે. જગત સામાન્ય રીતે કોને ઉપાસે છે? પરમ ભક્ત અને પરમ પ્રેમીના આ સર્વગ્રાહી સંપૂર્ણ આદર્શને તો નહીં જ નહીં. સ્ત્રી-પુરુષો, સામાન્ય રીતે તેમના પોતાનામાં રહેલા આદર્શને જ ઉપાસે છે; પ્રત્યેક વ્યક્તિ તેના પોતાના આદર્શનું બાહ્ય જગતમાં આરોપણ કરે છે, અને

તેની સમક્ષ શિર નમાવે છે. એટલા માટે જ આપણે જોઈએ છીએ કે જે મનુષ્યો નિષ્ઠુર ખૂની હોય છે તેઓ લોહીતરસ્યા દેવતાની જ કલ્પના કરે છે, કારણ કે તેઓ કેવળ પોતાના સર્વોત્તમ આદર્શને જ ચાહે છે. એટલા માટે જ સાધુચરિત મનુષ્યો માટે ઈશ્વરનો ખૂબ ઉચ્ચ આદર્શ છે, તેમ જ બીજાઓના કરતાં તે અત્યંત ભિન્ન પણ હોય છે.

પ્રેમસ્વરૂપ ઈશ્વર સ્વત: પ્રમાણ છે

જે ભક્ત સ્વાર્થપરાયણતા, બદલો, દુકાનદારી અને ભયના ખ્યાલોની પેલે પાર ગયો છે, તેનો આદર્શ કયો છે? આવો મનુષ્ય પરમાત્માને પણ કહી દેશે કે "હું તને મારું સર્વસ્વ અર્પી દઈશ; તારી પાસેથી હું કાંઈ માગતો નથી; ખરેખર હું મારું પોતાનું કહી શકું તેવું કંઈ જ મારી પાસે નથી." જ્યારે મનુષ્ય આ શ્રદ્ધા પ્રાપ્ત કરે છે, ત્યારે તેનો આદર્શ બની જાય છે સંપૂર્ણ પ્રેમ, પ્રેમની સંપૂર્ણ નિર્ભયતા. આવી વ્યક્તિના સર્વોચ્ચ આદર્શમાં કોઈ સંકુચિતતા કે એકદેશિયતા હોતી નથી; આ આદર્શ સર્વગ્રાહી, સીમાતીત – બંધનાતીત, નિરપેક્ષ પ્રેમસ્વરૂપ હોય છે. કોઈ પણ પ્રતીક અથવા સૂચક અવલંબન સિવાય પ્રેમધર્મના આ ભવ્ય આદર્શની નિરપેક્ષ સ્વરૂપમાં ઉપાસના કરવામાં આવે છે. આવા વિશ્વવ્યાપી આદર્શની આદર્શ તરીકેની ઉપાસના એ પરાભક્તિનું સર્વોત્તમ સ્વરૂપ છે; ભક્તિના અન્ય તમામ પ્રકારો પરાભક્તિ પ્રાપ્ત કરવાનાં કેવળ પગથિયાં છે.

પ્રેમધર્મને અનુસરતાં પ્રાપ્ત થતી આપણી તમામ નિષ્ફળતાઓ કે સફળતાઓ, એક આદર્શ તત્ત્વની અનુભૂતિના માર્ગે આપણને દોરી જાય છે. એક પછી એક વસ્તુને લઈને તેના ઉપર અંતરના આદર્શને આરોપવામાં આવે છે; અને આવા તમામ બાહ્ય વિષયો સદા વિસ્તાર પામતા આંતરિક આદર્શના સૂચક તરીકે અપૂર્ણ જણાય છે, અને સ્વાભાવિક રીતે જ એક પછી એકને છોડી દેવામાં આવે છે. આખરે સાધક સમજવા માંડે છે કે બાહ્ય વિષયોમાં આદર્શનો સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન વ્યર્થ છે, સ્વયં આદર્શ સાથની સરખામણીમાં આ તમામ બાહ્ય વિષયો શૂન્યવત છે; અને વખત જતાં સર્વોચ્ચ, સર્વવ્યાપક, નિરપેક્ષ આદર્શને સંપૂર્ણ જીવંત અને વાસ્તવિક રૂપે સાક્ષાત્ કરવાની શક્તિ તેને પ્રાપ્ત થાય છે. જ્યારે સાધક આ અવસ્થાએ પહોંચે છે, ત્યારે ઈશ્વરની સત્તા સાબિત કરી શકાય કે નહીં, ઈશ્વર સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે કે નહીં, વગેરે પૂછવા તે પ્રેરાતો નથી. તેને મન ઈશ્વરમાત્ર પ્રેમસ્વરૂપ છે, તે જ પ્રેમનો સર્વોચ્ચ આદર્શ છે, અને ભક્તને માટે આટલું જ બસ છે. પ્રેમસ્વરૂપ તરીકે ઈશ્વર સ્વયંસિદ્ધ છે. પ્રેમપાત્રનું અસ્તિત્વ સાબિત કરવા પ્રેમીને કોઈ પ્રમાણની જરૂર નથી. ધર્મનાં બીજાં સ્વરૂપોમાં ન્યાયાધીશરૂપી ઈશ્વરનો આદર્શ સિદ્ધ કરવા ઘણાં પ્રમાણોની જરૂર પડે છે, પરંતુ ભક્ત આવા ઈશ્વરનો જરા પણ વિચાર કરતો નથી, કારણ

શકતો પણ નથી. તેને મન ઈશ્વર પૂર્ણપણે પ્રેમસ્વરૂપ જ હોય છે. "હે પ્રિયે! કોઈ સ્ત્રી પતિને તે પતિ છે એટલા ખાતર પ્રેમ કરતી નથી, પરંતુ પતિમાં જે આત્મા છે – ઈશ્વર છે તેને ખાતર જ તે પતિને ચાહે છે. હે પ્રિયે! કોઈ પુરુષ પોતાની પત્નીને તે માત્ર પત્ની છે એટલા ખાતર ચાહતો નથી પરંતુ પોતાની પત્નીમાં જે આત્મા છે તેની ખાતર તે તેને ચાહે છે."

કેટલાક લોકોનું એવું માનવું છે કે, માનવીનાં તમામ કર્મોનું પ્રેરક બળ કેવળ સ્વાર્થપરાયણતા છે. આ સ્વાર્થપરાયણતા પણ પ્રેમ જ છે, પરંતુ વ્યક્તિગત હોવાને કારણે તે નીચી કક્ષામાં ઊતરી જાય છે. જ્યારે હું મારી જાતને વિશ્વવ્યાપક હોવાનું સમજું, ત્યારે અવશ્ય મારામાં જરા પણ સ્વાર્થપરાયણતા હોઈ શકે નહીં; પરંતુ જ્યારે હું ભ્રમવશ થઈને એમ સમજું કે હું એક ક્ષુદ્ર કંઈક છું એટલે તુરત જ મારો પ્રેમ વ્યક્તિગત અને સંકુચિત બની જાય છે. પ્રેમના ક્ષેત્રને વૈયક્તિક અને સંકુચિત બનાવવામાં જ ભૂલ રહેલી છે. વિશ્વમાં તમામ વસ્તુઓ ઈશ્વરમાંથી ઉત્પન્ન થયેલી છે અને એટલા માટે તે તમામ પ્રેમને પાત્ર છે; તેમ છતાં એટલું યાદ રાખવું કે સમષ્ટિના પ્રેમમાં વ્યષ્ટિનો પ્રેમ સમાઈ જાય છે. આ સમષ્ટિ એ જ ભક્તોનો ભગવાન છે, અને તે સિવાયના અન્ય સર્વ દેવો, સ્વર્ગના પિતા અથવા શાસનકર્તાઓ, સર્જકો, અને અનેક પ્રકારના વાદો અને ગ્રંથો ભક્તોને માટે પ્રયોજન કે અર્થ વિનાના બની જાય છે, કારણ કે તેમના પરમ પ્રેમ અને શ્રદ્ધાના બળે તેઓ આ બધી વસ્તુઓથી પર ચાલ્યા ગયા છે. જ્યારે અંતઃકરણ વિશુદ્ધ બને છે, સ્વચ્છ બને છે અને પ્રેમના દૈવી અમૃતથી છલોછલ ભરાઈ જાય છે, ત્યારે ઈશ્વર વિશેના અન્ય સર્વ વિચારો કેવળ બાલિશ બની જાય છે અને અપૂર્ણ તથા અયોગ્ય હોવાથી તેમને છોડી દેવામાં આવે છે. પરા-ભક્તિ અથવા પરમ પ્રેમની શક્તિ ખરેખર આવી છે; તે પછી પૂર્ણ ભક્ત ઈશ્વરનાં દર્શન કરવા મંદિરોમાં અને દેવળોમાં જતો નથી; એવી કોઈ જગ્યા તે દેખતો નથી કે જ્યાં તેને ઈશ્વર દેખાતો ન હોય. ઈશ્વરને જેમ તે મંદિરમાં દેખે છે, તેમ જ મંદિરની બહાર પણ દેખે છે; સાધુપુરુષના સચ્ચરિત્રમાં તેમ જ દુષ્ટજનોની દુષ્ટતામાં પણ તે સર્વદા ઈશ્વરને જ નિહાળે છે, કેમ કે તેણે પોતાના હૃદયમાં સર્વશક્તિમાન, સદા દેદિપ્યમાન જ્યોતિ તરીકે ઈશ્વરને સંપૂર્ણ પ્રભા સાથે પ્રતિષ્ઠિત કરેલ છે, જે જ્યોતિ સદાકાળ પ્રકાશિત અને નિરંતર હાજર રહે છે.

પ્રેમના દૈવી આદર્શનું માનવી ભાષામાં વર્ણન

આ પરમોચ્ચ અને નિરપેક્ષ પ્રેમના આદર્શને માનવી ભાષામાં વ્યક્ત કરવો અસંભવિત છે. માનવકલ્પનાનું સર્વોચ્ચ ઉડ્ડયન સુધ્ધાં તેની અનંત પૂર્ણતા અને સૌંદર્યનો અનુભવ કરવા અસમર્થ છે. તેમ છતાં સર્વ દેશોમાં પ્રેમધર્મના અનુયાયીઓને પોતાના પ્રેમના આદર્શને તેમના ઉચ્ચ તેમ જ ઊતરતી કોટિનાં સ્વરૂપોમાં સમજવા અને સમજાવવા સારુ સદૈવ અપૂર્ણ માનવભાષાનો ઉપયોગ કરવો પડ્યો છે. એટલું જ નહીં, બલકે આ અનિર્વચનીય દૈવી પ્રેમને માનવ પ્રેમનાં સર્વ ભિન્ન ભિન્ન સ્વરૂપો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. મનુષ્ય દૈવી બાબતોનો વિચાર કેવળ પોતાના માનવ ઢંગથી જ કરી શકે; આપણે માટે પૂર્ણ નિરપેક્ષ તત્ત્વ કેવળ સાપેક્ષ ભાષામાં જ વ્યક્ત થઈ શકે. આપણે માટે આ સમગ્ર વિશ્વ જાણે કે પરિસીમિતની ભાષામાં ઓળખાયેલ અનંત છે. એટલા માટે ઈશ્વરના તથા પ્રેમ દ્વારા ઈશ્વરની ઉપાસનાના સંબંધમાં ભક્તો માનવી પ્રેમની સઘળી સામાન્ય પરિભાષાનો ઉપયોગ કરે છે.

પરા ભક્તિના કેટલાક મહાન વ્યાખ્યાતાઓએ આ દૈવી પ્રેમને અનેક ભિન્ન ભિન્ન સ્વરૂપે સમજવા અને અનુભવવા પ્રયત્ન કર્યો છે. આ પ્રેમના નીચામાં નીચા સ્વરૂપને શાંતભાવ કહેવામાં આવે છે. જ્યારે મનુષ્ય પોતાનામાં ભક્તિની ઉત્કટતા વિના અને તેથી ઉદ્‌ભવેલ પ્રેમોન્માદ વિના ઈશ્વરને ઉપાસે છે, જ્યારે તેનો પ્રેમ કેવળ શાંત સાધારણ કોટિનો હોય છે તથા બાહ્ય અનુષ્ઠાનો આદિથી કેવળ થોડીક જ ઉચ્ચ શ્રેણીનો બને છે, પરંતુ જેમાં ગાઢ પ્રેમની ઉન્મત્તતારૂપી વિશિષ્ટતા હોતી નથી, ત્યારે તે શાંતભાવ કહેવાય છે. સંસારમાં આપણે કેટલાક એવા જોઈએ છીએ કે જેઓ ધીરે ધીરે જ આગળ વધવા માગે છે, જ્યારે બીજા કેટલાક વંટોળિયાની પેઠે આવે છે અને જાય છે. શાંત ભક્ત ધીર, સ્થિર અને નમ્ર હોય છે.

તે પછીનો ભક્તિનો વધુ ઉચ્ચ પ્રકાર દાસ્યભાવ, એટલે કે ભગવાનનો હું દાસ છું એ ભાવ છે. જ્યારે મનુષ્ય, પોતે ઈશ્વરનો દાસ છે એમ સમજે છે ત્યારે દાસ્યભાવ જન્મે છે. વફાદાર સેવકનો પોતાના સ્વામી પ્રત્યેનો અનુરાગ એ જ એનો આદર્શ છે.

ત્યાર પછીનો પ્રેમનો પ્રકાર, એ સખ્યભાવ છે. ભક્ત ભગવાનને કહે છે: "તું મારો પરમ પ્રિય સખા છે." જેવી રીતે મનુષ્ય પોતાનું અંતર પોતાના મિત્ર પાસે ખોલે છે અને વિશ્વાસ રાખે છે કે તેનો મિત્ર તેના દોષો માટે તેને ઠપકો નહીં આપે, પરંતુ તેને સહાય કરવા હંમેશાં કોશિશ કરશે, જેવી રીતે તેમની વચ્ચે સમાનતાનો ભાવ હોય છે, તેવી રીતે ઉપાસક અને તેના ઉપાસ્ય વચ્ચે સમાન પ્રેમ વહેવા લાગે છે. આમ ઈશ્વર, જેને આપણે મુક્તપણે આપણી જિંદગીની તમામ વાતો કહી શકીએ એવો આપણો સખા, આપણો અત્યંત નિકટનો મિત્ર બને છે. સલામતી અને સહાયની પૂરી ખાતરી સાથે આપણા અંતરની ગુપ્તમાં ગુપ્ત વાતો આપણે તેની સમક્ષ મૂકી શકીએ. તે એવો મિત્ર છે કે જેને ભક્ત પોતાની સમાન કક્ષાના તરીકે સ્વીકારે છે. અહીં ભક્ત ઈશ્વરને પોતાના ગોઠિયા રૂપે જુએ છે. આપણે કહી શકીએ કે આપણે સૌ આ વિશ્વમાં રમત કરી રહ્યાં છીએ. જેવી રીતે બાળકો પોતાની રમત રમે છે, જેવી રીતે મહાન નામાંકિત રાજાઓ અને સમ્રાટો તેમની પોતાની રમતો રમે છે, તેવી જ રીતે પ્રેમસ્વરૂપ પરમાત્મા સ્વયં આ સંસાર સાથે લીલા કરી રહ્યા છે. તે પૂર્ણ છે; તેને કોઈ વસ્તુનો અભાવ નથી. તેણે શા માટે સૃષ્ટિ સર્જવી જોઈએ? કાંઈક અભાવ આપણે પૂરો કરવા માટે જ કાર્ય કરીએ છીએ, અને અભાવ તો અપૂર્ણતાનું સૂચક છે. ઈશ્વર પૂર્ણ છે; તેને કોઈ અભાવ નથી. તેમ છતાં શા માટે આ સતત સૃષ્ટિનું કાર્ય તેણે ચાલુ રાખવું જોઈએ? તેના મનમાં કયો ઉદ્દેશ છે? ઈશ્વર આપણી કલ્પના મુજબ એક યા બીજા ઉદ્દેશ સિદ્ધ કરવા ખાતર જગત સર્જે છે એવું કથન વાર્તા તરીકે સુંદર છે, બીજી કોઈ રીતે નહીં.

ખરેખર આ બધી ઈશ્વરની લીલા છે; વિશ્વ તેનો ચાલ્યા કરતો ખેલ છે. સમસ્ત સંસાર તેને મન એક મોટી ગંમત હોવી જોઈએ. જો તમે નિર્ધન હો તો એ નિર્ધનતાને એક મજા તરીકે માણો; જો તમે તવંગર હો તો તવંગર તરીકેનો તમાશો માણો; જો આપત્તિ આવે તો તે પણ સારો તમાશો સમજો; જો સુખ આવે તો તે પણ એક મોટો તમાશો છે એમ માનો. સંસાર રમતનું એક મેદાન માત્ર છે અને આપણે સૌ ત્યાં રમત રમીને મજા લઈએ છીએ; બધો વખત ઈશ્વર આપણી સાથે રમે છે અને આપણે તેની સાથે રમીએ છીએ તે આપણો સદાનો લીલાસહચર છે. તે કેવી સુંદર રીતે લીલા કરે છે! જ્યારે કલ્પનો અંત આવે છે ત્યારે રમત પૂરી થાય છે. થોડા કે લાંબા સમય માટે

વિશ્રામ આવે છે; અને વળી પાછા સૌ બહાર આવે છે અને રમવા લાગે છે. માત્ર તમે જ્યારે ભૂલી જાઓ છો કે આ બધી રમત છે અને તમે પણ આ રમતમાં એક સહાયક છો, ત્યારે જ ફક્ત દુઃખ અને ક્લેશનો અનુભવ કરો છો. ત્યારે હૃદય ભારે બની જાય છે અને સંસાર તમને અસહ્ય બોજારૂપ થઈ પડે છે. પરંતુ ક્ષણિક જીવનની આ ચંચળ ઘટનાઓના લક્ષણ તરીકે વાસ્તવિકતાનો ગંભીર ભાવ જેવો તમે છોડી દો છો, અને જાણી લો છો કે આ તો એક રંગમંચ છે કે જેની ઉપર આપણે નાટક ભજવી રહ્યા છીએ અને ઈશ્વરની લીલામાં સહાયક બની રહ્યા છીએ કે તરત જ તમારે માટે દુઃખનો અંત આવી જાય છે. ઈશ્વર પ્રત્યેક પરમાણુરૂપે લીલા કરે છે; પૃથ્વીઓ, સૂર્યો અને ચંદ્રોનું જ્યારે તે સર્જન કરે છે ત્યારે તે લીલા કરતો હોય છે; તે મનુષ્યના અંતર સાથે, પ્રાણીઓ સાથે, વૃક્ષો સાથે પણ રમી રહ્યા છે. આપણે માત્ર તેની સોગઠીઓ છીએ; સોગઠીઓને તે પટ ઉપર મૂકે છે અને તેમને ચલાવે છે. પહેલાં તે આપણને એક પ્રકારે ગોઠવે છે અને પછી બીજા પ્રકારે ગોઠવે છે, અને એ રીતે આપણે જાણેઅજાણે તેની લીલામાં સહાય કરીએ છીએ. ઓહ, કેવી મજા! આપણે તેની રમતના સાથી બનીએ છીએ!

ત્યાર પછી આવે છે વાત્સલ્યભાવ, કે જેમાં ઈશ્વર પ્રત્યે પિતા તરીકે નહીં પરંતુ પોતાના બાળક તરીકે પ્રેમ રાખવાના હોય છે. આ કંઈક વિચિત્ર લાગશે, પરંતુ ઈશ્વર અંગેની આપણી કલ્પનામાંથી ઐશ્વર્યના સમસ્ત ભાવ અલગ પાડવાને આપણને સમર્થ બનાવવાનું એ એક સાધન છે. ઐશ્વર્યના ભાવ તેની સાથે ભયનો ભાવ લાવે છે. પ્રેમમાં ભય ન હોવો જોઈએ. ચારિત્ર્યના નિર્માણ માટે પૂજ્ય ભાવ તથા આજ્ઞાંકિતપણાનો ભાવ આવશ્યક છે, પરંતુ જ્યારે ચારિત્ર્ય નિર્માણ થઈ ગયું હોય, જ્યારે પ્રેમીએ – ભક્તે સ્વસ્થ અને શાંત પ્રેમના આસ્વાદ લીધો હોય, અને તીવ્ર ઉન્માદના પણ થોડોક સ્વાદ ચાખ્યો હોય, ત્યારે તેને નીતિ અને સંયમની વાતો કરવાની વધારે જરૂર હોતી નથી. ઈશ્વરને મહાન, ભવ્ય, ઐશ્વર્યવાન વિશ્વના નિયંતા કે દેવાધિદેવ તરીકે કલ્પવાની પરવા ભક્ત કરતો નથી. (ઈશ્વરચિંતન સંબંધી) ભય ઉપજાવે એવા ઐશ્વર્યના ખ્યાલને દૂર કરવા ભક્ત ભગવાનને તેના પોતાના બાળક તરીકે ઉપાસે છે. પોતાના બાળકથી માતા અને પિતા ભયભીત થતાં નથી; બાળક પ્રત્યે તેમને કોઈ પૂજ્ય ભાવ હોતો નથી; તેઓ

બાળક પાસેથી કોઈ પ્રકારના અનુગ્રહની યાચના કરવાનું વિચારી શકતાં નથી. બાળકની સ્થિતિ સદૈવ લેનારની હોય છે, અને બાળકના પ્રેમને ખાતર માતાપિતા સેંકડો વાર પોતાના શરીરનું પણ સમર્પણ કરી દે છે; પોતાના એક બાળકની ખાતર તેઓ હજારો જિંદગીઓ કુરબાન કરે છે. અને એથી ઈશ્વર પ્રત્યે પુત્રવત્ પ્રેમ દાખવવામાં આવે છે.

જે ધર્મ સંપ્રદાયો ઈશ્વરના અવતારમાં માને છે તેમનામાં સ્વભાવિક રીતે ઈશ્વર પ્રત્યે બાળક તરીકે પ્રેમ દર્શાવવાનો ભાવ જન્મ્યો છે અને વિકસ્યો છે. મુસલમાનો માટે બાળક તરીકે ઈશ્વરના ભાવ અસંભવિત છે; તેઓ આવા વિચારમાત્રથી જ ત્રાસી ઊઠશે અને દૂર ચાલ્યા જશે. ખ્રિસ્તીઓ અને હિંદુઓ તેનો અનુભવ સરળતાથી કરી શકશે, કેમ કે તેમની સામે બાળક ઈશુ તથા બાલકૃષ્ણ હાજર છે. ભારતની સ્ત્રીઓ બહુધા પોતાની જાતને કૃષ્ણની માતા તરીકે ગણે છે; ખ્રિસ્તી સ્ત્રીઓ પણ એવો ભાવ ધારણ કરી શકે કે પોતે બાલ ઈશુની માતા છે; અને તે ભાવ પશ્ચિમના દેશોમાં જેની અત્યંત જરૂર છે તે ઈશ્વરના દિવ્ય માતૃભાવનું જ્ઞાન લાવશે. ઈશ્વર અંગે ભય તથા પૂજ્યભાવના વહેમો આપણા અંતરમાં બહુ ઊંડા મૂળ નાખીને બેઠા છે; અને ઈશ્વર સંબંધી આ ભય, પૂજ્યભાવ, ભવ્યતા, ઐશ્વર્ય તથા મહિમાના આપણા ભાવોને પ્રેમભાવમાં સંપૂર્ણ રીતે લીન કરી દેતાં ઘણાં વર્ષો લાગશે.

પ્રેમનો આ દૈવી આદર્શ માનવજીવનમાં એક વધુ પ્રકારે પ્રગટ થાય છે. તે મધુર ભાવ તરીકે ઓળખાય છે અને તમામ ભાવોમાં આ સર્વોચ્ચ ભાવ છે. તે ખરેખર આ સંસારના શ્રેષ્ઠ પ્રેમની અભિવ્યક્તિ ઉપર આધાર રાખે છે અને આ પ્રેમ માણસે અનુભવેલા પ્રેમના સર્વ પ્રકારમાં સૌથી વધુ પ્રબળ છે. સ્ત્રી અને પુરુષ વચ્ચેના પ્રેમ સિવાય એવો કયો અન્ય પ્રેમ છે કે જે મનુષ્યની સમસ્ત પ્રકૃતિને હચમચાવી નાખે છે, જે મનુષ્યના પ્રત્યેક પરમાણુમાં ગતિશીલ છે, જે તેને પાગલ બનાવે છે અને જે તેની પોતાની પ્રકૃતિનું વિસ્મરણ કરાવી દે છે, તેનું રૂપાન્તર કરે છે, અને કાં તો તેને દેવ અથવા તો દાનવ બનાવે છે? આ મધુર દૈવી પ્રેમના સ્વરૂપમાં ઈશ્વર આપણો પતિ છે, આપણે સૌ સ્ત્રીઓ છીએ. ઈશ્વર સિવાય આ સંસારમાં પુરુષ કોઈ નથી; કેવળ તે એક જ પુરુષ છે, આ આપણો પ્રિયતમ છે. જે પ્રેમ પુરુષ સ્ત્રીને આપે છે અથવા સ્ત્રી પુરુષને આપે છે, તે સમગ્ર પ્રેમ અહીં ઈશ્વરને અર્પણ કરવાનો હોય છે.

સંસારમાં આપણે પ્રેમનાં જેટલાં ભિન્ન ભિન્ન પ્રકારનાં સ્વરૂપો જોઈએ છીએ અને જેની સાથે આપણે વધુ કે ઓછા અંશે રમત રમતાં હોઈએ છીએ, તે બધાનું એક જ ધ્યેય છે ઈશ્વર : પરંતુ દુર્ભાગ્યે જે અનંત સમુદ્રમાં પ્રેમની આ મહાન નદી નિરંતર ઠલવાયા કરે છે તેને મનુષ્ય જાણતો નથી, અને એટલા માટે મૂઢ બનીને તે બહુધા પોતાના પ્રેમને આ ક્ષુદ્ર માનવ પૂતળીઓ તરફ વહાવે છે. માનવીના સ્વભાવમાં બાળક માટે નો જે ગાઢ પ્રેમ છે તે કેવળ ક્ષુદ્ર બાળપૂતળી પ્રત્યેનો નથી; જો તમે આંધળાની જેમ બાળક ઉપર જ પૂર્ણપણે તમારા પ્રેમને ન્યોછાવર કરશો તો તેનાં પરિણામ તમારે ભોગવવાં પડશે. પરંતુ આ દુઃખ ભોગ દ્વારા જાગૃતિ આવશે; તમને અવશ્ય જ્ઞાન પ્રાપ્ત થશે કે તમારામાં જે પ્રેમ છે તે જો કોઈ માનવ-વ્યક્તિને અર્પણ કરશો તો વહેલું કે મોડું પરિણામ તે દુઃખ અને કષ્ટ આવશે. એટલા માટે આપણો પ્રેમ તે સર્વોચ્ચ ઈશ્વરને સમર્પણ કરવો જોઈએ, કે જે કદી મરતા નથી અને કદી પરિવર્તન પામતો નથી, જેના પ્રેમસાગરમાં કદી ભરતી અગર ઓટ આવતાં નથી. પ્રેમ તેના યોગ્ય લક્ષ્યે જ જવો જોઈએ, એટલે કે વાસ્તવમાં જે ખરેખર પ્રેમનો અનંત સાગર છે તે ઈશ્વરમાં જ વહેવો જોઈએ. બધી નદીઓ વહીને સાગરમાં ઠલવાય છે. છેક પર્વતની ટોચેથી આવતું જળનું એક બિંદુ, એક વાર ઝરણું અથવા નદીમાં પહોંચ્યું એટલે પછી પોતાનો પ્રવાહ અટકાવી શકતું નથી, પછી તે નદી ગમે તેટલી મોટી હોય; આખરે તે જળબિંદુ સમુદ્રમાં પહોંચી જવાનો પોતાનો રસ્તો કોઈક રીતે શોધી જ લે છે. આપણી તમામ લાગણીઓ અને ભાવનાનું એક માત્ર લક્ષ્યસ્થાન ઈશ્વર જ છે.

જો તમે ગુસ્સે થવા માગતા હો તો ઈશ્વર પ્રત્યે ગુસ્સો કરો; તમારા પ્રિયતમને, તમારા સખાને ધમકાવો. તમે બીજા કોને નિર્ભયપણે ધમકાવી શકશો? મરણાધીન માનવી તમારા ગુસ્સાને ચૂપચાપ ધૈર્યપૂર્વક સહન કરશે નહીં; તેની પ્રતિક્રિયા થશે. જો તમે મારા પર ગુસ્સે થાઓ તો ચોક્કસ હું તેનો પ્રત્યુત્તરવાળું, કારણ કે હું તમારા ગુસ્સેને ધૈર્યપૂર્વક સહી શકું નહીં. તમારા પ્રેમી—પરમેશ્વરને કહો કે "તું શા માટે મારી પાસે આવતો નથી? તેં શા માટે આ રીતે મને ત્યજી દીધો છે?" તેના સિવાય બીજે ક્યાં આનંદ છે? માટીના આ નાના નાના લોચાઓમાં કયો આનંદ હોઈ શકે? આપણે જે શોધવાનું છે તે તો અનંત

આનંદનું તત્ત્વ છે, અને તે ઈશ્વરમાં જ છે. આપણી તમામ ઊર્મિઓ અને લાગણીઓને ઈશ્વર પ્રતિ વળવા દો. તેઓ તેને માટે જ છે, કારણ કે જો તેઓ પોતાનું લક્ષ ચૂકશે અને નીચે પડશે તો તેઓ અધમ બનશે; પણ જો તે સીધી લક્ષ્યસ્થાન એટલે કે ઈશ્વરની સમીપ જશે તો અધમમાં અધમ ઊર્મિઓ પણ દિવ્ય સ્વરૂપ ધારણ કરશે માનવીના શરીર અને મનની તમામ શક્તિઓ પોતાની જાતને ગમે તેવી રીતે વ્યક્ત કરતી હોય, તોપણ આખરે તેમનું એક માત્ર લક્ષ્યસ્થાન – એકાયન – પરમેશ્વર છે. મનુષ્યના અંતરના તમામ આવેગો અને સમસ્ત પ્રેમ ઈશ્વર પ્રતિ જ જવા જોઈએ. તે જ આપણો પ્રેમપાત્ર છે. આ હૃદય અન્ય કોને ચાહી શકે? ઈશ્વર પરમ સુંદર છે, પરમ મહિમાવંત છે, તે સ્વયં સૌંદર્ય અને મહિમા સ્વરૂપ છે. આ વિશ્વમાં તેના કરતાં વધુ સુંદર કોણ છે? આ વિશ્વમાં તેના કરતાં પતિ થવાને વધુ યોગ્ય બીજું કોણ છે? આ વિશ્વમાં તેના કરતાં વધુ યોગ્ય પ્રેમપાત્ર કોણ છે? એટલા માટે તે જ પતિ બને, અને તે જ પ્રિયતમ બને.

ઘણી વાર એવું બને છે કે જે દિવ્ય પ્રેમીના આ દિવ્ય પ્રેમનું વર્ણન છે, તે તેના વર્ણન માટે તેનાં તમામ પાસાંઓમાં મનુષ્યપ્રેમની પરિભાષા યોગ્ય છે એમ સ્વીકારે છે. મૂર્ખ મનુષ્યો આ સમજતા નથી, તેઓ કદી પણ સમજશે નહીં. તેઓ તેના પ્રત્યે કેવળ સ્થૂળ દૃષ્ટિથી જુએ છે. તેઓ આ આધ્યાત્મિક પ્રેમની ઉન્માદકારી વેદના સમજતા નથી. તેઓ તે કેવી રીતે સમજી શકે? "હે પ્રિયતમ! તારા અધરોનું એક ચુંબન મળે! તારા ચુંબનનો સ્વાદ જેને મળ્યો છે તેની તારા માટેની તૃષા સદાકાળ વધતી જાય છે, તેના સમસ્ત ક્લેશ દૂર થાય છે અને એક તારા સિવાય બીજી તમામ વસ્તુને તે ભૂલી જાય છે." પ્રિયતમના તે ચુંબન માટે, તે અધરસ્પર્શ કે જે ભક્તને પાગલ બનાવે છે, મનુષ્યને દેવ બનાવે છે, તે અધરસ્પર્શ માટે વ્યાકુળ બનો. જે ભાગ્યવંત આવું ચુંબન પામ્યો છે તેને મન સમસ્ત પ્રકૃતિ બદલાઈ જાય છે, સંસાર લુપ્ત થઈ જાય છે, સૂર્ય અને ચંદ્રો વિનષ્ટ થઈ જાય છે, અને પ્રેમના મહાસાગરમાં સમગ્ર વિશ્વ વિલીન થઈ જાય છે. પ્રેમની ઉન્માદાવસ્થાનું આ પૂર્ણ સ્વરૂપ છે.

અરે, સાચો અધ્યાત્મ પ્રેમી ત્યાં પણ અટકતો નથી; પતિ અને પત્નીનો પ્રેમ સુધ્ધાં તેને માટે એટલો ઉન્માદજનક નથી. ભક્તો નિષિદ્ધ પ્રેમનો ભાવ

અપનાવે છે, કેમ કે તે અત્યંત પ્રબળ હોય છે; તેમની નજરમાં તેની અનુચિતતા જરાય દેખાતી નથી. આ પ્રેમની પ્રકૃતિ જ એવી છે કે તેના મુક્ત સંચાર માટે જેટલા વધારે અવરોધો તેટલો તે વધુ તીવ્ર બને છે. પતિ અને પત્ની વચ્ચેનો પ્રેમ સહેલો હોય છે; તેમાં કોઈ અવરોધો હોતા નથી. એટલા માટે ભક્તો એક એવા પ્રકારનો ભાવ લે છે કે જાણે કે એક પરિણિત બાળા પોતાના પ્રેમી સાથે પ્રેમમાં છે, અને તેનાં માતાપિતા અથવા પતિ આવાં પ્રેમમાં વાંધો લે છે. તેના પ્રેમના માર્ગમાં કોઈ જેટલો વધુ અવરોધ નાંખે તેટલો તે પ્રેમ અધિક બળવાન બને છે. વૃંદાવનમાં ગોપીઓ શ્રીકૃષ્ણ ઉપર કેવો પ્રેમ રાખતી! તેની વાંસળીના સૂર સાંભળતાં જ ગોપીઓ પોતાનું બધું ભૂલીને—આ સંસાર, પોતાનાં બંધનો, પોતાનાં કર્તવ્યો, પોતાનાં સુખદુ:ખો વગેરે બધું ભૂલીને—શ્રીકૃષ્ણને મળવા માટે કેવી દોડતી હતી, તેનું વર્ણન માનવ-ભાષામાં કરી શકાશે નહીં. માનવ, અરે માનવ! તું અધ્યાત્મ પ્રેમની વાતો કરે છે અને સાથોસાથ આ સંસારના તમામ મિથ્યા વિષયો તરફ પણ ધ્યાન રાખે છે; તો ભલા બતાવ તો ખરો કે તારું અંતર વિશુદ્ધ છે? "જ્યાં રામ છે ત્યાં કામને માટે કોઈ સ્થાન નથી, જ્યાં કામ છે ત્યાં રામને માટે જગ્યા નથી; પ્રકાશ અને અંધકારની જેમ તેઓ કદી સાથે રહી શકતા નથી."

શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સાહિત્ય

શ્રી રામકૃષ્ણ કથામૃત (બે ભાગમાં) પ્રત્યેક ભાગની કિંમત રૂ. ૧૦–૦૦
શ્રી "મ" સંકલિત–શ્રી રામકૃષ્ણદેવના ઉપદેશોનો સંગ્રહ

શ્રી રામકૃષ્ણ લીલાપ્રસંગ (પાંચ ભાગમાં)
સ્વામી શારદાનંદ કૃત શ્રી રામકૃષ્ણદેવનું પ્રામાણિત જીવનચરિત્ર

ભાગ ૧.	પૂર્વ કથા અને બાલજીવન	...રૂ. ૫–૦૦
ભાગ ૨.	સાધકભાવ	...રૂ. ૧૨–૦૦
ભાગ ૩.	ગુરુભાવ (પૂર્વાર્ધ)	...રૂ. ૬–૦૦
ભાગ ૪.	ગુરુભાવ (ઉત્તરાર્ધ)	...રૂ. ૧૨–૦૦
ભાગ ૫.	દિવ્યભાવ અને નરેન્દ્રનાથ	...રૂ. ૯–૦૦

આખો સેટ ખરીદનાર માટે રૂ. ૪૦–૦૦

સ્વામી વિવેકાનંદ શતાબ્દી ગ્રંથમાળા (બાર ભાગમાં)

ભાગ ૧. શ્રી રામકૃષ્ણદેવ (જીવનચરિત્ર) દ્વિતીય સંસ્કરણ રૂ. ૧૬–૦૦
ભાગ ૨. સ્વામી વિવેકાનંદ (જીવનચરિત્ર) તૃતીય સંસ્કરણ રૂ. ૧૪–૦૦
ભાગ ૩. સ્વામી વિવેકાનંદ (ભાષણો અને લેખો)
દ્વિતીય સંસ્કરણ પાકું પૂઠું રૂ. ૧૪–૦૦
કાચું પૂઠું રૂ. ૧૨–૦૦
ભાગ ૪ થી ૧૨ સ્વામી વિવેકાનંદ (ભાષણો અને લેખો)
પ્રત્યેકના રૂ. ૧૦–૦૦

શ્રી શ્રી મા શારદાદેવી (જીવનચરિત્ર) સ્વામી ગંભીરાનંદ રૂ. ૭–૫૦
શ્રી શ્રી માતૃચરણે–શ્રી શ્રી મા શારદાદેવીના ઉપદેશોનો સંગ્રહ રૂ. ૬–૦૦

કેટલાંક વિશિષ્ટ પ્રકાશનો

કર્મયોગ	...રૂ. ૩–૦૦	કેળવણી	...રૂ. ૨–૫૦
જ્ઞાનયોગ	...રૂ. ૫–૦૦	પરમહંસનાં મોતી	...રૂ. ૧–૫૦
રાજયોગ	...રૂ. ૫–૦૦	ભગવતપ્રાપ્તિનો પથ	...રૂ. ૧–૦૦
દિવ્ય વાણી	...રૂ. ૬–૦૦	ભારતમાં સ્વામી વિવેકાનંદ	...રૂ. ૭–૦૦
અધ્યાત્મવાણી	...રૂ. ૪–૫૦	કર્મયોગ સૂત્રાવલી	...રૂ. ૦–૭૫
સરળ રાજયોગ	...રૂ. ૧–૫૦		

અમારાં અન્ય પ્રકાશનો

૧. ભારતમાં સ્વામી વિવેકાનંદ	રૂ. ૭
૨. સ્વામી વિવેકાનંદ—રાષ્ટ્રને સંબોધન	રૂ. ૦–૫૦
૩. આપણા હાથમાં ભારતનું ભાવિ	રૂ. ૩–૫૦
૪. પરમપદને પંથે	રૂ. ૩
૫. સત પ્રસંગ	રૂ. ૬–૪૦
૬. ગીતરૂપક (શ્રી રામકૃષ્ણદેવ—શ્રી શારદામણીદેવી)	રૂ. ૧
૭. ગીતરૂપક (સાધક શ્રી રામકૃષ્ણ)	રૂ. ૨
૮. સ્તોત્રમાળા અને ભજનો	રૂ. ૧–૫૦
૯. ભક્તિ રહસ્ય	રૂ. ૪
૧૦. પૂર્વ અને પશ્ચિમ—આવૃત્તિ ત્રીજી	રૂ. ૪
૧૧. મારા ગુરુદેવ—આવૃત્તિ ત્રીજી	રૂ. ૨

શ્રીરામકૃષ્ણ આશ્રમ પ્રકાશન વિભાગ

રાજકોટ ૩૬૦ ૦૦૧